RNI NO GUJ/GUJ/2006/24237

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૭ | સોમવાર તા.૨૦-૦૭-૨૦૨૬ | અંક : ૨૫ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

# ફિફા વર્લ્ડ કપમાં સ્પેન ૧૬ વર્ષે ફરી બન્યું ચેમ્પિયન

## સ્પેન દક્ષિણ અમેરિકાના આર્જેન્ટિનાને ફિફા વર્લ્ડ કપની ફાઈનલમાં ૧-૦થી હરાવીને ચેમ્પિયન બન્યું

ન્યૂ યોર્ક

રવિવારે રાત્રે ન્યૂ જર્સી સ્ટેડિયમમાં યુરોપના દેશ સ્પેને દક્ષિણ અમેરિકાના આર્જેન્ટિનાને ફિફા વર્લ્ડ કપની ફાઈનલમાં ૧-૦થી હરાવીને ૧૬ વર્ષે ફરી એક વખત ચેમ્પિયનપદ મેળવ્યું હતું. આ પહેલાં, સ્પેને ૨૦૧૦માં પહેલી વાર વર્લ્ડ કપની ટ્રોફી જીતી હતી.

ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના સામે યુરો ચેમ્પિયન સ્પેનના ખેલાડીઓએ આત્મશ્રદ્ધા, આત્મવિશ્વાસ, આક્રમકતા, સંરક્ષણ શક્તિ, ધૈર્ય અને મજબૂત મનોબળ સાથે શરૂઆતથી છેક સુધી એકધારું ટીમવર્ક બતાવ્યું હતું અને તેઓ કોઈ એક સ્ટાર ખેલાડી પર નિર્ભર નહોતા, જ્યારે આર્જેન્ટિનાએ ગોલ માટે ખાસ કરીને લિયોનેલ મેસી પર સૌથી વધુ આધાર રાખ્યો હતો અને એમાં આર્જેન્ટિના નિષ્ફળ રહેતાં છેવટે ફાઈનલ હારી ગયું અને આખી ટૂર્નામેન્ટમાં (સેમિ ફાઈનલ સુધી) જબરદસ્ત પર્ફોર્મ કરનાર આર્જેન્ટિનાએ રનર-અપની ટ્રોફી સાથે સંતોષ માનવો પડ્યો. લિયોનેલ મેસીનો આ કદાચ છેલ્લો વર્લ્ડ કપ હતો અને એમાં તેણે રડમસ ચહેરે એમાંથી વિદાય લીધી હતી.સબસ્ટિટયૂટ ખેલાડી ફેરન ટૉરેસે ૧૦૬મી મિનિટમાં ગોલ કર્યો હતો જે સ્પેન માટે ગોલ્ડન ગોલ સાબિત થયો હતો. ૨૦૧૦ના સાઉથ આફ્રિકાના વર્લ્ડ કપમાં સ્પેને ઈનિએસ્ટાના નેધરલૅન્ડ્સ સામેની



ફાઈનલમાં ૧૧૬મી મિનિટના ગોલ સાથે વર્લ્ડ કપનું ટાઈટલ મેળવ્યું હતું.

રવિવારે ૯૩મી મિનિટમાં ફર્નાન્ડેઝને બીજું યલો કાર્ડ (રેડ કાર્ડ) બતાવવામાં આવતાં આર્જેન્ટિનાની ટીમમાં ખેલાડીઓની સંખ્યા ૧૧થી ઘટીને ૧૦ થઈ ગઈ હતી. ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાનું આક્રમણ આ ફાઈનલમાં એટલું બધું નબળું હતું કે છેક ૧૧૭મી મિનિટમાં આ ટીમ તરફથી ગોલપોસ્ટ પર પહેલો ટાર્ગેટેડ શૉટ આવ્યો હતો.

મેચના મોટાભાગના સમયમાં બૉલ ૬૫% સ્પેનના કબજામાં અને ૩૫% આર્જેન્ટિનાના કબજામાં હતો.

૨૦૨૨ના ચેમ્પિયન આર્જેન્ટિનાને ૧૯૬૨ની સાલ બાદ બૅક-ટુ-બૅક વર્લ્ડ કપ ટાઈટલ જીતનાર પ્રથમ ટીમ બનવાનો મોકો હતો જે એણે ગુમાવ્યો. ૬૪ વર્ષ પહેલાં બ્રાઝિલે એ સિદ્ધિ મેળવી હતી.

### ફિફા વર્લ્ડ કપ ફાઈનલ મેચની હાઈલાઇટ્સ

★ ફાઈનલ મૅચની પહેલી ૨૦ મિનિટમાં મેસીના માત્ર બે ટચ હતા. અગાઉ વર્લ્ડ કપની મૅચમાં તેના કિસ્સામાં આવું ક્યારેય નહોતું બન્યું. ૨૦૧૦ના વિજેતા સ્પેનના ખેલાડીઓએ છેક સુધી બૉલ મેસીથી બને એટલો દૂર રાખવાની કોશિશ કરી હતી.

★ એક તરફ આર્જેન્ટિનાના ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝે ફર્સ્ટ હાફમાં બે વખત સ્પેનના સ્ટ્રાઈકરની ગોલ કરવાની કોશિશને નિષ્ફળ બનાવી હતી ત્યાં થોડી વાર પહેલાં જ આર્જેન્ટિનાનો ખેલાડી લિઝાન્ડ્રો માર્ટિનેઝ આ ફાઈનલમાં યેલો કાર્ડ મેળવનાર પ્રથમ ખેલાડી બન્યો હતો.

★ ૩૭મી મિનિટમાં મેસીને ગોલ કરવાનો હાફ ચાન્સ મળ્યો હતો. ત્યાર બાદ સ્પેનના ખેલાડીઓએ છેક સુધી તેના પર માનસિક દબાણ લાવવાની કોઈ તક જતી નહોતી કરી.

★ હાફ ટાઈમ વખતે બંને ટીમ ૦-૦ની બરાબરીમાં હતી.

★ સેકન્ડ હાફમાં આર્જેન્ટિનાના પારેડેસને યલો કાર્ડ બતાવવામાં આવ્યું હતું.

★ આર્જેન્ટિનાની ટીમ ૭૦મી મિનિટ સુધી અસ્સલ રિધમમાં નહોતી આવી. આ સમયગાળા દરમિયાન બૉલ સતતપણે ૬૦થી ૬૫ ટકા સ્પેનના કબજામાં હતો. એકંદરે, ૮૫મી મિનિટ સુધી સ્પેનના એકધારા આક્રમણ સામે આર્જેન્ટિનાનું ડિફેન્સ મજબૂત જળવાયું હતું.

★ ૨૦૧૨માં ન્યૂ યોર્કમાં આ જ મેદાન પર બ્રાઝિલ સામેની એક મૅચમાં મેસીએ હૅટ-ટ્રિક ગોલ કર્યા હતા. જોકે રવિવારે સ્પેન સામેની ફાઈનલમાં તેને એક પણ ગોલ નહોતો કરવા મળ્યો.

★ સ્પેનનો બીજા હાફમાં સરેરાશ દર પાંચ મિનિટે ગોલપોસ્ટ પર એક શૉટ હતો. જોકે આર્જેન્ટિનાના ગોલકીપર માર્ટિનેઝે દરેક શૉટમાં ગોલ થતો રોક્યો હતો.

★ મૅચની મુખ્ય ૯૦ મિનિટમાં વર્ચસ્વ જમાવનાર સ્પેનના ૧૫માંથી

★ શૉટ ટાર્ગેટેડ હતા જેમાં આર્જેન્ટિનાના ૨૦૨૨ વર્લ્ડ કપના હીરો ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝે ગોલ નહોતા થવા દીધા.

# ફેરાન ટોરેસના નિર્ણાયક ગોલે વર્લ્ડ કપ જીતવાનું મેસ્સીનું સપનું ચકનાચૂર કર્યું

## મેચમાં ૯૦ મિનિટ સુધી એકપણ ગોલ થયો નહોતો પરંતુ તે બાદના વધારાના સમયમાં ઈતિહાસ રચાયો

ન્યૂ જર્સી

રવિવારે ન્યૂ જર્સીના મેટલાઈફ સ્ટેડિયમમાં રમાયેલી ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઈનલમાં સ્પેને આર્જેન્ટિનાને ૧-૦થી હરાવીને ઈતિહાસ રચ્યો હતો. આ મેચમાં ૯૦ મિનિટ સુધી એકપણ ગોલ થયો નહોતો. પરંતુ તે બાદના વધારાના સમયમાં ઈતિહાસ રચાયો હતો. ફેરાન ટોરેસે શાનદાર ટાઈમિંગ સાથે ગોલ કર્યો હતો.

આ ગોલ માત્ર મેચનો પ્રથમ ગોલ જ નહોતો પરંતુ સ્પેનને વર્લ્ડ





ચેમ્પિયન બનાવનારો પણ સાબિત થયો હતો. જે બાદ સમગ્ર વિશ્વમાં આર્જેન્ટિનાના મેસીનું સપનું ચકનાચૂર કરનારો ફેરાન ટોરેસ કોણ છે તેની ચર્ચા શરૂ થઈ હતી.

૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ સ્પેનના ફોયોસમાં જન્મેલો ફેરાન ટોરેસ આજે સ્પેનિશ ફૂટબોલનો સૌથી મોટો સ્ટાર છે. તે ફોરવર્ડ અને વિંગર બંને પોઝિશન પર રમી શકે છે. તેની સૌથી મોટી તાકાત સ્પીડ, શાનદાર ડ્રિબ્લિંગ, બંને પગથી રમવાની ક્ષમતા અને મોટી મેચોમાં પ્રેશરને હેન્ડલ કઈ રીતે કરવું તે છે.

તે બાર્સિલોના અને સ્પેનની નેશનલ ટીમનો મહત્વનો હિસ્સો છે, પરંતુ અહીંયા સુધી પહોંચાવની સફર આસાન નહોતી.ફેરાન ટોરેસે માત્ર ૭ વર્ષની ઉંમરે વેલેન્સિયાની પ્રખ્યાત ફૂટબોલ એકેડેમી જોઈન કરી હતી. અહીંથી જ તેમના ફૂટબોલનો પાયો તૈયાર થયો.

# દિલ્હીમાં સંસદ માર્ચ માટે વિદ્યાર્થીઓ ઉમટી પડ્યા

## દિલ્હીમાં કલમ ૧૬૩ લાગુ કરાઈ, સુરક્ષાદળો એલર્ટ : અમારી કૂચને કોઈ રોકી નહીં શકે : અભિજિત દીપકે

નવી દિલ્હી

આજથી શરૂ થઈ રહેલા સંસદના મોનસૂન સત્રની સાથે જ દેશની રાજધાની દિલ્હીમાં રાજકીય અને સામાજિક ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે. નીટ પેપર લીક કૌભાંડ, પરીક્ષાઓમાં ગોટાળા અને દેશમાં સતત વધતી બેરોજગારીના વિરોધમાં 'કોકરોચ જનતા પાર્ટી' દ્વારા આજે ૨૦ જુલાઈથી 'ચલો સંસદ' માર્ચનું આહ્વાન કરવામાં આવ્યું છે. દેશભરમાંથી હજારો વિદ્યાર્થીઓ, ઉમેદવારો અને વાલીઓ રવિવાર સાંજથી જ જંતર-મંતર ખાતે ભેગા થવાનું શરૂ થઈ જતાં દિલ્હી પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ સંપૂર્ણ એલર્ટ મોડ પર આવી ગઈ છે.



સંસદ ભવન અને આસપાસના હાઈ-સિક્યોરિટી ઝોનને સુરક્ષિત કરવા માટે જંતર-મંતર, પાર્લામેન્ટ સ્ટ્રીટ, સેન્ટ્રલ વિસ્ટા અને કનોટ પ્લેસ જેવા વિસ્તારોમાં થ્રી-ટાયર સિક્યોરિટી ગ્રીડ ગોઠવી દેવામાં આવી છે. જેમાં દિલ્હી પોલીસના બે લેયર અને પેરામિલિટ્રી ફોર્સની એક લેયર ગોઠવાઈ છે. સુરક્ષાના ભાગરૂપે દિલ્હીના સેન્ટ્રલ સેક્રેટરીએટ મેટ્રો સ્ટેશનના એન્ટ્રી અને એક્ઝિટ ગેટ હાલ પૂરતા બંધ કરી દેવાયા છે.

નવી દિલ્હીના ડીસીપી સચિન શર્માએ સ્પષ્ટ કર્યું છે કે આ વિરોધ માર્ચ માટે પોલીસ પાસેથી કોઈ પરવાનગી લેવામાં આવી નથી અને ન તો કોઈ મંજૂરી અપાઈ છે. મોનસૂન સત્રને ધ્યાનમાં રાખીને નવી દિલ્હી વિસ્તારમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ (જૂની કલમ ૧૪૪) લાગુ કરી દેવામાં આવી છે. ૫ કે તેથી વધુ લોકોના એકઠા થવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે.

જો કોઈ આ આદેશનો ભંગ કરશે તો ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ હેઠળ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.જેસીપીના સ્થાપક અધ્યક્ષ અભિજીત દિપકે દાવો કર્યો છે કે આ ભારતની સૌથી મોટી માર્ચ તેઓ કાઢવા જઈ રહ્યા છે. સંસદ તરફ જતાં તેમને કોઈ રોકી શકશે નહીં.પ્રવક્તા સૌરવ દાસના જણાવ્યા મુજબ, રવિવાર સુધીમાં જ ૨૦,૦૦૦ થી વધુ લોકો જંતર-મંતર પર પહોંચી ચૂક્યા હતા. આ આંદોલનને લેખિકા અરુંધતિ રોય, અભિનેતા નસીરુદ્દીન શાહ અને રત્ના પાઠક શાહ જેવી હસ્તીઓએ પણ પોતાનું સમર્થન જાહેર કર્યું છે.વિરોધ પ્રદર્શન દરમિયાન ભૂખ હડતાળ પર બેસેલા જાણીતા સામાજિક કાર્યકર સોનમ વાંગચુકની તબિયત લથડતાં પોલીસે શનિવારે તેમને સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જોકે, હોસ્પિટલના બેડ પરથી પણ તેમણે ઉપવાસ ચાલુ રાખ્યા છે.

# મધ્યપ્રદેશમાં ફોટા પડાવી રહેલા મિત્રો ઉપર અજાણ્યું વાહન ફરી વળ્યું : પાંચ લોકોના મોત

## મહારાષ્ટ્રમાં આગળ જઈ રહેલી કારને ટ્રકે ટક્કર મારતા ચાલક સહિત પાંચના મોત

મુંબઈ

ગુજરાતના પાડોશી રાજ્યો મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં મોડી રાત્રે બે અલગ-અલગ જગ્યાએ સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતોમાં કાળનો પંજો ફરી વળ્યો છે. મધ્ય પ્રદેશના નરસિંહપુર જિલ્લામાં પિકનિકથી પરત ફરતી વખતે હાઈવે કિનારે ફોટા પડાવી રહેલા ૬ મિત્રોને એક સ્પીડમાં આવતા અજ્ઞાત ભારે વાહને કચડી નાખ્યા હતા. જ્યારે મહારાષ્ટ્રના વર્ધા જિલ્લામાં સમૃદ્ધિ એક્સપ્રેસવે પર આઈશર ટ્રકે કારને પાછળથી જોરદાર ટક્કર મારતાં કાર ટ્રક નીચે દબાઈ ગઈ હતી. આ બંને કરૂણ અકસ્માતોમાં મળીને કુલ ૧૦ લોકોના ઘટનાસ્થળે તથા હોસ્પિટલ લઈ જતી વખતે કમકમાટીભર્યા મોત નિપજ્યા છે, જ્યારે બે લોકો ગંભીર રીતે ઘવાયેલા હોવાથી સારવાર હેઠળ છે.

મધ્ય પ્રદેશના નરસિંહપુર જિલ્લામાં હાઈવે-૪૫ પર ઈન્દિરા નગર નજીક રવિવારે સાંજે આ દર્દનાક અકસ્માત સર્જાયો હતો. જબલપુરના રહેવાસી ૬ મિત્રો નરસિંહપુર-જબલપુર સરહદ પર આવેલા હાથીનાલા ઝરણાથી પિકનિક મનાવીને પરત ફરી રહ્યા હતા.પિકનિકથી પરત આવતી વખતે આ મિત્રો યાદગાર તસવીરો લેવા માટે હાઈવેના કિનારે ઉભા હતા, ત્યારે એક અજાણ્યા પૂરપાટ ઝડપે આવતા ભારે વાહને (ટ્રક/ડમ્પર) તેમને કચડી નાખ્યા હતા.

આ અકસ્માતમાં રાજેન્દ્ર પટેલ (૨૨) નું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે વીરેન્દ્ર લોધી (૨૦), રામપાલ સિંહ લોધી (૨૧), જયપાલ સિંહ લોધી (૩૦) અને નીરજ સિંહ લોધી (૨૫) નું હોસ્પિટલ લઈ જતી વખતે મોત નીપજ્યું હતું. અન્ય એક મિત્ર આકાશ સિંહ લોધી (૨૪) ગંભીર રીતે ઘાયલ થતાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અકસ્માત સર્જી વાહન ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો છે. પોલીસ સીસીટીવી ફૂટેજ ચકાસીને ફરાર ડ્રાઈવર અને વાહનની શોધખોળ કરી રહી છે.

મહારાષ્ટ્રના વર્ધા જિલ્લામાં પુલગાંવ પોલીસ સ્ટેશન હેઠળ આવતા વિરૂલ ઈન્ટરચેન્જ નજીક સમૃદ્ધિ એક્સપ્રેસવે પર અડધી રાત્રે આ ભયાનક અકસ્માત થયો હતો. મરચાં ભરીને જઈ રહેલા આઈશર ટ્રકે આગળ જઈ રહેલી કારને પાછળથી એટલી પ્રચંડ ટક્કર મારી કે કાર ટ્રકની નીચે દબાઈ ગઈ હતી. ટક્કર એટલી ભયાનક હતી કે ટ્રકમાં જોતજોતામાં આગ લાગી ગઈ હતી.

આ અકસ્માતમાં કારમાં સવાર ડ્રાઈવર સહિત તમામ ૪ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે ટક્કરના કારણે આઈશર ટ્રકના ડ્રાઈવરનું પણ ગંભીર ઈજાઓના કારણે મોત થયું હતું. આમ કુલ ૫ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ટ્રકનો ક્લીનર ગંભીર રીતે ઘાયલ થયો છે. ઘટનાને પગલે સમૃદ્ધિ એક્સપ્રેસવે પર અડધી રાતથી વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો, જેને પોલીસે પહોંચીને સામાન્ય કરાવ્યો હતો. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ગ્રામીણ હોસ્પિટલ ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# ભારત માટે જિહાદી આતંકવાદ હજુ પણ ખતરો

## ૬૭ દેશોની હાજરીમાં વોશિંગ્ટનમાં ડાબેરી ઉગ્રવાદ અને આતંકવાદ વિરુદ્ધ યોજાઈ ઉચ્ચ સ્તરીય મંત્રી બેઠક

વોશિંગ્ટન,

અમેરિકાના વોશિંગ્ટન ખાતે ડાબેરી ઉગ્રવાદ અને આતંકવાદ વિરુદ્ધ યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય મંત્રી સ્તરીય બેઠકમાં ભારતે આતંકવાદ પ્રત્યે પોતાનું કડક અને સ્પષ્ટ વલણ ફરી એકવાર વિશ્વ સમક્ષ દોહરાવ્યું છે. દુનિયાના ૬૭ દેશોની હાજરીવાળી આ મહત્વપૂર્ણ બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ અમેરિકામાં ભારતના રાજદૂત વિનય ક્વાત્રાએ કર્યું હતું. બેઠક દરમિયાન અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોના એક નિવેદન સામે ભારતે આડકતરો વિરોધ નોંધાવ્યો છે.અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પોતાના સંબોધનમાં દાવો કર્યો હતો કે, વૈશ્વિક સ્તરે હવે જિહાદી કે કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદનો ખતરો ઘણો ઓછો થઈ ગયો છે અને હવે દુનિયાએ ડાબેરી આતંકવાદ વિરુદ્ધ એક થવાની જરૂર છે.અમેરિકાના આ નિવેદન વચ્ચે ભારતીય રાજદૂત વિનય ક્વાત્રાએ વૈશ્વિક મંચ પર સ્પષ્ટ કરી દીધું કે આતંકવાદને કોઈ શ્રેણીમાં વહેંચી શકાય નહીં. ભારતે સ્પષ્ટ કર્યું કે આતંકવાદના તમામ સ્વરૂપો સામે 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અપનાવવી જ પડશે. ક્વાત્રાએ ભારતમાં નક્સલવાદ (ડાબેરી ઉગ્રવાદ) સામે લડવાના દેશના લાંબા અનુભવો શેર કર્યા હતા, સાથે જ સરહદ પારના આતંકવાદ અને અલગતાવાદી એજન્ડાને પ્રોત્સાહન આપતા સંગઠનોનો મુદ્દો જોરશોરથી ઉઠાવ્યો હતો.અમેરિકાનું આ મૂલ્યાંકન ભારતની જમીની હકીકત સાથે જરાય મેળ ખાતું નથી. ભારત માટે જિહાદી આતંકવાદ આજે પણ એટલો જ ઘાતક અને મોટો ખતરોછે જેટલો એક દાયકા પહેલા હતો, જેનો સૌથી તાજો અને મોટો પુરાવો ૨૦૨૫ માં થયેલો પહેલગામ આતંકવાદી હુમલો છે. આ બેઠક માટે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરને આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ તેઓ પ્રવાસે હોવાને કારણે રાજદૂત વિનય ક્વાત્રાએ હાજરી આપી હતી.

# ભારત આવતા અઠવાડિયે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન અને આસિયાન બેઠકોમાં ભાગ લેશે

નવીદિલ્હી,

આવતા અઠવાડિયે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન અને આસિયાન વિદેશ મંત્રીઓની બેઠકોમાં ભાગ લેતી વખતે ભારતની પ્રાથમિકતાઓમાં આતંકવાદ અને ઉગ્રવાદનો સામનો કરવો, દરિયાઈ સુરક્ષાને મજબૂત કરવી, મજબૂત સપ્લાય ચેઈન બનાવવી અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સ્થિરતાને પ્રોત્સાહન આપવું શામેલ હશે.

બિશ્કેકમાં એસસીઓ વિદેશ પ્રધાનોની બેઠક ઓગસ્ટના અંતમાં અથવા સપ્ટેમ્બરની શરૂઆતમાં સંગઠનના શિખર સંમેલન માટે મંચ તૈયાર કરશે. આ બાબતથી પરિચિત નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ભારત ફરી એકવાર યુરેશિયન ક્ષેત્રમાં સરહદ પાર આતંકવાદનો સામનો કરવા માટે એક મજબૂત જીર્ઝ મિકેનિઝમની હિમાયત કરે તેવી અપેક્ષા છે.

ફિલિપાઈન્સ ૧૯ થી ૨૪ જુલાઈ દરમિયાન આસિયાન વિદેશ પ્રધાનોની બેઠક, મંત્રીપદ પછીના પરિષદો અને દક્ષિણપૂર્વ એશિયામાં મિત્રતા અને સહકાર સંધિની ૫૦મી વર્ષગાંઠની યાદમાં કાર્યક્રમોનું આયોજન કરશે.

# ખડગે અને રાહુલ ગાંધીએ પીએમ મોદીને પત્ર લખીને રામ મંદિરના પ્રસાદ ચોરીના કેસની તપાસની માંગણી કરી

લખનૌ,

અયોધ્યા રામ મંદિરના પ્રસાદ ચોરીનો મામલો દેશભરમાં ચર્ચાનો વિષય રહ્યો છે. હવે, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આ બાબતે પીએમ મોદીને પત્ર લખ્યો છે.

પીએમ મોદીને લખેલા સંયુક્ત પત્રમાં, મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, "અમે તમને ટ્રસ્ટના નાણાકીય બાબતોની તાત્કાલિક સ્વતંત્ર અને વ્યાપક તપાસનો આદેશ આપવા વિનંતી કરીએ છીએ, જેમાં રોકડ, સોનું અને ચાંદી સહિત તમામ પ્રસાદના સંચાલનનો સમાવેશ થાય છે. તપાસના પરિણામો અને ટ્રસ્ટના હિસાબો જાહેર કરવા જોઈએ જેથી દરેક ભક્ત જાણી શકે કે તેમના પ્રસાદનો ઉપયોગ કેવી રીતે થયો છે."

ખડગે અને રાહુલ ગાંધીએ એક અલગ પત્રમાં માંગ કરી હતી કે પીએમ મોદી શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં કથિત નાણાકીય ગેરરીતિઓ અને રામ મંદિરમાંથી પ્રસાદની ચોરીની કથિત ચોરીની તાત્કાલિક સ્વતંત્ર અને વ્યાપક તપાસનો આદેશ આપે.

કોંગ્રેસના બંને નેતાઓએ માંગ કરી હતી કે ટ્રસ્ટના નાણાકીય બાબતો, ભક્તો પાસેથી મળેલા રોકડ, સોનું અને ચાંદી સહિત તમામ પ્રસાદના સંચાલનની તપાસ કરવામાં આવે અને તપાસ અહેવાલ અને ટ્રસ્ટના હિસાબો જાહેર કરવામાં આવે.

સંયુક્ત પત્રમાં જણાવાયું છે કે રામ મંદિરમાં પ્રસાદની ચોરીના આરોપોથી લાખો ભક્તો જેમણે પોતાની મહેનતથી કમાયેલા પૈસા મંદિર માટે દાન કર્યા છે તેઓ છેતરાયા હોવાનો અનુભવ કરી રહ્યા છે.

# રાજ્યના ૧૧૧ તાલુકાઓમાં મેઘમહેર

## નવસારીમાં સૌથી વધુ પોણા છ ઈંચ વરસાદ પડ્યો : આજે પણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડવાની આગાહી

અમદાવાદ,

રાજ્યમાં ચોમાસાનો બીજો રાઉન્ડ શરૂ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૧૧ તાલુકામાં મેઘમહેર થઈ છે. દક્ષિણ ગુજરાતમાં ફરી મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના આંકડા પ્રમાણે, આજે સવારે ૬ કલાકે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૧૧૧ તાલુકામાં વરસાદ ખાબક્યો હતો. એક તાલુકામાં ૫ ઈંચથી વધારે, એક તાલુકામાં ૪ ઈંચથી વધારે, બે તાલુકામાં ૩ ઈંચથી વધારે, બે તાલુકામાં ૨ ઈંચથી વધારે, ૧૩ તાલુકામાં ૧ ઈંચથી વધારે અને ૯૧ તાલુકામાં એક ઈંચ સુધી વરસાદ વરસ્યો હતો. દક્ષિણ ગુજરાતના નવસારીના જલાલપોરમાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો. અહીં ૨૪ કલાકમાં ૫.૭૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

નવસારીમાં ૪.૮૦ ઈંચ, પારડીમાં ૩.૮૨ ઈંચ, પલસાણામાં ૩.૦૭ ઈંચ, ચીખલીમાં ૨.૪૮ ઈંચ, મહુવામાં ૨.૧૭ ઈંચ, નાનાપોંઢામાં ૧.૯૭ ઈંચ, કપરાડામાં ૧.૮૫ ઈંચ, સુરત શહેરમાં ૧.૭૩ ઈંચ, બારડોલીમાં ૧.૭૩ ઈંચ, ગણદેવીમાં ૧.૬૫ ઈંચ, ઉમરપાડામાં ૧.૫૪ ઈંચ, વાલોડમાં ૧.૫૦ ઈંચ, ઉમરગાવમાં ૧.૪૨ ઈંચ, વાપીમાં ૧.૩૮ ઈંચ, સિનોરમાં ૧.૧૪ ઈંચ, વ્યારામાં ૧.૧૦ ઈંચ, કામરેજમાં ૧.૦૬ ઈંચ, કાલાલમાં ૧.૦૬ ઈંચ, અંબિકામાં ૧.૦૨ ઈંચ, ધરમપુરમાં ૦.૯૮ ઈંચ, ખેરગામમાં ૦.૯૮ ઈંચ, ડોલવણમાં ૦.૯૮ ઈંચ, વલસાડમાં ૦.૯૮ ઈંચ, ચીખદામાં ૦.૯૪ ઈંચ, સાગબારામાં ૦.૯૧ ઈંચ, સોનગઢમાં ૦.૭૫ ઈંચ, માંગરોળમાં ૦.૭૧ ઈંચ, લીબડીમાં ૦.૭૧ ઈંચ, ઓલપાડમાં ૦.૬૭ ઈંચ, મેંદરડામાં ૦.૬૭ ઈંચ વરસાદ વરસ્યો હતો.હવામાન વિભાગ પ્રમાણે,આજે વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા,સુરત, તાપી, નવસારી, ડાંગ, દમણ, વલસાડ, દાદરા અને નગર હવેલીના કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જ્યારે કચ્છ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, દીવ, જામનગર, રાજકોટ, અમરેલી, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, આણંદ, ખેડા, અમદાવાદ, ગાંધીનગર, પંચમહાલ, દાહોદ, મહીસાગર, અરવલ્લી, સારબકાંઠા, મહેસાણા, પાણટ, બનાસકાંઠા, વાવ થરાદમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

રાજ્યના જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી પ્રમાણે, ૨૧ જુલાઈની આસપાસ બંગાળના ઉપસાગરમાં નવી વરસાદી સિસ્ટમ સક્રિય થઈ શકે છે. તેના પ્રભાવથી ૨૧થી ૨૫ જુલાઈ દરમિયાન ગુજરાતના અનેક વિસ્તારોમાં સારો વરસાદ થવાની શક્યતા છે. તેમના અનુમાન મુજબ, મધ્ય ગુજરાતના અમદાવાદ, વડોદરા અને મહિસાગરમાં ભારે વરસાદ પડી શકે છે. ઉત્તર ગુજરાતના મહેસાણા અને પાટણમાં સારા વરસાદની શક્યતા છે. સાબરકાંઠા અને અરવલ્લીમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. ૨૬થી ૩૦ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની સંભાવના છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ વરસાદનું જોર વધશે, જેમાં કચ્છ, પોરબંદર અને દ્વારકામાં સારો વરસાદ પડી શકે છે, જ્યારે જામનગરમાં હળવાથી ભારે વરસાદની શક્યતા છે.

# અમદાવાદના બોપલ-ઘુમા વિસ્તારમાં રાત્રીના દીપડો દેખાતા લોકોમાં ફફડાટ

## ઘુમાના વીઆઈપી રોડ પર આવેલી સોસાયટી બહાર દીપડો દેખાતા વનવિભાગને જાણ કરાઈ

અમદાવાદ,

અમદાવાદના બોપલ-ઘુમા જેવા પોશ રહેણાંક વિસ્તારમાં અચાનક દીપડો ઘૂસી આવતા સ્થાનિક લોકોમાં ભારે દહેશત અને ભયનો માહોલ વ્યાપી ગયો છે. ઘુમા વીઆઈપી રોડ પર આવેલી શરણદીપ સોસાયટીમાં દીપડાની એન્ટ્રીથી આ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.મળતી માહિતી મુજબ, રવિવાર (૧૯મી જુલાઈ)ની મોડી રીત્રેએ રસ્તા પરથી પસાર થઈ રહેલા બે લોકોની નજર અચાનક એક દીપડા પર પડી હતી. સોસાયટી નજીક વન્યજીવને જોતા જ બંને લોકો ડઘાઈ ગયા હતા અને તેમણે તાત્કાલિક પોતાના પરિવારજનો તેમજ સોસાયટીના અન્ય રહીશોને આ અંગે સાવચેત કર્યા હતા.

રહીશોએ સાવચેતીના ભાગરૂપે સોસાયટીના સીસીટીવી ફૂટેજ તપાસતા તેમાં દીપડાની હિલચાલ સ્પષ્ટપણે જોવા મળી હતી. રહેણાંક વિસ્તારની અંદર જ દીપડો ફરી રહ્યો હોવાનું સામે આવતા જ સોસાયટીના સભ્યોએ બિલકુલ વિલંબ કર્યા વગર વનવિભાગને આ બાબતની જાણ કરી હતી.ઘટનાની જાણ થતાં જ વનવિભાગનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. વનવિભાગના અધિકારીઓ હાલ સીસીટીવી ફૂટેજ તેમજ દીપડાના પગના નિશાન આધારે તે કઈ દિશામાં ગયો છે તેનું બારીકાઈથી વિશ્લેષણ કરી રહ્યા છે. દીપડો આગળ જઈને કોઈ અન્ય રહેણાંક વિસ્તારમાં પ્રવેશે નહીં કે કોઈ નાગરિક પર હુમલો ન કરે તે માટે આજુબાજુના તમામ વિસ્તારોમાં વનવિભાગ દ્વારા સઘન શોધખોળ ઝુંબેશ અને પાંજરું મૂકવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની આવક વધતા જળસપાટી ૧૨૭.૫૦ મીટરે પહોંચી

## ઉપરવાસમાંથી સતત પાણીની આવક થતાં નર્મદા ડેમની જળસપાટીમાં થયો વધારો

અમદાવાદ,

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં ઉપરવાસમાંથી સતત પાણીની આવક થતાં ડેમની જળસપાટીમાં વધારો નોંધાયો છે. હાલ ડેમમાં ૧૬,૩૩૫ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, જેના કારણે ડેમની જળસપાટી વધીને ૧૨૭.૫૦ મીટર પર પહોંચી છે. રાજ્યના ખેડૂતો, પીવાના પાણીની યોજનાઓ તેમજ વીજ ઉત્પાદન માટે આ સ્થિતિ લાભદાયી માનવામાં આવી રહી છે.

પાણીની આવકમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને નર્મદા ડેમના કેનાલ હેડ પાવર હાઉસ (CHPH)ના તમામ પાવર હાઉસ કાર્યરત કરવામાં આવ્યા છે. ડેમમાં ઉપલબ્ધ જળસંગ્રહના આધારે વીજ ઉત્પાદનની કામગીરી પણ નિયમિત રીતે ચાલી રહી છે.

સરદાર સરોવર નર્મદા ડેમની મહત્તમ જળસપાટી ૧૩૮.૬૮ મીટર છે. આગામી દિવસોમાં ઉપરવાસમાંથી પાણીની આવક ચાલુ રહે તો ડેમની સપાટીમાં વધુ વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજ્યના ખેડૂતો, પીવાના પાણીની યોજનાઓ તેમજ વીજ ઉત્પાદન માટે આ સ્થિતિ લાભદાયી માનવામાં આવી રહી છે.

# અમદાવાદના રામોલ ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ, ગેરકાયદે એકમ સીલ

## ઘટનામાં મુખ્ય આરોપી ફેક્ટરીના માલિક મેહુલ ડોડિયા અને તેની માતા તેમજ પાર્ટનર સાદીક સૈયદની ધરપકડ કરવામાં આવી

અમદાવાદ,

શનિવારે અમદાવાદના રામોલ વિસ્તારમાં આવેલી એક ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટ બાદ આગની ઘટનામાં ૯ લોકોના મોત નીપજ્યા છે. ફટાકડા ફેક્ટરીમાં અચાનક થયેલ બ્લાસ્ટના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં વિસ્ફોટની તીવ્રતા એટલી તીવ્ર હતી કે આસપાસની ઓફિસો અને કેમેરાના કાચ પણ તૂટી ગયા હતા. આ હૃદયદ્રાવક ઘટના બાદ જાગેલા તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં ગેરકાયદેસર ચાલતા એકમોને સીલ કરી ફટાકડાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ઘટનામાં મુખ્ય આરોપી ફેક્ટરીના માલિક મેહુલ ડોડિયા અને તેની માતા તેમજ પાર્ટનર સાદીક સૈયદની ધરપકડ કરવામાં આવી છે.

અમદાવાદના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટની ઘટના બાદ પત્રકાર પરિષદ કરી હતી. પોલીસ કમિશનરે જણાવ્યું કે, ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટ બાદ પોલીસે મુખ્ય આરોપી ફેક્ટરીના માલિક મેહુલ ડોડિયા અને તેની માતા તેમજ પાર્ટનર સાદીક સૈયદની ધરપકડ કરી છે. આ બન્ને લોકો પણ બ્લાસ્ટ થયો તે દરમિયાન ઘટનાસ્થળે હાજર હતા અને તેમને પણ ઈજા પહોંચી હતી. લાઈસન્સ ના હોવાથી માર્ચમાં આ ફેક્ટરીને બંધ કરાવવામાં આવી હતી. લાઈસન્સ રિન્યુ ના હોય તેવા ૧૨ એકમોને પણ બંધ કરાવવામાં આવ્યા હતા. લાઈસન્સ રિન્યુ વગર જ ફટાકડાની ફેક્ટરી ચાલતી હતી.

આ ઘટના મામલે રામોલ પાસે આવેલી ફેક્ટરીમાં જ્યારે બ્લાસ્ટ થયો તે સમયના દ્રશ્યો નજીકની કંપનીના સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેના કારણે નજીકની ઓફિસોના કાચ તૂટી ગયા હતા અને સીસીટીવી કેમેરાના કાચને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું.

દુર્ઘટનામાં ૯ લોકોના મોત બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC), પોલીસ અને ફાયર વિભાગની સંયુક્ત ટીમ એક્શન મોડમાં આવી ગઈ છે. રામોલ અને વસ્ત્રાલ વિસ્તારમાં ખુલ્લા ખેતરમાં ગેરકાયદેસર રીતે ધમધમતા ૨ ફટાકડાના એકમોને તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી બંધ કરાવી દેવામાં આવ્યા છે.

# અમદાવાદમાં ફાયરવિભાગ નિયમ ભંગ બદલ દ્વારા ચાર એકમો સીલ કરાયા

## તમામ ઝોનમાં ૧૪૭ એકમોની તપાસ કર્યા બાદ ૩૦ એકમોને નોટિસ ફટકારી

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં દર વખતે કોઈ મોટી હોનારત થાય અને નિર્દોષ નાગરિકો જીવ ગુમાવે, ત્યાર પછી જ તંત્ર ઊંઘમાંથી જાગે છે તેવો જ ઘાટ ફરી એકવાર જોવા મળ્યો છે. રામોલ-વસ્ત્રાલ ગત્રાડ રોડ પર આવેલી ફટાકડા ફેક્ટરીમાં થયેલા ભીષણ વિસ્ફોટ બાદ જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું ફાયર વિભાગ સફાળું જાગ્યું છે. લોકરોષથી બચવા માટે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ વિભાગ દ્વારા ૧૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ શહેરના તમામ ૭ ઝોનમાં દોડધામ કરીને ૧૪૭ સ્થળોએ સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં નિયમોનું ઉલ્લંઘન કરતા ૩૦ એકમોને નોટિસ અને ૪ એકમોને સીલ કરવામાં આવ્યા છે.બીજી તરફ, તપાસમાં સામે આવ્યું છે કે આ જીવલેણ વિસ્ફોટ જે જગ્યા પર થયો હતો તે ફેક્ટરી ભાડાની જમીન પર ગેરકાયદેસર રીતે ધમધમી રહી હતી, જેથી આ હોનારત બાદ આબરૂ બચાવવા માટે જગ્યાના મૂળ માલિક દ્વારા તાબડતોબ બુલડોઝર ફેરવીને ગેરકાયદેસર માળખાને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું છે. તંત્ર દ્વારા આ આકરી ઝુંબેશ આવતીકાલથી પણ ચાલુ રાખવામાં આવશે.

# ગુજરાતમાં અદાણી CNGના ભાવમાં પ્રતિ કિલો ૨નો વધારો ઝીંકાયો

અમદાવાદ,

સમગ્ર ગુજરાતમાં અદાણી સીએનજી ગેસમાં સીએનજીએ પ્રતિ કિલો ?૨નો વધારો ઝીંક્યો છે, જેના પગલે સીએનજીનો નવો ભાવ ?૯૦ પ્રતિ કિલો થયો છે. આ ભાવવધારો ખાસ કરીને મધ્યમ વર્ગ અને રિક્ષાચાલકો માટે નોંધપાત્ર આર્થિક બોજ વધારશે. છેલ્લા સાત મહિનામાં અદાણી સીએનજીના ભાવમાં કુલ ?૧૦નો વધારો થઈ ચૂક્યો છે, જે ઈંધણ ખર્ચમાં સતત વૃદ્ધિ દર્શાવે છે.

આ ભાવવધારાની સૌથી વધુ અસર રિક્ષાચાલકો પર પડશે. રિક્ષાચાલકો પોતાની રોજિંદી કમાણી માટે સીએનજી પર નિર્ભર હોય છે, પરંતુ ઈંધણના ભાવ વધે તેમ તેઓ પોતાના ભાડામાં વધારો કરી શકતા નથી. પરિણામે, તેમના નફાનું માર્જિન ઘટે છે અને તેમની આર્થિક સ્થિતિ કફોડી બને છે. આ ઉપરાંત, ખાનગી કાર માલિકો અને ટેક્સી ચાલકોને પણ માસિક ખર્ચમાં વધારો થવાનો સીધો અનુભવ થશે.

સીએનજીને સસ્તા અને પ્રદૂષણમુક્ત ઈંધણ તરીકે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. સસ્તું ઈંધણ અને સારું ઈંધણ તરીકે તેની છબી હતી, જેના કારણે મોટી સંખ્યામાં લોકોએ પેટ્રોલ-ડીઝલથી સીએનજી વાહનો તરફ સ્થળાંતર કર્યું હતું. સારી એવરેજ અને ઓછા ખર્ચના આકર્ષણને કારણે સીએનજી વાહનોની લોકપ્રિયતા વધી હતી. જોકે, છેલ્લા કેટલાક સમયથી સીએનજીના ભાવમાં સતત અને ઉત્તરોત્તર વધારો જોવા મળી રહ્યો છે, જેના કારણે તેની સસ્તી ઈંધણ તરીકેની ઓળખ ભુંસાઈ રહી છે.

વર્તમાન ભાવવધારા બાદ સીએનજીનો ભાવ ?૯૦ પ્રતિ કિલો પહોંચ્યો છે, જ્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવ ?૯૫ થી ?૯૭ અને કેટલાક વિસ્તારોમાં ?૧૦૦ની આસપાસ ચાલી રહ્યા છે. આનો અર્થ એ થયો કે સીએનજીના ભાવ હવે પરંપરાગત ઈંધણના ભાવની ખૂબ નજીક આવી ગયા છે, જેના કારણે સીએનજી વાપરવાનો મુખ્ય ફાયદો ઓછો થઈ રહ્યો છે.

મહત્વની વાત એ છે કે આ ભાવવધારો મુખ્યત્વે અદાણી સીએનજી દ્વારા કરવામાં આવ્યો છે. ગુજરાતમાં અન્ય સીએનજી પ્રદાતાઓ, જેમ કે ગુજરાત ગેસ અને સાબરમતી ગેસ, તેમના ભાવ હજુ પણ અદાણી સીએનજી કરતા ઓછા છે. અમદાવાદ જિલ્લામાં ગુજરાત ગેસ અને સાબરમતી ગેસના પંપ પર સીએનજીનો ભાવ આશરે ?૮૪ થી ૮૫ પ્રતિ કિલો ચાલી રહ્યો છે.

# ગાંધીધામમાં નેપાળની યુવતીના શંકાસ્પદ મોત મામલે વિધર્મી પતિની ધરપકડ

ગાંધીધામ,

કચ્છ જિલ્લાના ગાંધીધામમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં મૂળ નેપાળની વતની એવી એક યુવતીને ગાંધીધામના જ એક વિધર્મી યુવકે પોતાના પ્રેમની જાળમાં ફસાવી હતી. ત્યારબાદ પ્રેમલગ્ન કરીને આ માસૂમ નેપાળી દીકરીને પત્ની તરીકે સાથે રાખ્યા બાદ, ઘાતકી પતિએ તેણીની નિર્મમ હત્યા કરી નાખી હોવાની ઘટના પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

આ ઘટનામાં ભોગ બનનાર નેપાળી યુવતી લગ્ન બાદ તેના વિધર્મી પતિ સાથે ગાંધીધામમાં જ રહેતી હતી. જોકે, લગ્નના થોડા જ સમય બાદ પતિનો અસલી ચહેરો સામે આવ્યો હતો. આરોપી પતિ પત્ની પર લાંબા સમયથી અમાનુષી શારીરિક અને માનસિક અત્યાચાર ગુજારી રહ્યો હતો. ઘરગથ્થુ હિંસા અને સતત ટોર્ચરનો ભોગ બનેલી આ પરપ્રાંતીય યુવતીનો અંતે પતિએ જ ક્રૂરતાપૂર્વક જીવ લઈ લીધો હતો.

આ ચકચારી હત્યાકાંડની જાણ થતાં જ ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ મથકનો ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે. હત્યાના આ ગંભીર કેસમાં ત્વરિત એક્શન લેતા એ-ડિવિઝન પોલીસે આરોપી વિધર્મી પતિની સત્તાવાર અટકાયત (ધરપકડ) કરી લીધી છે. પોલીસે હત્યા અને લવ જેહાદના એન્ગલ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને આ ગુનામાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં સઘન તપાસ હાથ ધરી છે.

# ખેડૂતોને સબસિડી, વિદ્યાર્થીઓને સંશોધન માટે જીવંત પ્રયોગશાળા બન્યાં ઉદ્યાનો

ગાંધીનગર,

ગુજરાતમાં આયુર્વેદિક પરંપરા અને નાગરિકોમાં સ્વસ્થ જીવનશૈલીને પોષવા ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રાજ્યના સાત સરકારી ઔષધીય ઉદ્યાનોમાંથી ૨.૭૫ લાખથી વધુ ઔષધીય રોપાનું વિનામૂલ્યે વિતરણ કર્યું છે. બોર્ડ વ્યક્તિગત ઉપયોગ માટે ૧૦, શાળા-સંસ્થાઓને ૫૦ અને ખેડૂતો તથા જાહેર જમીન માટે ૫૦૦ સુધીના રોપા મફતમાં આપે છે. ગાંધીનગર ઉદ્યાનમાંથી ચંદનના રોપા માત્ર રૂ. ૨૦ના સબસિડાઈઝ્ડ દરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાના નેતૃત્વમાં કાર્યરત આ ઉદ્યાનો માત્ર રોપા ઉછેરના કેન્દ્રો જ નહીં, પરંતુ આયુર્વેદિક જ્ઞાનના કેન્દ્રો તરીકે પણ વિકસ્યાં છે. દર વર્ષે આશરે ૨૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ, સંશોધકો અને આયુર્વેદના અભ્યાસીઓ અહીં મુલાકાત લઈ ઔષધીય વનસ્પતિઓનો પ્રત્યક્ષ અભ્યાસ કરે છે.

૨૦૦૨માં 'ન નફો, ન નુકસાન'ના ધોરણે સ્થાપિત ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડનો મુખ્ય હેતુ આયુર્વેદિક ફાર્મસીઓ અને પરંપરાગત ઉપચાર પદ્ધતિ માટે ગુણવત્તાયુક્ત ઔષધીય વનસ્પતિ ઉપલબ્ધ કરાવવાનો છે. બોર્ડ ઘરેલુ ઉપચાર અંગે જાગૃતિ ફેલાવવાની સાથે ખેડૂતોને ઔષધીય પાકોની વ્યાપારી ખેતી માટે સબસિડી પણ આપે છે.

બોર્ડ દ્વારા બજારની માંગને ધ્યાનમાં રાખીને વધુ નફાકારક ઔષધીય પાકોની ઓળખ, જંગલોમાં ઔષધીય વનસ્પતિનો વિસ્તાર, એનજીઓના સહયોગથી હરિયાળી અભિયાન અને યુનિવર્સિટીઓ સાથે સંશોધન જેવા કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવે છે.

હાલમાં બોર્ડના સાત સરકારી ઉદ્યાનો ગાંધીનગર, વાંસદા (રૂપવેલ), ભુજ (નાની રેલડી), રાજપીપળા (જીતનગર), ઝાલોદ (વરોડ), પાલનપુર (વશી-દાંતા) અને આહવા-સાપુતારામાં કાર્યરત છે. અહીં તુલસી, ગળો, અરડૂસી, શતાવરી, અશ્વગંધા, બ્રાહ્મી, લીંડી પીપર અને હરડે સહિતની વિવિધ ઔષધીય વનસ્પતિઓનો ઉછેર કરવામાં આવે છે અને તેનું સંશોધન તથા વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

# દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં ખોરાક મળી રહે તે માટે સુરતના જંગલોમાં ૫૦ ચિત્તલ છોડવામાં આવ્યાં

## વન વિસ્તારોમાં તૃણાહારી પ્રાણીઓની વસ્તી વધારીને પર્યાવરણીય સંતુલન પુનઃસ્થાપિત કરવા પ્રયાસ

સુરત,

દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં તેનો કુદરતી ખોરાક મળી રહે અને માણસો અને વન્યજીવન વચ્ચેનું ઘર્ષણ ઘટે તે ઉદ્દેશ્યથી સુરત વન વિભાગ દ્વારા તાજેતરમાં માંડવીનાં જંગલમાં તૃણાહારી પ્રાણીઓને છોડવામાં આવ્યાં છે.

ગુજરાત વન વિભાગ દ્વારા તાજેતરમાં સાસણ ગીરથી ૫૦ ચિત્તલ (સ્પોટેડ ડીયર) લાવીને સુરત જિલ્લાના માંડવીનાં જંગલોમાં છોડવામાં આવ્યા છે. આ પહેલનો હેતુ એ છે કે, દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં કુદરતી શિકાર મળી રહે અને એ રીતે માનવ-વન્યજીવ વચ્ચેનું ઘર્ષણ ઓછુ કરી શકાય.

વન વિભાગનાં અધિકારીઓએ જણાવ્યું કે, ચાલુ વર્ષનાં મે અને જૂન મહિનાની વચ્ચે ત્રણ તબક્કામાં ચિત્તલને સાસણથી લાવી માંડવીનાં જંગલોમાં છોડવામાં આવ્યાં. વન વિભાગ દ્વારા ૨૩ મેના રોજ ૨૧ ચિત્તલ, ત્યારબાદ ૧૮ જૂને ૧૬ અને ૨૪ જૂને અન્ય ૧૩ ચિત્તલને જંગલમાં છોડવામાં આવ્યાં. આમ કુલ, ૫૦ ચિત્તલને જંગલમાં છોડવામાં આવ્યાં.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશાં એ વાત પર ભાર મૂક્યો છે કે વન્યજીવ સંરક્ષણ અને વિકાસ બંને સાથે-સાથે ચાલી શકે છે, અને મનુષ્યો તેમજ વન્યજીવો બંને એકસાથે સમૃદ્ધ થવા જોઈએ. આ વિઝનથી પ્રેરિત થઈને, ગુજરાત સરકાર જૈવવિવિધતાના રક્ષણ સાથે માનવ-વન્યજીવના સહ-અસ્તિત્વને પ્રોત્સાહન આપવા માટે વિજ્ઞાન આધારિત વન સંરક્ષણ પહેલો અમલમાં મૂકી રહી છે.

ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, "મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, ગુજરાત વન વિભાગ માનવ-વન્યજીવ સંઘર્ષ ઘટાડવા માટે વિજ્ઞાન આધારિત વન્યજીવ સંરક્ષણ માટે પગલાં લઈ રહ્યું છે. જંગલમાં વન્યપ્રાણીઓ જેવા કે દીપડા માટે કુદરતી શિકાર મળી રહે તે માટે આ પ્રયાસ થઈ રહ્યા છે. વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઈઓ હેઠળ હાથ ધરવામાં આવેલું આ સ્થાનાંતરણ, યોગ્ય વન વિસ્તારોમાં તૃણાહારી પ્રાણીઓની વસ્તી વધારીને પર્યાવરણીય સંતુલન પુનઃસ્થાપિત કરવાના રાજ્યના લાંબા ગાળાના પ્રયાસોનો એક ભાગ છે."

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીએ જણાવ્યું કે, "શિકારી પ્રાણીઓને જંગલમાં જ તેમનો ખોરાક મળી રહે તે જરૂરી છે. જેનાથી ખોરાકની શોધમાં તેઓ માનવ વસવાટવાળા વિસ્તારો તરફ આવતા ઘટે. તૃણાહારી પ્રાણીઓને જંગલમાં છોડવાનો પ્રયાસ એ માનવ-વન્યજીવ સંઘર્ષની ઘટનાઓને ઘટાડવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે."

# કિચનવેર, ક્રોકરી અને હોમ એપ્લાયન્સિસ ઉદ્યોગના ટ્રેડ પ્રદર્શનમાં દેશભરમાંથી ૧૦૦થી વધુ સ્ટોલધારકો જોડાયા

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે 'વાઈબ્રન્ટ ઈન્ડિયા સ્ટેનલેસ સ્ટીલ એક્ઝિબિશન-૨૦૨૬'ની મુલાકાત લીધી



અમદાવાદ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે આયોજિત 'વાઈબ્રન્ટ ઈન્ડિયા સ્ટેનલેસ સ્ટીલ એ ક્ઝિબિશન-૨૦૨૬'ની મુલાકાત લીધી હતી.

શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રદર્શનના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈને દેશભરમાંથી આવેલા પ્રદર્શકો, ઉત્પાદકો અને ઉદ્યોગસાહસિકો પાસેથી તેમના ઉત્પાદનો વિશેની જાણકારી મેળવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ ભ૨ભ ટ્રેડ એક્ઝિબિશનમાં દેશનાં વિવિધ રાજ્યોમાંથી કિચનવેર, ક્રોકરી અને હોમ એપ્લાયન્સિસ ઉદ્યોગના આશરે ૧૦૦થી પણ વધારે અગ્રણી ઉત્પાદકો જોડાયા છે.

મુખ્યમંત્રીશ્રીએ પ્રદર્શનમાં રજૂ કરાયેલી નવીન પ્રોડક્ટ્સ અને હોમ એપ્લાયન્સિસ ક્ષેત્રે થઈ રહેલાં આધુનિક સંશોધનોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું તેમજ વૈશ્વિક પ્રવાહોથી અવગત થયા હતા.

આ પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ ભારતના સ્ટેનલેસ સ્ટીલ ઉદ્યોગને મજબૂત, સ્માર્ટ અને આત્મનિર્ભર બનાવી એક વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવાનો છે. જેમાં ઈનોવેશન, ગ્રીન સ્ટીલ ટેકનોલોજી, સ્જીસ્ઈને સમર્થન, નિકાસમાં વૃદ્ધિ અને રોજગાર સર્જન જેવાં મુખ્ય ક્ષેત્રો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, તા. ૨૦ જુલાઈ સુધી યોજાનારા આ ચાર દિવસીય પ્રદર્શનમાં દેશ-વિદેશની ૫૦૦થી વધુ પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સનાં ઉત્પાદનો પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. જેના પરિણામે દેશભરના ટ્રેડ વિઝિટર્સ દ્વારા મોટા પાયે બલ્ક ઓર્ડર અને બિઝનેસ નેટવર્કિંગની તકો સર્જાઈ છે.

# રાજકોટ જિલ્લાના સુપેડીને "મોડેલ સોલાર વિલેજ" તરીકે વિકસાવવા તૈયાર કરાયેલ ડીપીઆરને સર્વાનુમતે મંજૂરી

## ૧૯ જાહેર સંસ્થાઓ પર ૧૫૧.૨ કિલોવોટ ક્ષમતાના ગ્રીડ-કનેક્ટેડ રૂફટોપ સોલાર પ્લાન્ટ સ્થાપિત કરાશે

રાજકોટઃ ભારત સરકારના નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (MNRE) દ્વારા અમલમાં મૂકવામાં આવેલી "પ્રધાનમંત્રી સૂર્ય ઘરઃ મફત વીજળી યોજના" અંતર્ગત રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના સુપેડી ગામને "મોડેલ સોલાર વિલેજ" તરીકે વિકસાવવામાં આવશે.

આ પ્રોજેક્ટ માટે તૈયાર કરવામાં આવેલા ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટને આજે જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને યોજાયેલી જિલ્લા સ્તરીય સમિતિની બેઠકમાં સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

બેઠક દરમિયાન રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી જતીન બી. ઉપાધ્યાય દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આ DPR પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા મોડેલ સોલાર વિલેજ અમલીકરણ એજન્સી તરીકે તૈયાર કરવામાં આવ્યો છે. જિલ્લા સ્તરીય સમિતિની મંજૂરી બાદ હવે આ રિપોર્ટને ભારત સરકારના નવી અને નવીનીકરણ ઊર્જા મંત્રાલય સમક્ષ અંતિમ મંજૂરી તથા કેન્દ્રીય નાણાકીય સહાય મેળવવા માટે મોકલવામાં આવશે.

**પ્રસ્તાવિત યોજના અમલમાં આવ્યા બાદ સુપેડી ગામને શું ફાયદો થશે?**

-ગ્રામ પંચાયત, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, શાળાઓ, આંગણવાડી કેન્દ્રો, સમુદાય ભવન અને પાણી પુરવઠાસહિત કુલ ૧૯ જાહેર સંસ્થાઓ પર ૧૫૧.૨ કિલોવોટ ક્ષમતાના ગ્રીડ-કનેક્ટેડ રૂફટોપ સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવશે.

-આ યોજનાના અમલીકરણ બાદ દર વર્ષે અંદાજે ૨.૨૬ લાખ યુનિટ સ્વચ્છ વીજળીનું ઉત્પાદન થશે.

-આશરે ૧૬૨ ટન કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં ઘટાડો થશે.

-ગામના આશરે ૧૭૮૦ પરિવારોને પરોક્ષ રીતે આ યોજનાનો લાભ મળશે.

આ અંગે જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, આ યોજના ગ્રામ્ય વિસ્તારોને ઊર્જા આત્મનિર્ભર, પર્યાવરણપ્રેમી અને ટકાઉ વિકાસ તરફ આગળ વધારવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. સુપેડી ગામ આગામી સમયમાં સમગ્ર રાજકોટ જિલ્લા માટે સ્વચ્છ ઊર્જાનું પ્રેરણાદાયી મોડેલ બનશે.

જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ સંબંધિત વિભાગો, પીજીવીસીએલ તથા ગ્રામ પંચાયતને પરસ્પર સંકલન સાધીને આ પ્રોજેક્ટનું ગુણવત્તાસભર અને સમયબદ્ધ અમલીકરણ સુનિશ્ચિત કરવા જરૂરી સૂચનાઓ આપી હતી.

# રાજકોટમાં આઈ.ટી. પાર્ક માટે રૈયા સ્માર્ટ સિટીમાં ૧૦ હજાર ચો.મી. જમીન ફાળવાઈ

## શાપર સી.એચ.સી.માં દર બુધવારે વધારાના ડૉક્ટર, સ્ટાફ મૂકવા જિલ્લા કલેક્ટરની સૂચના

રાજકોટઃજિલ્લા કલેક્ટરશ્રી ડૉ. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં તથા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સંજયભાઈ પીપળીયાની ઉપસ્થિતિમાં રાજકોટ જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજાય હતી. જેમાં લોકપ્રતિનિધિઓ તરફથી વિવિધ પ્રશ્નો રજૂ થયા હતા, જેનો સમયમર્યાદામાં નિકાલ લાવવા કલેક્ટરશ્રીએ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

આ બેઠકમાં ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળાએ પી.જી.વી.સી.એલ.ના વોટ્સએપ ફરિયાદ નંબર, લગ્ન બાદ આધારકાર્ડમાં નામ સુધારવામાં થતા પ્રશ્નો, શાપર સી.એચ.સી.માં સ્ટાફની ઘટ સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. જેના જવાબમાં જણાવાયું હતું કે, પી.જી.વી.સી.એલ.ના વોટ્સએપ ફરિયાદ નંબરમાં મેટા સાથે કેટલીક પોલિસીને લગતા પ્રશ્નો છે, જેને હલ કરવાની પ્રક્રિયા ચાલુ છે. આધારકાર્ડ અપડેટ માટે બારકોડવાળા સર્ટિ. સિવાયના પ્રમાણપત્રોની ઓથેન્ટિસિટી ચકાસીને તેને અપડેટ કરવા માટેની વ્યવસ્થા ગોઠવવા સૂચના આપવામાં આવી હતી. આ સાથે શાપર સી.એચ.સી.માં દર બુધવારે દર્દીઓની વધુ ભીડ રહેતી હોવાથી ત્યાં વધારાના ડોક્ટર સહિતનો સ્ટાફ મૂકવાની સૂચના કલેક્ટરશ્રી દ્વારા આપવામાં આવી હતી.

ધારાસભ્યશ્રી ડૉ. દર્શિતાબહેન શાહે વોટસન મ્યુઝિયમ રિનોવેશન, આઈ.ટી. પાર્ક., પી.ડબલ્યુ.ડી.ના જર્જરિત ક્વાર્ટર્સ સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. જેના જવાબમાં જણાવાયું હતું કે, વોટસન મ્યુઝિયમના ડિઝાઈનિંગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને ફાઈનલ પ્રોજેક્ટ ગાંધીનગર મોકલી આપવામાં આવ્યો છે. રાજકોટમાં આઈ.ટી. પાર્ક માટે રૈયા સ્માર્ટસિટીમાં ૧૦ હજાર ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી છે. જ્યારે જર્જરિત ક્વાર્ટર્સના ડિમોલિશન માટેની પ્રક્રિયા ચાલી રહી હોવાનું જણાવાયું હતું.

આ બેઠકમાં મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા તથા ધારાસભ્ય શ્રી મેઘજીભાઈ ચાવડા તરફથી આવેલા પ્રશ્નો ચર્ચામાં લેવામાં આવ્યા હતા. જેના નિકાલ માટે ઝડપથી કામગીરી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં ક્લેક્ટરશ્રીએ તમામ અધિકારીઓને કચેરીમાં વીજ બચત કરવા જરૂરી તમામ પગલાં લેવા, કચેરીના શિષ્ટાચારનું પાલન કરવા, સ્વચ્છતા જાળવવા સૂચના આપી હતી.

ઉક્ત બેઠકમાં રાજકોટ ગ્રામ્ય પોલીસવડા શ્રી વિજયસિંહ ગુર્જર, નાયબ પોલીસ અધિક્ષક ઝોન-૨ શ્રી રાકેશ દેસાઈ, ડી.આર.ડી.એ. નિયામક શ્રી એ.કે. વસ્તાણી, નિવાસી અધિક કલેક્ટર શ્રી જે.એચ. બારોટ તેમજ વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૬ વર્ષમાં ૨૫૦ બાળકોને શિક્ષણ થકી જીવવાની સાચી દિશા અપાઈ



રાજકોટઃ રૈયા રોડ પર હનુમાન મઢીથી આગળ એરપોર્ટ રોડ પર આવેલા મહાદેવ મંદિરની બહાર દરરોજ સાંજે પાંચથી સાત વાગ્યા સુધી ખુલ્લા આકાશ નીચે જ્ઞાનનો વર્ગ ભરાય છે.

યુગ ફાઉન્ડેશન છેલ્લા છ વર્ષથી બાંધકામ સાઈટ અને ઝૂંપડપટ્ટીમાં રહેતા ૪થી ૧૪ વર્ષના બાળકોને નિઃશુલ્ક બેઝિક શિક્ષણ આપી તેમના જીવનમાં પરિવર્તન લાવવાનું કાર્ય કરી રહ્યું છે. માત્ર ચાર બાળકો સાથે શરૂ થયેલી આ પહેલમાં આજે ૬૫ દીકરા-દીકરી નિયમિત અભ્યાસ કરે છે, અત્યાર સુધીમાં ૨૫૦થી વધુ બાળકો અહીંથી વાંચન-લેખન અને સામાન્ય જ્ઞાન મેળવી ચૂક્યા છે.

ધર્મેશભાઈ હેરમા અને ભાનુભાઈ આહીરના માર્ગદર્શન હેઠળ ચાલતી આ પહેલમાં બાળકોને શિસ્ત, સ્વચ્છતા, સંસ્કાર અને સમાજમાં યોગ્ય રીતે જીવવાની સમજ પણ આપવામાં આવે છે.

વ્યસનના વાતાવરણમાં ઉછરતા અનેક બાળકો આજે શિક્ષણ તરફ વળ્યા છે. બાળકોને ચોપડા, સ્ટેશનરી, ચંપલ અને ગરમ કપડાંનું પણ વિતરણ કરાય છે.દાતાઓના સહયોગથી બાળકોને પૌંઆ-બટાકા, પાણીપૂરી, પફ, પાઉંભાજી સહિતનો નાસ્તો અપાય છે.

સંસ્થાના સંચાલક ધર્મેશભાઈ હેરમા જણાવે છે કે, કોરોનાકાળમાં અનાજ વિતરણ દરમિયાન છોટુનગર વિસ્તારના બાળકોની દયનીય સ્થિતિ જોઈ આ પહેલ શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. ગરીબીના કારણે ભણતર છોડનારા અને વ્યસન તરફ વળી રહેલા બાળકો આજે શિક્ષિત બની પોતાના માતા-પિતાને પણ સાચા-ખોટાનો માર્ગ બતાવી રહ્યા છે. કેટલાક બાળકો દારૂના વ્યસની પિતાને પણ વ્યસન છોડવા સમજાવી રહ્યા છે, જે આ પહેલની સૌથી મોટી સફળતા છે. ધીમે-ધીમે અનેક પરિવારોની સ્થિતિ બદલાઈ રહી છે.

# રાજકોટની શાળા નં.૯૩માં ૬૫૦ વિદ્યાર્થી બન્યાં 'વૈજ્ઞાનિક'



રાજકોટઃબીજ વાવ્યાં પછી આટલી નોંધ દરરોજ કરવાની છોડની ઊંચાઈ કેટલી વધી? કેટલા નવા પાંદડાં આવ્યા? ક્યારે કેટલું પાણી આપ્યું? તેમજ અન્ય રસપ્રદ અવલોકન. આ તમામ બાબતોની ખાસ નોટબુકમાં તારીખવાર નોંધવાના રેહેશે. જેથી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણ અને સંશોધનાત્મક અભિગમનો વિકાસ થાય.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ સંચાલિત પીએમ વિનોબા ભાવે પે સેન્ટર શાળા નં.૯૩ ખાતે ચોમાસાની ઋતુને અનુલક્ષીને વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે પ્રેમ, વૈજ્ઞાનિક અભિગમ અને જવાબદારીની ભાવના વિકસે તે હેતુથી "બીજથી છોડ સુધીની યાત્રા' નામનો અનોખો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત શાળાના ૬૫૦ વિદ્યાર્થીને વિવિધ પ્રકારના બીજ આપવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ પોતાના ઘરે અથવા શાળામાં તે બીજનું વાવેતર કરીને તેની નિયમિત સંભાળ રાખશે. તેમ શાળાના આચાર્ય ડૉ.વનિતાબેન રાઠોડ જણાવ્યું હતું.

# સોનમ વાંગચૂકનાં સમર્થનમાં રાજકોટના યુવાનો મેદાને:બહુમાળી ચોકમાં ધરણા

## યુવકોએ કહ્યું- 'જો વૈજ્ઞાનિકોની જ કદર ન હોય તો સામાન્ય માણસની શું કિંમત?' મંજૂરી વગર વિરોધ કરતા તમામની અટકાયત




રાજકોટઃ લદ્દાખના પર્યાવરણવિદ્ અને જાણીતા વૈજ્ઞાનિક સોનમ વાંગચૂકના સમર્થનમાં હવે ગુજરાતના યુવાનો પણ આગળ આવ્યા છે. રાજકોટના બહુમાળી ભવન ચોક ખાતે મોટી સંખ્યામાં એકઠા થયેલા યુવાનોએ પ્રતીક ધરણા શરૂ કરીને સોનમ વાંગચૂકની માગણીઓને વાચા આપી છે.આ વિરોધ પ્રદર્શન દરમિયાન યુવાનોએ દેશની વર્તમાન શિક્ષણ વ્યવસ્થા સામે તીખા સવાલો ઉઠાવ્યા હતા. આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જો આપણા દેશના મહાન વૈજ્ઞાનિકોની જ કોઈ કદર ન થતી હોય, તો પછી સામાન્ય નાગરિકની કદર કોણ કરશે? દેશનું ભવિષ્ય સુધારવા માટે દરેક નાગરિકે ઘરમાંથી બહાર નીકળીને આ આંદોલનને સમર્થન આપવું જોઈએ. જોકે, મંજૂરી વિના ધરણા થતા હોવાથી સ્થાનિક પોલીસ દ્વારા તમામની અટકાયત કરાઈ હતી.આજે દેશમાં શિક્ષણને માત્રને માત્ર પૈસા કમાવવાનું એક સાધન બનાવી દેવામાં આવ્યું છે. ખાનગી શાળાઓ વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી બેફામ ફી વસૂલે છે, પરંતુ તેની સામે યોગ્ય અને ગુણવત્તાસભર શિક્ષણ આપવામાં આવતું નથી.બીજી તરફ, સરકારી શાળાઓની સ્થિતિ એવી છે કે ત્યાં પાયાની સુવિધાઓ કે યોગ્ય વ્યવસ્થા જ ઉપલબ્ધ નથી. જો દેશના બાળકોને સારું શિક્ષણ જ નહીં મળે, તો તેમનું ભવિષ્ય કેવી રીતે ઉજ્જવળ બનશે? આ વ્યવસ્થા સામે અવાજ ઉઠાવવાનો આ યોગ્ય સમય છે.

સોનમ વાંગચૂક અંગે વાત કરતા જણાવ્યું કે, તેઓ જેવા મહાન વૈજ્ઞાનિક પાસે વિશ્વનાં ૫ દેશના વિઝા ઉપલબ્ધ છે. તેઓ ધારે તો વિદેશ જઈને આરામદાયક જીવન જીવી શકે છે. તેમ છતાં, તેઓ પોતાના દેશ માટે, લદ્દાખની ભૂમિ અને પર્યાવરણના રક્ષણ માટે ભૂખ હડતાલ પર બેઠા છે. જો આવા નિઃસ્વાર્થ વ્યક્તિ માટે પણ દેશની સરકાર અને તંત્ર આંખ આડા કાન કરતું હોય, તો તે અત્યંત શરમજનક બાબત છે. આપણા દેશના વડાપ્રધાન સુધી આ અવાજ પહોંચવો જોઈએ કે દેશનો યુવા વર્ગ હવે જાગૃત થઈ ગયો છે.

સરકાર અને વહીવટી તંત્ર દ્વારા આંદોલનોને દબાવવાના પ્રયાસો સામે સવાલો કરતા તેણીએ જણાવ્યું કે, અમે અહીં કોઈ હિંસા કરવા, લોહી વહેવડાવવા કે કોઈનું ખૂન કરવા નથી બેઠા. અમે શાંતિપૂર્વક અમારા બંધારણીય હકો માટે અને દેશના ભવિષ્ય માટે પ્રતીક ધરણા પર બેઠા છીએ. જે લોકો ખુલ્લેઆમ ડ્રગ્સ કે દારૂ વેચે છે, તેમની સામે તંત્ર કોઈ કડક પગલાં નથી ભરી શકતું, તો પછી પોતાના હક માટે અવાજ ઉઠાવતા સામાન્ય યુવાનોને પોલીસનો ડર કેમ બતાવવામાં આવે છે? પોલીસ કે પ્રશાસને અમારા આ શાંતિપૂર્ણ આંદોલનમાં કોઈ અવરોધ ઊભો કરવો જોઈએ નહીં.વધુમાં તેમણે જણાવ્યું કે, શહેરના અન્ય નાગરિકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને પણ સોનમ વાંગચૂકના સમર્થનમાં આગળ આવવું જોઈએ, માત્ર ઘરમાં બેસી રહેવાથી કે સોશિયલ મીડિયા પર વાતો કરવાથી કંઈ બદલાવ આવવાનો નથી. જો આજે આપણે આપણા બાળકોના ભવિષ્ય અને દેશના વૈજ્ઞાનિકોના સમર્થનમાં રસ્તા પર નહીં આવીએ, તો આવનારી પેઢી આપણને ક્યારેય માફ નહીં કરે. જ્યાં સુધી સરકાર આ બાબતે યોગ્ય નિર્ણય નહી લે, ત્યાં સુધી આ પ્રતીક ધરણા અને ભૂખ હડતાલ જેવા વિરોધ પ્રદર્શનો યથાવત રાખવાની ચીમકી પણ તેમણે ઉચ્ચારી છે.

પ્રતીક ધરણા પર બેઠેલા વિપ્લવ પરમારે જણાવ્યું હતું કે, સોનમ વાંગચુકના સમર્થનમાં આજે અમારા દ્વારા ભૂખ હડતાળ શરૂ કરવામાં આવી છે. દિલ્હીના જંતર-મંતર ખાતે છેલ્લા ૨૧ દિવસથી અન્નત્યાગ કરીને વિરોધ પ્રદર્શન કરી રહેલા સોનમ વાંગચુકની દિલ્હી પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે. આ કાર્યવાહીના વિરોધમાં અને તેમના સમર્થનમાં પ્રતીક ભૂખ હડતાળ શરૂ કરવામાં આવી છે. જે ૨૪ કલાક કરીશું. જો સરકાર દ્વારા તેમની ન્યાયિક માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે, તો આગામી મોન્સૂન સત્ર દરમિયાન પાર્લામેન્ટમાં પણ આ મુદ્દે રજૂઆત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, યુવાનોની મુખ્ય માંગ દેશની શિક્ષણ પ્રણાલીમાં ધરખમ સુધારો કરવાની અને વર્તમાન શિક્ષણ મંત્રી તાત્કાલિક ધોરણે રાજીનામું આપે તેવી છે. જો આગામી સમયમાં આ અંગે કોઈ યોગ્ય નિર્ણય નહીં લેવાય, તો આ આંદોલનને વધુ ઉગ્ર બનાવીને આગળ પણ ચાલુ રાખવાની ચીમકી આપવામાં આવી છે. અને ગઈકાલે સોનમ વાંગચૂકને પોલીસ દ્વારા જે રીતે લઈ જવામાં આવ્યા તેને લઈને પણ યુવાનોમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે આવનારા સમયમાં રાજકોટમાં પણ આંદોલન ઉગ્ર બને તેવી શક્યતા છે.

# રાજકોટ ડિવિઝનની નવીન પહેલઃ AI આધારિત 'સ્માર્ટ આરએસ વાલ્વ સિમ્યુલેટર' વિકસાવવામાં આવ્યું

## લોકો પાયલટોને વાસ્તવિક ટ્રેન સંચાલન જેવી તાલીમ મળશે, રેલ સુરક્ષા વધુ સુદ્રઢ બનશે




રાજકોટઃ પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને રેલ સુરક્ષા અને ક્રૂ (ચાલક દળ) ના કૌશલ્ય વિકાસના ક્ષેત્રમાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતા 'સ્માર્ટ આરએસ વાલ્વ સિમ્યુલેટર' વિકસાવ્યું છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત આ અત્યાધુનિક સિમ્યુલેટર લોકો પાયલટો અને આસિસ્ટન્ટ લોકો પાયલટોને વાસ્તવિક રેલ સંચાલનને અનુરૂપ આધુનિક અને વાસ્તવિક તાલીમ પૂરી પાડશે. આનાથી તેમની કાર્યક્ષમતા, સતર્કતા, નિર્ણય લેવાની ક્ષમતા અને સુરક્ષા જાગૃતિમાં નોંધપાત્ર વધારો થશે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ સિમ્યુલેટર વાસ્તવિક રેલ માર્ગોના વીડિયો અને છેં આધારિત રિયલ-ટાઈમ સિગ્નલ કંટ્રોલ સિસ્ટમ દ્વારા તાલીમને વધુ વાસ્તવિક બનાવે છે. તેમાં દિવસ, રાત્રિ, વરસાદ અને ગાઢ ધુમ્મસ જેવી વિવિધ પરિસ્થિતિઓનું સિમ્યુલેશન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે, જેનાથી લોકો પાયલટ દરેક પ્રકારની પડકારજનક પરિસ્થિતિઓમાં વધુ સારી રીતે કામ કરવા માટે સક્ષમ બનશે.

સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન) (Sr. DEE/TRO) શ્રી મનોજ કુમાર રાવે જણાવ્યું હતું કે, સિમ્યુલેટરમાં પશુ સાથે અથડામણ, વ્યક્તિ સાથે અથડામણ, વાય અને ડબલ વાય સ્પીડ રિસ્ટ્રિક્શન ઈન્ડિકેટર્સ (ગતિ પ્રતિબંધ સંકેત) તેમજ સિગ્નલ પાસ્ડ એટ ડેન્જર જેવી વાસ્તવિક ઓપરેટિંગ પરિસ્થિતિઓની પ્રેક્ટિસ કરાવવામાં આવે છે. આના માધ્યમથી લોકો પાયલટોના રિસ્પોન્સ ટાઈમ (પ્રતિક્રિયા સમય), બ્રેકિંગ સ્કીલ, સ્પીડ અને સિગ્નલના પાલનમાં સુધારો થવાની સાથે કટોકટીની પરિસ્થિતિઓમાં ઝડપી અને યોગ્ય નિર્ણયો લેવાની ક્ષમતા વિકસે છે. તાલીમ બાદ ઓટોમેટેડ પરફોર્મન્સ રિપોર્ટ ઉપલબ્ધ થાય છે, જેનાથી ખામીઓ ઓળખીને તાલીમને વધુ અસરકારક બનાવી શકાય છે.

આ સિસ્ટમ કોઈપણ ઓપરેશનલ જોખમ વિના સુરક્ષિત અને કરકસરયુક્ત તાલીમ પૂરી પાડે છે. આનાથી લોકો પાયલટોનો આત્મવિશ્વાસ વધે છે, ટ્રેનર્સને દરેક તાલીમાર્થીના પ્રદર્શનનું સચોટ વિશ્લેષણ કરવામાં સરળતા રહે છે અને સુરક્ષિત, વિશ્વસનીય તથા કાર્યક્ષમ રેલ સંચાલન સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ મદદ મળે છે.

રાજકોટના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, "રાજકોટ ડિવિઝન ઈનોવેશન અને આધુનિક ટેક્નોલોજી દ્વારા રેલ સુરક્ષા અને ઓપરેશનલ શ્રેષ્ઠતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહ્યું છે. 'સ્માર્ટ આરએસ વાલ્વ સિમ્યુલેટર' લોકો પાયલટો અને આસિસ્ટન્ટ લોકો પાયલટોને વાસ્તવિક તાલીમ પૂરી પાડીને તેમની નિર્ણય ક્ષમતા, સતર્કતા, પ્રતિક્રિયા કૌશલ્ય અને આત્મવિશ્વાસને મજબૂત કરશે. આ પહેલ સુરક્ષિત, વિશ્વસનીય અને કાર્યક્ષમ રેલ સંચાલન સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે."

રાજકોટ ડિવિઝન દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલ 'સ્માર્ટ આરએસ વાલ્વ સિમ્યુલેટર' ભારતીય રેલવેની આધુનિક તાલીમ પ્રણાલીમાં એક મહત્વપૂર્ણ ઈનોવેશન છે. તે લોકો પાયલટોના કૌશલ્ય વિકાસ, રેલ સુરક્ષા અને ઓપરેશનલ કાર્યક્ષમતાને નવી મજબૂતી આપીને પશ્ચિમ રેલવે, રાજકોટ ડિવિઝનની સુરક્ષિત, વિશ્વસનીય અને ગુણવત્તાયુક્ત રેલ સેવાઓ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ સશક્ત બનાવશે.

# શહેર, જિલ્લામાં રાશનકાર્ડ ઈ.કે.વાય.સી.ની કામગીરી ૯૮.૧૫ ટકા પૂર્ણ

## સી.એસ.આર. હેઠળ પોષણની કામગીરી વધુ સુદ્રઢ બનાવવા જિલ્લા કલેકટરદ્વારા માર્ગદર્શન અપાયું




રાજકોટઃરાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને રાજકોટ શહેર - જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તેમજ પ્રધાનમંત્રી પોષણ યોજનાની જિલ્લાકક્ષાની સ્ટીયરિંગ કમ મોનીટરિંગ કમિટીની બેઠક યોજાઈ હતી.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે યોજાયેલી આ બેઠકમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩, આવશ્યક ચીજવસ્તુઓના જથ્થા, પુરવઠા અને વહેંચણી, 'વન નેશન, વન રાશન કાર્ડ' યોજના, વાજબી ભાવની દુકાનોની તપાસ, રાશન કાર્ડ ઈ.કે.વાય.સી., સેન્ટ્રલ બેન્ક ડિજિટલ કરન્સી સહિતની બાબતે તાલુકાવાર અહેવાલની સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ વાડી વિસ્તાર સુધી રાશનકાર્ડનો લાભ પહોંચાડવા પર ભાર મૂક્યો હતો. આ તકે જિલ્લા પુરવઠા અધિકારી શ્રી અજય ઝાપડાએ રાશન કાર્ડ ઈ.કે.વાય.સી.ની કામગીરી ૯૮.૧૫ ટકા પૂર્ણ થઈ હોવાનું જણાવ્યું હતું.

આ ઉપરાંત, પી.એમ. પોષણ યોજનાની બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા જણાવાયું હતું કે, બાળકોના સ્વાસ્થ્ય અને સ્વચ્છતાને ધ્યાનમાં રાખતા, 'સ્વચ્છ હાથ, પોષણ સાથ' પહેલ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત રસોઈયાઓને હેન્ડ ગ્લવ્ઝ, કેપ, એપ્રન આપવામાં આવશે. આ બેઠકમાં મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના, મધ્યાહન ભોજન યોજના, બાળકો અને શાળાઓની સંખ્યા, સ્કૂલ ન્યુટ્રીશન કિચન ગાર્ડન, નવા ભોજનશેડ બાંધકામ અને અંદાજીત બજેટ, દાતાઓના સહયોગથી મંજૂર થયેલા ડાઈનિંગ ટેબલ, કિચન-કમ-સ્ટોર નવા બનાવવા અને રીપેરિંગ, અધિકારીઓની રૂબરૂ મુલાકાત અને તપાસણી, તાલુકાકક્ષાએ તિથી ભોજન અને લોકભાગીદારી વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ તકે કલેક્ટરશ્રીએ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સબિલિટી હેઠળ ખાનગી કંપનીઓના સહયોગથી પોષણની કામગીરી વધુ સુદ્રઢ બનાવવા માર્ગદર્શન આપ્યું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

**સૌરાષ્ટ્ર આસપાસ**

## સંસદના ચોમાસુ સત્રમાં સરકારની આકરી પરીક્ષા

વર્તમાન રાજકારણમાં નવા અધ્યાયની શરૂઆત થઈ રહી છે ત્યારે સંસદના ચોમાસુ સત્રમાં સરકારને ભિડવવા માટે તમામ વિપક્ષો એક થઈ રહ્યા છે. એટલે આ સત્ર તોફાની બની રહે તેવી શક્યતાઓ વધતી જાય છે.ભારતીય લોકશાહીનું હૃદય ગણાતી સંસદનું ચોમાસુ સત્ર શરૂ થવા જઈ રહ્યું છે. વર્તમાન રાજકીય પરિસ્થિતિને જોતાં આ સત્ર માત્ર કાયદાકીય પ્રક્રિયા પૂરતું સીમિત નહીં રહે, પરંતુ સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચેના એક મોટા રાજકીય સંગ્રામનું મેદાન બનવા જઈ રહ્યું છે. દેશમાં આર્થિક પડકારો, આંતરિક રાજકીય ખેંચતાણ અને આગામી સમયના દૂરગામી કાયદાઓને લઈને સંસદની અંદર ગરમાવો જોવા મળી રહ્યો છે. આ લેટેસ્ટ રાજકીય ઘટનાક્રમ વચ્ચે સૌથી મોટો પ્રશ્ન એ છે કે, સરકારના આક્રમક વલણ સામે વિપક્ષી ગઠબંધન પોતાની કઈ વ્યૂહરચના સાથે મેદાનમાં ઉતરી રહ્યું છે?

આ સત્રમાં સરકાર તરફથી કેટલાક અત્યંત મહત્વપૂર્ણ અને ચર્ચાસ્પદ બિલ રજૂ થવાની સંભાવના છે. તેમાં આવકવેરા (સુધારો) ખરડો, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વધારવા અંગેનું બિલ અને રાષ્ટ્રીય સન્માનને લગતા કાયદાઓનો સમાવેશ થાય છે. આ સિવાય, સૌથી વધુ ચર્ચામાં રહેલું ૧૩૧મું બંધારણીય સુધારો બિલ (ડીલિમિટેશન અથવા સીમાંકન બિલ) પણ રાજકારણના કેન્દ્રમાં છે, જેનાથી લોકસભાની બેઠકોની સંખ્યા વધારીને ૮૫૦ સુધી કરવાની જોગવાઈ છે. સત્તાધારી એનડીએ ગઠબંધન પોતાની બહુમતીના જોરે આ બિલો પસાર કરાવવા માટે મક્કમ દેખાઈ રહ્યું છે, જ્યારે વિપક્ષ આ આખી પ્રક્રિયાને લોકશાહીના માળખા પરનો પ્રહાર ગણાવી રહ્યો છે.આ સંસદીય સત્રમાં વિપક્ષી ગઠબંધન (INDIA બ્લોક) એક બદલાયેલી અને વધુ સુઆયોજિત વ્યૂહરચના સાથે આગળ વધી રહ્યું છે. વિપક્ષની આ વ્યૂહરચના મુખ્યત્વે ત્રણ સ્તંભો પર આધારિત જોવા મળે છે:વિપક્ષે આ વખતે માત્ર પક્ષીય રાજકારણ કરવાને બદલે સામાન્ય જનતાને સ્પર્શતા મુદ્દાઓ પર સરકારને ઘેરવાનું નક્કી કર્યું છે. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં દેશની નકારાત્મક આર્થિક સ્થિતિ, નવી રોજગારીની તકોનો અભાવ અને મોંઘવારી જેવા વિષયોને ગૃહમાં જોરશોરથી ઉઠાવવામાં આવશે. વિપક્ષનો દાવો છે કે સરકાર વાસ્તવિક મુદ્દાઓ પરથી ધ્યાન ભટકાવવા માટે ભાવનાત્મક અને વિભાજનકારી કાયદાઓ લાવી રહી છે. ૧૩૧માં બંધારણીય સુધારા બિલ સામે વિપક્ષે મોરચો માંડ્યો છે. વિપક્ષની વ્યૂહરચના એ છે કે આ બિલના દક્ષિણ ભારતના રાજ્યો પર પડનારા નકારાત્મક પ્રભાવને દેશ સામે લાવવો. વિપક્ષનું માનવું છે કે વસ્તીના આધારે બેઠકો વધારવાથી જે રાજ્યોએ વસ્તી નિયંત્રણમાં સારું કામ કર્યું છે તેમને નુકસાન થશે અને સંસદમાં રાજ્યોનું સંતુલન બગડશે. આ મુદ્દે વિપક્ષ તમામ પ્રાદેશિક પક્ષોને સાથે રાખીને સંસદની અંદર અને બહાર મોટો વિરોધ પ્રદર્શન કરવાની તૈયારીમાં છે. તાજેતરમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને શિવસેના (UBT) જેવા પક્ષોમાં આંતરિક ખેંચતાણ અને પક્ષપલટાના જે સમાચારો આવ્યા છે, તેનાથી ગઠબંધનની એકતા સામે સવાલો ઉભા થયા હતા.

# વૃદ્ધાશ્રમનાં સામાજીક સ્વીકાર પછી તીર્થસ્થાનોમાં સંથારાભવનનું નિર્માણ અનિવાર્ય

**વિકાસ અને વિકલ્પ** -ડૉ. નાનક ભટ્ટ

ભારત નાં અધ્યાત્મ નક્ષત્રનું તેજોમય વ્યક્તિત્વ ગુરૂ ગોરખનાથે આજથી ૯૫૦ વર્ષ પહેલા ગાયુ 'મરો વૈ જોગી મરો. મરણ હે મીઠા તિસ મરણ મરો જીસ મરણી ગોરખ મરી દિઠા'' '". કુરૂક્ષેત્ર ની ભૂમી ઉપર કર્તવ્યથી હારી વિષાદે ગાંડીવ છોડી દેનાર અર્જુન ને ભગવાન કૃષ્ણ કહે છે. "હે અર્જુન જેમનાં પ્રાણ જતા રહ્યા છે. તેમના માટે કે જેમના પ્રાણ નથી ગયા તે (શરીર) માટે જ્ઞાનીજન શોક કરતા નથી'' (૨.૧૧) યોગેશ્વર કહે છે. ''અવિનાશ નો વિનાશ કરવા કોઈ સમર્થ નથી'' (૨.૧૭) 'આત્મા જ નિત્ય શાશ્વત અને પુરાતન છે. શરીર ના હણવા છતાં તે હણાતો નથી (૨.૨૦)

જન્મેલા નું મૃત્યુ નિશ્ચિત છે અને મરેલા નો (પુનઃ) જન્મ નિશ્ચિત છે (૨.૨૭) આમ છતાં મોહવશ વૃદ્ધ શરીર જુના વસ્ત્રો છોડવા રાજી નથી હોતું. પ્રગટ સંસાર હોંશે હોંશે અને સમજદારી થી ત્યજી દેવા માણસ સહજ બની શકતો નથી તેથી જ તો કબીર સાહેબ દહોરાવે છે 'ભલા હુઆ મેરી મટકી ફુટીરે. મે પનીયા ભરન સે છુટીરે'' પ્રત્યેક ઉચ્છશ્વાસે એક પળ નજીક આવતા મૃત્યુ વિષયે રૂષિ જબાલ શિષ્યોને કરે છે 'મનુષ્ય અવતાર પુણ્યનું પ્રાગટ્ય છે તો દેહનો વિલય ઉત્સવ છે" જબાલ ઉપનિષદ નું દર્શન કહે છે કે અહંકાર, આશક્તિ અને મોહના ત્યાગથી વ્યક્તિ મૃત્યુનાં ભય થી ઉપર ચડી અભયને પામે છે. (૧.૭)

જીવનને સમગ્રતા થી સમજતા ભારતીય મનોદર્શનમાં શિર-મોર ઈશ ઉપનિષદ કહે છે 'અવિદ્યા મૃત્યુમ તીર્થવા વિદ્યાયા અમૃતમ અભૂતે'' અર્થાત અવિદ્યા (ભૌતિક જીવન) થી મૃત્યુ સુધી પહોચી શકાય છે. પરંતુ વિદ્યા (જ્ઞાન) ની સાધના અમૃત પ્રાપ્તિ બને છે.

જોકે પોતાને આધુનિક ગણાવતો ૨૧ મી સદી નો માણસ સાંસારિક જીવન નો મોહ છોડી શક્તો નથી ત્યારે ન્યુજર્સી થી લેખક બિલ પર્કિન્સ તેના પુસ્તક 'ડાઈ વિય ઝીરો' પુસ્તક માં એક નવો રાહ દુનિયા પાસે મુકી વડિલો ને હકારાત્મક જીવન અભિગમ માટે પ્રેરી રહ્યા છે. લેખક ૬ દશક વટાવી ગયેલા સિનિયર સીટીજન ને જણાવે છે કે "જીવન ને આખર સુધી બચાવો નહી આખર સુધી મ્હાણો બેંક બેલેંસ નહી, સુખદાઈ યાદો માં વધારો કરો'' વધુ પૈસા થી અમિરી વધે છે તે સમીકરણ ને ૮૦-૮૫ વર્ષ ની આંખે જોયા પછી લેખક કહે છે 'દોઢ-બે મિટર જમીન માં ખાલી હાથે દટાઈ જનાર-બળી જનાર માટેતો સમૃદ્ધ સસ્મરણોનો ખજાનો અમિરી છે.' બીલ જણાવે છે કે વ્યક્તિની ઉંમર ૫૦ ને આંબીજાય તે પછીનો સમય આનંદ ક્ષમતાનાં વધારા માટે જ છે. જોકે શહેરી મનોવૃત્તી 'આજે કમાણી કાલે જીવન' તરફી રહી છે જેને પડકારતા લેખક ૨૭૦૦ વૃદ્ધોનાં અંતિમ અનુભવ સાથે જોડી મહાન પશ્ચયાતાપ પ્રકરણમાં નોંધે છે કે 'પોતાની મહેનત અને બુદ્ધિમત્તાની સ્વકમાઈ નો મોટો હિસ્સો પૃથ્વી ઉપર છોડી દેવાનું દર્દ વડિલો માટે અસહ્ય બની રહે છે.''

સદનસિબે ભારતમાં આઝાદી પછી જન્મેલા અને કોવિડ મહા-મારી માં હેમખેમ પાર ઉતરેલા સિનિયર સિટીજન સમજી રહ્યા છે કે જીવન કમાણી માટે નહી પણ અનુભવજન્ય આનંદ માટે છે. બેંક બેલેંસ ખાતર પરિવાર, પ્રવાસ, ભોજન, દાન, ટીવી ફિલ્મ નો આનંદ, સહસભર્યા કર્તવ્યો સાથે પ્રેમના નશા ને દુર હડસેલવો સરવાળે દુખદાઈ બને છે કહેવત છે "જાન હૈ તો જહાન હૈ.'' સારૂ છે કે બૌધિક વયસ્કો સ્વાસ્થ્ય ખાતર યોગ, વોકિંગ, પૌષ્ટિક આહાર પ્રત્યે બે-દરકાર નથી. બેંક બેલેંસ ઘટાડી ને પણ આરોગ્ય માટે થઈ સપ્લીમેંટ લેવાનું રાખે છે. ૬૦ થી ૭૫ વય જુથ નાં આધુનિક બૌધિકવયસ્કો સાચી દિશા પ્રયાણનો સંતોષ લઈ રહ્યા છે તે નોંધવુ રહ્યું. નાનો પરિવાર, શિક્ષિત પરિવાર, તથા આર્થિક રીતે સ્વાવલંબી પરિવાર માણસને વૃદ્ધાવસ્થામાં રાહત રૂપ બને છે. ૫૦ વર્ષ પહેલાનું કર્તવ્ય વૃદ્ધોને આનંદ ફળ આપનાર પુરવાર થાય છે. અને ૮૦ માં વરસે શુન્ય પસ્તાવાનો ગેઈટ પાસ લઈ મૃત્યુના પ્રવેશને ઉત્સવ તરીકે સ્વીકારવા તૈયાર થઈ જાય છે. પચાસે પાડુ (મહેનત) સાઠે સાડુ (વિરામ) સિત્તેરે શિખ (પરિપકવતા) અને પંચોતેરે માંડુ (શાંતિ) ને ચરિતાર્થ કરતા પૈરાણિક સંસ્કૃતિ ને વડિલો અપનાવશે નહિ તો ગામ ચોરે કે દવાખાના ના ખાટલે બેસી ગાવુ પડશે 'રે ઘડપણ કોણે મોકલ્યું દોહલ્યું હવે લાકડીયે કાં ખાસીએ'

જો કે મેડિકલ ઈન્સ્યોરંસ, કમ્યુનીટી લિવિંગ વૃદ્ધાવસ્થાની કાળજી લેતા કરૂણાલય નાં સામાજીક સ્વીકારથી નવી પેઢીને જીવનભર પૈસા પાછળ ઢસડાઈ મરવામાં રાહત મળી રહી છે. ત્યારે આ બદલાવમાં હવે ઈચ્છામૃત્યુ ની વ્યવસ્થાને સાકાર કરવી હિતાવહ બનશે.

વર્ષ ૨૦૧૮ માં પેસિવ ડેથ ની ચર્ચા સૂપ્રિમકોર્ટમાં પહોચ્યા પછી પીડામાંથી જીવન મૂક્તિની માનવિય સંવેદના ને વર્ષ ૨૦૨૩ માં સરળ પ્રક્રિયા તરીકે સ્થાપિત કરાઈ છે. પ્રત્યેક અંત એક નવી શરૂઆત હોવા છતાં લાઈફ સપોર્ટ વિના સ્વસ્થ મૃત્યુ (ઈથનેશિયા) ને આજે પણ કાયદાકીય માન્યતા મળતી નથી. હિંદુ સંસ્કૃતિમાં ૧૬ સંસ્કાર માં અંત્યેષ્ઠી પણ એક સંસ્કાર છે. અને ગરુડપુરાણ તો વિદાય લેનાર નાં પથદર્શક તરીકે મુક્યુ છે છતાં ભારતવર્ષમાં સ્વૈચ્છા મૃત્યુનો સ્વીકાર ન થતાં સાવચેતી ખાતર એકલા ગુજરાત માં ૬૦ વર્ષથી મોટા ૭૫ લાખ વડિલોએ રૂપિયા ૧૦૫ લાખ કરોડ ભવિષ્યની સુરક્ષા તરીકે પોસ્ટ, બેંક, મ્યુચ્યુલ ફંડ જેવી વ્યવસ્થામાં મૂકી રાખવા પડયા છે. રીઝર્વ બેંક પ્રતિવર્ષ અંદાજીત રૂપિયા ૬૭ હજાર કરોડ અનકલેઈમ ફંડમાં જમા લઈ રહ્યું છે. ત્યારે વ્યહવારૂ અભિગમ થી ૮૫ વર્ષ થી ઉંમર ધરાવતા વૃદ્ધોને શાંતિભર્યા બિન ખર્ચાળ મૃત્યુ માટે ખાત્રી અપાય તે અર્થતંત્ર માટે જ નહિ પણ સમગ્ર સમાજીક વ્યવસ્થા માટે હિતાવહ બને છે.

જન્મ મૃત્યુને એક ચક્ર તરીકે મહેસુસ કરતી ભારતીય સંસ્કૃતિ એ આઝાદી પછી રાષ્ટ્રધ્વજમાં પણ ચક્રને ધર્મની સમજ તરીકે અપનાવ્યું છે ત્યારે બૌધ ધર્મના 'મરણાનું સ્મૃતિ' કે જૈન ધર્મ એ અપનાવેલ સલ્લેખના' ની રીતોને ધર્મસ્થાનો માં ૬૦ થી ૧૨૦ દિવસ ની પૂર્ણ જાગ્રતી સાથેની અંતિમ સાધના તરીકે સ્થાપી વ્યકિત પ્રથમ ખોરાક અને ડોક્ટરની દેખરેખમાં કમશહ જળ ત્યાગી સેલિબ્રલ ડીહાઈડ્રેશન (મગજમાં પાણી નાં ઘટાડા) તેમ કરોડરજજુ માં ઈન્ટ્રા કેમિકલ હોઈપોટેન્શનની દર્દ રહિત સ્થિતિ સંપન કરી શકે છે.મૃત્યુને ઉત્સવ તરીકે જીવી જનાર રજનિશજી જણાવે છે 'સંસારનો અર્થ અન્યની ઉપસ્થિતિ છે. અને વાસના ભરેલું મૃત્યુ આત્મ ઉર્જાને આસક્તિ સાથે પુનર્જન્મ માટે ધકેલે છે.' સર્જક અને સર્જન એક-મેકમાં સમાયેલા હોતા જીવતા જીવ મૃત્યુનો પથ આયોજિત કરીશું તોજ અંતિમ ક્ષણ દર્દમૂક્ત, ભયમુક્ત, આનંદિત અવસ્થામાં રહી મોક્ષ, નિર્વાણ, લિબ્રેશન કે પછી નજત ને પામશે. અને માનવિય ઉર્જા અંતકાળે સહસ્ત્રચક ના દાયરા માંથી અનંત માં સમાવિષ્ટ થશે. ધુમાડો થઈ ને બળવા કરતાં ભડકો થઈ રાખ થવા કરતાં, ખર્ચના ખાડામાં ઉતરી ખતમ થવા કરતાં પાછળ રહી જનાર ને ભર્યુંભાણુ પિરસતા જવામાં શાણપણ છે. કુટુંબના સભ્યોની સેવાનો ત્રાસ વેઠી જવા કરતાં સ્વેચ્છા મૃત્યુમાં સમજદારી છે તે સ્વીકારવાનો સમય આવી ગયો છે.

# ઓપરેશન વગર મટાડો ઘૂંટણનો દુઃખાવો

**વિશેષ**

આજે આપણે એક એવા રોગ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ જે રોગ આજકાલ નાના મોટા સર્વેમાં આશ્ચર્યજનક રીતે જોવા મળી રહ્યો છે. જેનું નામ છે, 'સંધિવાત'. આ ઉપરાંત 'આમવાત' રોગ પણ આજકાલ ૩૦-૪૦ વર્ષની ઉંમરથી જ દર્દીઓમાં જોવા મળતો હોય છે. જાનુબસ્તિ સંધિનો દુઃખાવો એટલે કે ઘૂંટણનો દુઃખાવો આજકાલ ખૂબ વધી રહ્યો છે. અને મોટાભાગના ડૉક્ટરો આ રોગમાં ઓપરેશનની સલાહ આપતા હોય છે. પરંતુ ઓપરેશન વગર પણ ઘુંટણનો દુઃખાવો મટાડી શકાય છે, જેના ઉપાયો આયુર્વેદમાં બતાવવામાં આવ્યાં છે.

આજકાલ ૨૫થી ૩૫ વર્ષની વ્યક્તિઓની ઉંમરના યુવાનોમાં પણ આ સમસ્યા ખૂબ સામાન્ય રીતે જોવા મળી રહી છે. જેનું કારણ અનિયમિત જીવનશૈલી, જંકફૂડ, મેંદાનું અતિસેવન, ખોરાકમાં સાંકરનું વધુ પડતું પ્રમાણ, વધતું વજન, બેઠાડું જીવન વગેરેને ગણી શકાય. કેટલીક વાર આમલી કે ખટાશવાળા પદાર્થો વધારે પ્રમાણમાં લેવાથી પણ સાંધાઓમાં દુઃખાવાની સમસ્યા સર્જાઈ શકે છે.

જેમ જેમ વ્યક્તિની ઉંમર વધતી જાય છે, તેમ તેમ શરીરમાં સ્થૂળતા પણ ઘણી વખતે વધતી જતી હોય છે. આ સ્થૂળતાના કારણે સમગ્ર શરીરનું વજન ઘુંટણ ઉપર આવે છે, અને ઘુંટણમાં ભયંકર દુઃખાવો ચાલુ થઈ જાય છે. પરિણામે દર્દીને ઉઠવા બેસવામાં પલાઠી વાળવામાં તેમજ ચાલવામાં પણ ખૂબ જ પીડા થાય છે. ઘણીવખત હાજત જવાનાં સમયે પણ દર્દી ઉભડક બેસી શક્તો નથી અને ઘુંટણમાં અસહ્ય દુઃખાવો થતો જોવા મળે છે. મોટી ઉંમરે સ્ત્રીઓમાં મોનોપોઝનાં સમય દરમિયાન શરીરમાંથી ઈસ્ટ્રોજનનો સ્ત્રાવ ખૂબ ઘટી જવાથી વજન વધવુ, પગમાં સોજા આવવા વગેરે જેવી સમસ્યાઓને કારણે પણ ઘુંટણ પગનાં દુઃખાવાની સમસ્યાઓ સર્જાઈ શકી છે. જેમ જેમ ઉંમર વધતી જાય છે, તેમ તેમ બે હાડકાના વચ્ચે રહેલ ગાદી (કાર્ટિલેજ) ઘસાતી જાય છે. જેથી, હાડકાં એકબીજા સાથે ઘસાઈને જકડાવા લાગે છે અને ઘુંટણમાં ભયંકર પીડા ઉત્પન્ન થાય છે. આવા સમયે ડૉક્ટરો ઓપરેશનની કે ની-રીપ્લેસમેન્ટની સલાહ આપતા હોય છે. ઘણાં દર્દીઓ મને પૂછે છે કે શું ઓપરેશન વગર આ દુઃખાવાને મટાડી શકાય તેવો કોઈ અકસીર ઉપાય છે ? તો આનો જવાબ છે કે, જો દર્દીમાં થોડી ધીરજ અને સહનશક્તિ હોય તો ચોક્કસ આ દુઃખાવાને આયુર્વેદ ઔષધિયો અને સારવારથી મટાડી શકાય છે, અને એથી ઘણા દર્દીઓનાં અનુભવોથી સિધ્ધ થયું છે કે ઘુંટણનો આ દુઃખાવો ઓપરેશન વગર જ ન મટે એવું માનવાને કોઈ કારણ નથી. ઉપરાંત આ બધાનો આધાર દર્દીની ઉંમર, તેની પ્રકૃતિ, રોગની જીર્ણતા, વારસાગત કારણો વગેરે ઉપર પણ થોડાઘણા પ્રમાણમાં આધાર રાખે છે.

કેટલીકવાર ઘુંટણનો આ દુઃખાવો એક પગનાં ઘુંટણમાં થાય છે, તો કેટલીકવાર તે બંને પગનાં ઘુંટણમાં પણ જોવા મળતો હોય છે. પરંતુ રોગ જેમ જેમ વધતો જાય તેમ તેમ આ દુઃખાવો સતત રહ્યાં કરે છે. જેનાં કારણે ઘુંટણથી પગ સીધો પણ કરી શકાતો નથી. અને જો વધારે ચાલવામાં આવે તો દુઃખાવો ખૂબ વધી જાય છે. ઘણીવાર દર્દીને ચાલવાનાં સમયે કડ કડ અવાજ પણ સંભળાય છે. આ રોગમાં સમયસર સારવાર ન કરવામાં આવે તો દર્દીનું હરવા ફરવાનું પણ ક્યારેક મુશ્કેલ થઈ જાય છે.

'સંધિવાત'નાં દરેક દર્દીઓમાં વાતચિકિત્સા એટલે કે, વાયુનો નાશ કરે તેવી સારવાર કરવાનું આયુર્વેદમાં વિધાન છે. એટલે કે, દર્દીએ પણ વાયડા આહારનો ત્યાગ કરવો. ચોળા, પાપડી, તુવેર, મઠ, રીંગણ, બટાટા વગેરે વાયુકર આહાર છે જેથી તેની પરેજી ખૂબ જરૂરી છે.

પીપરીમૂળનું ચૂર્ણ ૧ ચમચી અને ૨ ચપટી મીઠુ મિક્સ કરી રાત્રે સૂતી વખતે પાણી સાથે લેવું જોઈએ.

ઘુંટણનાં દુઃખાવા માટે આયુર્વેદમાં 'જાનુબસ્તિ'ની સારવાર ખૂબ જ ચમત્કારિક પરિણામ આપે છે. જેમાં ઘુટણની આસપાસ અડદનાં લોટની પાળી બાંધીને તેમાં સુખોષણ વાતધ્ન ઔષધ દ્રવ્યો ભરીને આ સારવાર કરવામાં આવે છે. જેનાં બેથી ત્રણ સીટીંગમાં જ સારવાર નિષ્ણાંતની સલાહમાં રહીને જે કરાવવાનો આગ્રહ રાખવો. આ ઉપરાંત સ્નેહન-સ્વેદનથી પણ સંધિવાત અને જાનુસંધિશૂલમાં ઘણો જ ફાયદો જોવા મળે છે.

આ ઉપરાંત અગ્નિકર્મ સારવાર એ આ રોગમા ખૂબ જ ઝડપી પરિણામ આપતી સારવાર પધ્ધતિ છે. અગ્નિકર્મ સારવારમાં દર્દીને કીડી ચટકે તેટલું દર્દ થાય છે. પણ દુઃખાવામાં પ્રથમ સીટીંગમાં જ ૪૦થી ૫૦ ટકા જેટલો ફર્ક પડી જાય છે. પણ આ સારવાર નિષ્ણાંત અનુભવી વૈદ્ય પાસે જ કરાવવાનો આગ્રહ રાખવો જોઈએ. અગ્નિકર્મ સારવાર એ આયુર્વેદની દુઃખાવામાં રાહત આપતી ખૂબ ઝડપી ચિકિત્સા પધ્ધતિ છે.

# ગિરનારની પરમ શાંતિઃ સહઅસ્તિત્વ અને સૌજન્યનો સંદેશ

**હાલમાં ગુજરાતના જૂનાગઢ જિલ્લામાં આવેલા પવિત્ર ગિરનાર પર્વત પર નિર્વાણલાડુ મહોત્સવ યોજાવા જઈ રહ્યો છે. આ ઉત્સવ દરમિયાન જુદા જુદા સંપ્રદાયો અને ધર્મોના ભક્તો મોટી સંખ્યામાં એકઠા થાય છે, ત્યારે તેમની સુરક્ષા અને શાંતિ જાળવવા માટે વહીવટીતંત્રે અગાઉથી જ સજ્જતા કરી લીધી છે.**

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

ગિરનાર પર્વત ભારતની ધાર્મિક અને ઐતિહાસિક ધરોહરનો અમૂલ્ય ખજાનો છે. ભૌગોલિક રીતે જોતાં, આ પર્વત ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવેલો છે. જૂનાગઢ શહેરથી લગભગ દસ કિલોમીટર દૂર આવેલો આ પર્વત દરિયાની સપાટીથી લગભગ ૩૦૦૦ ફૂટ જેટલી ઊંચાઈ ધરાવે છે. આ પર્વત પર ત્રણ મુખ્ય ટેકરીઓ આવેલી છે, જે "અંબાજી", "ગોરખનાથ" અને "નેમિનાથ"ના નામથી ઓળખાય છે. ગિરનારની ફરતે ગીચ જંગલો અને કુદરતી સૌંદર્ય પથરાયેલું છે, જે મનને મોહિત કરી દે છે. અહીં આવેલા તળાવો, કુંડો અને પ્રાકૃતિક ઝરણાં આ સ્થળને વધુ રમણીય બનાવે છે.

ઐતિહાસિક રીતે, ગિરનારનું મહત્વ અનેક યુગો સુધી ફેલાયેલું છે. પુરાણોમાં તેને 'રૈવતાચલ' તરીકે ઓળખવામાં આવે છે. સ્કંદ પુરાણમાં આ પર્વતને સૌથી પવિત્ર તીર્થોમાં ગણાવવામાં આવ્યો છે. જૈન ધર્મના ૨૨મા તીર્થંકર ભગવાન નેમિનાથે અહીં જ દીક્ષા લીધી હતી, તેથી જૈન સમાજ માટે આ સ્થળ અત્યંત આદરણીય છે. અહીં ભગવાન નેમિનાથનું ભવ્ય મંદિર આવેલું છે, જે જૈન ધર્મના પાંચ મુખ્ય તીર્થોમાંનું એક છે. તે જ સમયે, હિંદુ ધર્મમાં પણ આ પર્વતનું મોટું સ્થાન છે. એવું માનવામાં આવે છે કે પાંડવોએ પોતાના વનવાસ દરમિયાન અહીં કાળજીપૂર્વક સમય વિતાવ્યો હતો. નાથ સંપ્રદાયના અગ્રણી સંત ગોરખનાથે પણ અહીં તપસ્યા કરી હતી, જેના કારણે ગોરખનાથની ગુફા અને તેમનો પગલું ધરાવતો સ્થળ ભક્તો માટે શ્રદ્ધાનું કેન્દ્ર છે.

ઐતિહાસિક દ્રષ્ટિએ ગિરનારનું સૌથી મહત્વનું પ્રમાણ અહીં મળી આવેલા સમ્રાટ અશોકના શિલાલેખો છે. આ શિલાલેખો ઈ.સ. પૂર્વે ૨૫૦ની આસપાસના છે, જેમાં અશોકે ધર્મના પ્રચાર અને પ્રાણી દયાનો સંદેશ લખ્યો છે. આ શિલાલેખ દર્શાવે છે કે ગિરનાર પ્રાચીન કાળથી જ શાંતિ, ધર્મ અને સહિષ્ણુતાનું કેન્દ્ર રહ્યું છે. ગિરનારની પ્રાચીન સભ્યતા, મધ્યયુગીન સ્થાપત્ય અને આધુનિક સમયમાં પણ ધાર્મિક શ્રદ્ધા તેને ભારતની એક અનોખી આધ્યાત્મિક ભૂમિ બનાવે છે. મહાત્મા ગાંધી પણ અહીં આવ્યા હતા, અને તેમણે આ પર્વતની શાંતિની ભાવનાને આત્મસાત કરી હતી. આમ, ગિરનાર માત્ર એક ભૌગોલિક સ્થળ નથી, પણ સમગ્ર માનવતાના આધ્યાત્મિક વિકાસનું ઐતિહાસિક પ્રતીક છે.

વર્તમાન વિવાદ શું છે? તે તટસ્થ રીતે જાણવું જરૂરી છે. એવી વાત છે તેનો શાંતિમય ઉકેલ આવે તે માટે સવે સાથે મળીને પ્રયાસ કરવો પણ એટલો જરૂરી છે.

હાલમાં ગિરનાર પર નિર્વાણલાડુ મહોત્સવના આયોજનને કારણે કેટલાક મતભેદો સર્જાયા છે. આ ઉત્સવ દરમિયાન હિંદુ અને જૈન સમાજની અલગ અલગ પરંપરાઓ અને રીતરિવાજોને લઈને થોડો તણાવ વધ્યો હતો. જૈન સમાજ તરફથી એવી ફરિયાદ આવી હતી કે આ ઉત્સવમાં થતા ઉચ્ચ અવાજ, સંગીત અને ભક્તિ ગીતોને કારણે ગિરનારની શાંતિ અને પવિત્રતા પર અસર પડે છે. સાથે જ, બંને સમુદાયો વચ્ચે ભાષાકીય વિવાદ અને ધર્મ વિરોધી ગાળાઓ પણ સામે આવ્યા હતા. કેટલાક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ આ અંગે ચર્ચાઓ થઈ હતી.

આ વિવાદ ને ભડકાવવામાં સોશિયલ મીડિયાએ વરવી ભૂમિકા ભજવી છે આવા વિવાદ ઉભા કરે તેવા નિવેદનો અને સોશિયલ મીડિયાની પોસ્ટ પર સરકારે પ્રતિબંધ મૂકવો જોઈએ જેને કારણે રાષ્ટ્રની શાંતિ ને સહ અસ્તિત્વ જોખમતા હોય તેવી પોસ્ટ સરકારે બંધ કરવા આદેશ આપવો જોઈએ જો કે આની સામે એવી દલીલ કરવામાં આવશે કે આ વાણી સ્વતંત્ર નું હનન છે. પરંતુ સમાજમાં શાંતિ અને સહ અસ્તિત્વ સોશિયલ મીડિયા કરતા વધુ મહત્વનું છે સોશિયલ મીડિયાએ પોઝિટિવ રહીને પ્રશ્નો ઉકેલ આવે તે માટે પ્રયાસ કરવા જોઈએ તેને બદલે નેગેટીવ ભૂમિકા જો તે ભજવે તો તેની પ્રતિબંધ મૂકવો જોઈએ.

જો કે, આ એક અત્યંત સંવેદનશીલ વિષય છે, કારણ કે ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચે તેવી કોઈ પણ ઘટના ક્યારેય સ્વીકાર્ય નથી. આ વિવાદનું સૌથી હકારાત્મક પાસું એ છે કે જ્યારે વહીવટીતંત્રે આ ગંભીર બાબતનો સામનો કર્યો, ત્યારે તેમણે સુરક્ષા દળોને ઝડપથી તૈનાત કરી, સાયલન્સ ઝોન લાગુ કર્યો અને કોઈ પણ પ્રકારનો તણાવ ઉભો ન થાય તે માટે કડક કાનૂની પગલાં ભર્યા. સરકારનો આ નિર્ણય દર્શાવે છે કે તેઓ ધાર્મિક સ્થળે સૌજન્ય જાળવવા માટે કેટલા ગંભીર છે.

વિવાદનો સુમેળભર્યો ઉકેલ શકય છે.

કોઈ પણ ધાર્મિક સ્થળે વિવાદ કે તણાવનો એક જ શ્રેષ્ઠ ઉકેલ છે, તે છે સંવાદ, સહિષ્ણુતા અને પરસ્પર આદર. ભારતનો બંધારણીય વારસો દરેક ધર્મને સમાન હક્ક અને સમાન આદર આપે છે. આપણે સમજવું જોઈએ કે એક ધર્મનો ઉત્સાહ બીજા ધર્મના લોકો માટે અવરોધ ન બનવો જોઈએ. આ સમસ્યાનો હકારાત્મક ઉકેલ એ છે કે બંને સમુદાયોના શાંતિપ્રિય વડીલો અને સંતો એકબીજા સાથે બેસીને સમય, અવાજની મર્યાદા, અને ઉત્સવની સાથોસાથ થતી ધાર્મિક ક્રિયાઓ વિશે સહિયારી સમજૂતી કરે. આ માટે સ્થાનિક વહીવટીતંત્ર આગેવાની લઈને, બંને સમાજોના પ્રતિનિધિઓ સાથે એક સંયુક્ત સમિતિની રચના કરી શકે છે. આ સમિતિ ગિરનાર પર થનારા તમામ ધાર્મિક કાર્યક્રમો માટે એક સામાન્ય આચાર સંહિતા તૈયાર કરી શકે છે. જો કોઈક ઉત્સવમાં ધ્વનિ કે સંગીત થતું હોય, તો તેની મર્યાદા અને સમય બંને સમાજોને સ્વીકાર્ય હોય તે રીતે નક્કી થવો જોઈએ. સાથે જ, સોશિયલ મીડિયા પર થતી નકારાત્મક ચર્ચાઓને રોકવા માટે બંને સમાજોના શુભચિંતકોએ સકારાત્મક સંદેશાઓ ફેલાવવો જોઈએ. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે, 'સર્વ ધર્મ સમભાવ' જ આપણા દેશની મૂળ ભાવના છે. ગિરનાર જેવા પવિત્ર સ્થાન પર દરેક ધર્મના લોકોએ પોતાની શ્રદ્ધાને મુક્તપણે અને શાંતિથી પ્રગટ કરવી જોઈએ. સરકારે સુરક્ષા અને કાયદો જાળવીને જે શાંતિ પૂરી પાડી છે, તેનાથી આ સમસ્યાનો ત્વરિત અંત આવશે. હવે જરૂર છે તો બંને સમુદાયોની સમજશક્તિ, ઉદારતા અને દેશ પ્રત્યેના પ્રેમની, જેથી કરીને આ પવિત્ર પર્વત ભાઈચારાનું અનોખું ઉદાહરણ બની શકે.ગિરનાર પર ધાર્મિક સ્થળોએ કોઈ પણ પ્રકારનો અવાજ કે ગાળાગાળી ન થાય, તે માટે સરકાર દ્વારા તાત્કાલિક સાયલન્સ ઝોન જાહેર કરી દેવામાં આવ્યો છે. ૪૪૫ જેટલા પોલીસ કર્મચારીઓ અને નાયબ સામલેદાર સહિતના ૫૦૦થી વધુ સુરક્ષા દળોને ત્રણ દિવસ માટે તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત એક એસઆરપી કંપની, ૨૦ પીઆઈ, ૩૫ પીએસઆઈ અને ૧૫૦ સોસાઈટી વોલંટીયરોની ટીમને પણ ગોઠવવામાં આવી છે. આ તમામ પગલાં એ વાતનું પ્રમાણ છે કે ભારત સરકાર દરેક ધર્મના લોકોની લાગણીઓનું સન્માન કરે છે અને ધાર્મિક સ્થળે સૌજન્ય જળવાય તેને સર્વોપરી માને છે.સૌજન્ય જ રાષ્ટ્રહિત છે. આજે જ્યારે આપણું ગુજરાત શાંત સંજોગોમાં પ્રગતિના નવા શિખર સર કરી રહ્યું છે ત્યારે ગુજરાતના સૌથી ઊંચા ગિરનાર પર્વત પર થી શાંતિનો સંદેશ ફેલાય તે અત્યંત મહત્વપૂર્ણ બાબત છે.

ભારતમાં દરેક ધર્મને સમાનતા મળી છે. હિંદુ, જૈન, બૌદ્ધ, શીખ, ઈસ્લામ અને અન્ય દરેક સંપ્રદાયો આ દેશના અભિન્ન અંગ છે. જો દરેક ધર્મનો માણસ પોતાના ધર્મનું પાલન કરતાં અન્ય ધર્મ પ્રત્યે સૌજન્યથી વર્તે, તો આ દેશ ન ક્યારેય ઝઘડા થાય, ન કોઈ વિવાદ. ગિરનાર



પર્વત ઐતિહાસિક રીતે જ્ઞાન અને શાંતિનું કેન્દ્ર રહ્યું છે. તેની ભૂમિ પર ફરી એકવાર શાંતિનો ઉદય થાય અને તમામ સમાજો મળીને આધ્યાત્મિક ઉત્કર્ષના પાયામાં

આભાર - નિહારીકા રવિયા સહભાગી બને, તે જ દેશહિત અને માનવહિત છે. ચાલો આપણે બધાએ શપથ લઈએ કે ધાર્મિક સ્થળો પર પરસ્પર સહકાર, સંવાદ અને આદરભાવ જાળવીને ગિરનારને વિશ્વના માનચિત્ર પર શાંતિનું અનોખું તીર્થ બનાવી રાખીશું.ડિસ્કલેમરઃઆ લેખ માત્ર સદભાવના, શાંતિ અને સહઅસ્તિત્વના હેતુથી લખાયેલ છે. કોઈ પણ ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડવાનો આશય નથી. વાસ્તવિક કાનૂની પાસાંઓ અને સુરક્ષા વ્યવસ્થા અંગે સત્તાવાર અને સ્થાનિક દાખલાઓ સ્વીકૃત છે.

# ભારતે વન-ડે શ્રેણી પણ ગુમાવી : ઈંગ્લેન્ડ સામે હાર્યું

## વન-ડે રેન્કિંગમાં સાતમાં ક્રમે રહેલા ઈંગ્લેન્ડે ટી૨૦ બાદ વન-ડે સિરીઝમાં પણ ભારતને હરાવ્યું : લોર્ડ્સ ખાતેની મેચમાં રોહિત શર્માની સદી પણ એળે ગઈ : લોર્ડ્સની પીચ ઉપર ૭૪૭ રન બન્યા








લંડન,

વન-ડેના સાતમા નંબરના ઈંગ્લૅન્ડ (૩/૩૮૭) સામે વર્લ્ડ નંબર-વન ભારત (૭/૩૬૦)નો ૨૭ રનથી પરાજય થયો હતો. બ્રિટિશરોએ સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી.લૉર્ડ્સની બૅટિંગ-પિચ પર અઢળક રન (૭૪૭) બન્યા હતા અને ભારતના ટૉપ-ઑર્ડરે બ્રિટિશરોને જોરદાર લડત આપી હતી, પણ સાત બોલરના આક્રમણ વચ્ચે મિડલ-ઑર્ડરે દાટ વાળ્યો હતો અને છેવટે ભારતે મૅચમાં અને સિરીઝમાં હાર જોવી પડી. આ જ મહિનામાં ઇંગ્લૅન્ડ સામે ટી-૨૦માં ભારતનો ૦-૪થી રકાસ થયો હતો.લૉર્ડ્સમાં છેલ્લી વખત રમેલા રોહિત શર્મા (૧૩૮ રન, ૧૧૦ બૉલ, પાંચ છગ્ગા, સત્તર ચોગ્ગા) સાથે ૧૪૭ રનની ભાગીદારી કરીને કૅપ્ટન શુભમન ગિલ (૭૭ રન, ૮૪ બૉલ, એક છગ્ગો, દસ ચોગ્ગા) આઉટ થયો ત્યાર પછી રોહિત સાથે વિરાટ કોહલી (૭૪ રન, ૬૦ બૉલ, ત્રણ છગ્ગા, ચાર ચોગ્ગા) જોડી જમાવી હતી. ૩૯મી ઓવરમાં રોહિત-વિરાટની ભાગીદારી ૧૧૩ રનની થઈ હતી અને વિરાટ ૩૮ રન પર હતો ત્યારે રોહિતે પોતાના ૧૩૮ રનના સ્કોર પર નૉન-રેગ્યુલર લેફ્ટ-આર્મ સ્પિનર જેકબ બેથેલના બૉલમાં સ્વીપ શૉટની લાલચમાં વિકેટ ગુમાવી હતી. કમબૅકમાં તેની યાદગાર સેન્ચુરીની સફર પૂરી થઈ હતી.ત્યાર બાદ વિરાટને પછીના બૅટ્સમેનોનો સારો સાથ નહોતો મળ્યો. ભારત ૪૩મી ઓવરમાં ૩૦૦ રન પર પહોંચ્યું હતું અને જીતવાની આશા હતી, પરંતુ કિશન (૧૪ રન) સૅમ કરૅન (૧૦-૦-૭૫-૪)ના ધીમા બૉલમાં રેહાન અહમદને કૅચ આપી બેઠો એના બે બૉલ બાદ કરૅનના વધુ એક સ્લો બૉલમાં શ્રેયસ ઐયર (૦) પણ રેહાનને કૅચ આપી દીધો હતો. રેહાનનો આ બીજો કૅચ અદ્ભુત હતો. ટૂંકમાં, ૩૦૪ રનના સ્કોર પર ભારતને એક ઓવરમાં બે ઝટકા લાગ્યા હતા. સૅમ કરૅનની પછીની ઓવરમાં વિરાટે તેના બૅક ઑફ અ લેન્ગ્થ બૉલમાં કૅચ આપી દીધો હતો અને ત્યારે જ ભારતની જીતની આશા પર પાણી ફરી વળ્યું હતું. કરૅને આઠ બૉલમાં પાંચ રનના ખર્ચે ત્રણ મહત્ત્વની વિકેટ લીધી હતી. પછીથી રાહુલ (૧૨ રન)ની વિકેટ જોફ્રા આર્ચરે અને અક્ષર (બે રન) કરૅને લીધી હતી. ઇંગ્લૅન્ડે બૅટિંગ લીધા બાદ ૫૦ ઓવરમાં ત્રણ વિકેટે ૩૮૭ રન બનાવ્યા હતા. ઓપનર બેન ડકેટ (૧૪૧ રન, ૧૩૫ બૉલ, એક છગ્ગો, અઢાર ચોગ્ગા) અને જેકબ બેથેલ (૯૧ રન, ૯૩ બૉલ, બે છગ્ગા, અગિયાર ચોગ્ગા)ની જોડીએ ૧૮૧ બૉલમાં ૧૯૨ રનની ભાગીદારી કરી હતી. જૉ રૂટ (૭૪ અણનમ, ૪૮ બૉલ, નવ ચોગ્ગા) અને વિકેટકીપર જૉસ બટલર (૪૧ અણનમ, ૧૩ બૉલ, ત્રણ છગ્ગા, ચાર ચોગ્ગા)એ પણ ટીમને ઉપયોગી યોગદાન આપ્યા હતા. જસપ્રીત બુમરાહ ઈજાને કારણે આ મૅચમાં નહોતો રમ્યો. બ્રિટિશરોની ત્રણમાંથી બે વિકેટ પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના (૧૦-૨-૬૯-૨)એ અને એક વિકેટ પ્રિન્સ યાદવે (૧૦-૦-૭૯-૧) લીધી હતી. બાકીના ત્રણ ભારતીય બોલરને વિકેટ તો નહોતી મળી, તેમની બોલિંગમાં બ્રિટિશ બૅટ્સમેનોએ પુષ્કળ રન બનાવ્યા હતાઃ ગુરનૂર બ્રાર (૧૦-૦-૯૭-૦), અર્શદીપ સિંહ (૧૦-૦-૭૨-૦) અને અક્ષર પટેલ (૧૦-૦-૬૧-૦).

## પેડ્ડી રો પછી જાહ્નવી કપૂરને નવી ફિલ્મ મળી; તે દિગ્દર્શક ઉમેશ બિષ્ટ સાથે કામ કરશે



મુંબઈ,

જાહ્નવી કપૂરના નવા પ્રોજેક્ટનું હજુ સુધી નામ નક્કી થયું નથી. તેને એકતા કપૂરની બાલાજી મોશન પિક્ચર્સ અને ગુનીત મોંગાની શીખ્યા એન્ટરટેઈનમેન્ટ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. કલાકારો અને ક્રૂ આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરની આસપાસ શૂટિંગ શરૂ કરશે. વાર્તા, શૈલી અને કલાકારો વિશે હજુ સુધી વધુ માહિતી નથી.

બીજી બાજુ, ઉમેશ બિષ્ટ 'પગલૈત ૨' ના દિગ્દર્શનમાં પણ વ્યસ્ત છે. તે ૨૦૨૧ ની નેટફ્લિક્સ ફિલ્મની સિક્વલ છે. સાન્યા મલ્હોત્રા સંધ્યા તરીકેની મુખ્ય ભૂમિકા ફરી ભજવે તેવી અપેક્ષા છે. બીજો ભાગ વાર્તાને આગળ વધારશે.

## નેહા ધૂપિયાએ કામ કરતી મહિલાઓ વિશે વાત કરી, તેમના જીવનસાથીનો ટેકો આવશ્યક ગણાવ્યો



મુંબઈ,

નેહા ધૂપિયાએ અભિનેત્રી સોહા અલી ખાનના પોડકાસ્ટમાં ભાગ લીધો હતો. આ પોડકાસ્ટમાં, નેહાએ લગ્ન અને માતા બન્યા પછી થયેલા ફેરફારોની ચર્ચા કરી. તેણીએ એ પણ સમજાવ્યું કે કામ કરતી મહિલાઓ માટે ટેકો વિના જીવન સરળ નથી.

નેહા ધૂપિયાએ ખુલાસો કર્યો કે તેની પુત્રી મેહરના જન્મ પછી તેનું જીવન નોંધપાત્ર રીતે બદલાઈ ગયું.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | વિ | ચા | ર | ણા | સ | ર | વા | ળો | કા | મો | ભો |
| ર | લ | ળ | ધ | રી | ક્રો | શિ | સા | ક્ષ | ત | કા | વિ |
| ન | આ | ક્ષ | ક | ર | ઐ | ક્ષ | લ | ઈ | ર | ધ | જ્ઞા |
| કા | હિ | ર | વા | પ્ર | સ | ક | સ | ક | ધ | દ | ન |
| વ | ગી | કા | ણે | ક | બ | ળો | ક | ઐ | ર | રા | હા |
| ક | મા | બં | ધ | ઈ | પ્ર | કા | ઐ | પ્ર | દ | દ | બ |
| ક | ડી | ફ | ર | આ | અં | ફ | પ્ર | બા | ર | સા | ખ |
| ર | ણ | કા | ર | ઓ | વા | ભો | ર | વિ | ર | ક્ષ | સ |
| ળ | હા | ર | ર | શિ | કુ | બ | ખ | લી | સા | કા | કા |
| વિ | સા | ર | ક્ષ | ર | દ | લ | જી | ળ | ર | ર | રો |
| લી | સ | ણ | બં | અ | ફ | મ | વા | ક્ષ | સા | મો | વિ |
| ડો | ભો | મા | ધ | ધ | ભો | શ | ગ | ભ | ગ | ન | રા |

**શબ્દ શોધો:** મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

## પીવી સિંધુએ જાપાન ઓપન સુપર ૭૫૦ ટૂર્નામેન્ટ જીતીને દોઢ વર્ષના ટાઈટલ દુકાળનો અંત આણ્યો





ટોકિયો,

ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુએ જાપાન ઓપન ૨૦૨૬ જીતીને નવો ઈતિહાસ રચ્યો છે. આજની ફાઈનલ મેચમાં ભારતીય શટલર પીવી સિંધુએ યજમાન રાષ્ટ્રની અકાને યામાગુચી સાથે થયો હતો, જેમાં સિંધુએ મેચ જીતીને પોતાને નામે નવો વિક્રમ નોંધાવ્યો છે. યામાગુચી સામેની સીધી ગેમમાં ૨૧-૧૭, ૨૧-૧૭ સેટથી સિંધુએ ટ્રોફી જીતી હતી. સિંધુ જાપાન ઓપન જીતનારી સૌથી પહેલી ભારતીય શટલર બની છે, જે જીતવાને કારણે લગભગ દોઢેક વર્ષના ટાઈટલ દુકાળનો અંત લાવી છે.

૨૦૧૯ પછી સૌથી મોટો ખિતાબ જીતવાનો વિક્રમ

જાપાન ઓપન પૂર્વે સિંધુએ ૨૦૦૪ ડિસેમ્બરમાં સૈયદ મોદી ઈન્ટરનેશનલ ટ્રોફીમાં શાનદાર વિજય મેળવ્યો હતો, ત્યાર પછી મોટા ભાગની ટૂર્નામેન્ટમાં પડકારનો સામનો કરવો પડ્યો હતો. પીવી સિંધુ જાપાન ઓપનમાં આ જીત ૨૦૧૯માં વર્લ્ડ ચેમ્પિનશિપ જીત્યા પછીનો તેનો સૌથી મોટો ખિતાબ જીતી છે.

જાપાન ઓપનમાં પીવી સિંધુના શાનદાર ફોર્મને કારણે તેને ફાઈનલમાં પણ પોતાની શાનદાર ઈનિંગ રમીને નવવો ઈતિહાસ રચ્યો છે. સિંધુ પહેલા સેટની શરુઆતમાં ૧૧-૯થી પાછળ હતી, પરંતુ એના પછી અકાનેને ૨૧-૧૭થી હરાવીને વાપસી કરી હતી. બીજા સેટની શરુઆતથી સિંધુએ યામાગુચીને તક આપી નહોતી. બીજા સેટમાં યામાગુચીએ વાપસી કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સિંધુએ મચક આપી નહોતી. બીજા સેટમાં પણ ૨૧-૧૭ના અંતરથી પોતાના નામે કરવાની સાથે પચાસ મિનિટમાં આખી મેચ ખતમ કરીને ખિતાબ પોતાને નામે કર્યો હતો.

ઐતિહાસિક જીતથી વર્લ્ડ રેન્કિંગમાં થશે ફાયદો

અહીં એ જણાવવાનું કે જાપાન ઓનપ સુપર ૭૫૦ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં પીવી સિંધુએ સેમી ફાઈનલમાં ચીનની ખેલાડી અને ઓલિમ્પિક ચેમ્પિયન ચેન યુફેઈ સાથે કર્યો હતો, જેમાં મેચના પહેલો સેટ ૨૧-૧૯થી જીત્યો હતી, જ્યારે બીજા સેટમાં પણ એ ૧૫-૧૦ના અંતરથી ચેન યુફેઈ હેમસ્ટ્રિંગની ઈજાને કારણે મેચમાંથી બહાર થઈ ગઈ હતી, જ્યારે ક્વાર્ટર ફાઈનલ મેચમાં સિંધુને વોકઓવર મળ્યું હતું. સિંધુની ઐતિહાસિક જીતને કારણે વર્લ્ડ રેન્કિંગમાં પણ તેને મોટો ફાયદો થશે, જ્યારે એશિયન ગેમ્સ ૨૦૨૬માં પદક જીતવાની પણ સંભાવના વધી ગઈ છે.

## સલમાન ખાનના બદલાયેલા લૂકથી ચાહકોની ચિંતા વધી





મુંબઈ,

સલમાન ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે, જેમાં એના લૂકને જોઈને ફેન્સ ચોંકી ગયા છે, જ્યારે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા પછી લોકોએ સવાલ કરી રહ્યા છે કે આખરે સલમાન ખાનને શું થઈ ગયું છે? સલમાન ખાન એક ઈવેન્ટમાં જોવા મળ્યો હતો. 'ભાઈજાન'નો લેટેસ્ટ લૂક જોઈને યૂઝર્સે પણ એની તબિયત પૂછી રહ્યા છે. સલમાન ખાન તાજેતરમાં સ્લમ રીહેબિલિટેશન સેન્ટરની ઓફિસમાં પહોંચ્યો હતો.

જ્યાં સલમાન ખાને એક સર્વર રૂમનું ઉદ્ઘાઘાટન કર્યું હતું. ડેટા ક્લેક્શન અને વેરિફિકેશન સપોર્ટ સેન્ટરનું લોકાર્પણ કરીને ત્યાંની ઓથોરિટી સાથે સંવાદ કર્યો હતો. આ દરમિયાન ડેનિમના શર્ટ અને જીન્સના આઉટફિટમાં તે જોવા મળ્યો હતો. આ લૂકો પૂરો કરવા માટે તેણે ગ્રીન કલરની કેપ પહેરી હતી.

આ વીડિયોમાં તે પહેલા કરતા ઘણો પાતળો જોવા મળ્યો હતો. આવો લૂક્સ જોઈને ફેન્સ સલમાનને સવાલ કરી રહ્યા છે કે આખરે તમારી તબિયત તો સારી છે ને? ફેન્સ સલમાનની તબિયત અંગે પ્રાર્થના કરી રહ્યા છે.

કેટલાક યુઝર્સ માનવા તૈયાર નથી કે આ સલમાન ખાન છે. કેટલાક ફેન્સ એવું કહે છે કે, આ ભાઈજાનનો નવો લૂક હોઈ શકે છે. ફિલ્મ માટે તેણે આવું કર્યું હોઈ શકે છે. એક યુઝરે તો કમેન્ટમાં સવાલ કરી નાંખ્યો કે, આ ખરેખર ઓરિજિનલ સલમાન જ છે ને? એક યુઝરે લખ્યું કે, શૅરા ૫૭ વર્ષની વયે ફીટ છે તો પછી સલમાન ૬૦ વર્ષની વયે પણ કેમ આવા?

અન્ય એક યુઝરે કહ્યું કે, સલમાનની તબિયત ખરાબ લાગી રહી છે, ભગવાન એમની તબિયત ઝડપથી સારી કરી દે. એકવારમાં એવું માની લેવામાં આવે કે, સલમાન નકલી છે પણ પાછળ શૅરા તો અસલી છે. આ વીડિયોને લઈને સલમાન ખાને હજુ સુધી કોઈ પ્રકારની પ્રતિક્રિયા આ વીડિયો અંગે કોઈ આપી નથી. હવે તેની ફિલ્મ માતૃભૂમિ આવી રહી છે. આ ફિલ્મ ડીલે થઈ હોવાના રિપોર્ટ મળ્યા છે.

આ ફિલ્મનું હાલમાં માત્ર ટીઝર આવ્યું છે. તારીખ અંગે હજુ સુધી મેકર્સની ટીમમાંથી કોઈએ સ્પષ્ટતા કરી નથી. આ સિવાય સલમાન ખાન વધુ એક ફિલ્મી પ્રોજેક્ટમાં જોડાયેલા હોવાની વિગત છે. આ વીડિયોને લઈને ખાસ કોઈ વિગત સામે આવી નથી.

# શિક્ષણ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તનની હાકલ

- રાજનીતિથી પર અને સ્વાયત્ત નીતિ જ ભારતનું ભવિષ્ય બદલશે
- શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન નથી, પણ સમગ્ર સમાજ અને નાગરિકોના ચરિત્ર ઘડતરનો મજબૂત પાયો છે.



કોઈપણ દેશના વિકાસની ઈમારત તેના શિક્ષણના પાયા પર જ ચણાય છે. પરંતુ, શું આપણી વર્તમાન શિક્ષણ વ્યવસ્થા આ લાંબાગાળાના ધ્યેયને સિદ્ધ કરવા સક્ષમ છે? આજે સમય પાકી ગયો છે કે આપણે શિક્ષણને તત્કાલીન રાજકીય નિર્ણયોમાંથી મુક્ત કરી એક દીર્ઘદ્રષ્ટિવાળી સ્વાયત્ત વ્યવસ્થા તરફ લઈ જઈએ.

આ વિષય પરત્વે વર્તમાન સમયમાં નીચે મુજબના પાયાના અને ગંભીર મુદ્દાઓ પર મંથન કરવું અને તેમાં બદલાવ લાવવો અનિવાર્ય બન્યો છે:

૧. સ્વાયત્ત શૈક્ષણિક પોલિસી:

સત્તા બદલાય, પણ શિક્ષણની દિશા ન બદલાય

★ શિક્ષણની કોઈપણ પોલિસી અમલમાં મૂકતા પહેલાં તેની લાંબા ગાળાની સામાજિક તથા માનવીય વ્યક્તિત્વ વિકાસ પર થતી અસરોનો ઊંડો અભ્યાસ થવો જોઈએ.

★ આ નીતિ સચિવશ્રી કે શિક્ષણમંત્રી બદલાય એટલે બદલાઈ જાય તેવી ન હોવી જોઈએ.એક સચિવ નિર્ણય લે કે ધો.૧૨ સાયન્સમાં સેમેસ્ટર વ્યવસ્થા હોવી જોઈએ..નવા સચિવ એ બદલી વાર્ષિક કરે..આ બન્ને નિર્ણયો માં કોઈ લાંબા ગાળાની અસરો જોવાઈ હતી ખરી ?? વચ્ચે શિક્ષણમંત્રી ધો.૧થી ૮માં નાપાસ ન કરવાની પોલિસી લાવ્યા.. ઘણા વર્ષો પછી ખબર પડી આ પોલિસીથી બાળકો નબળા રહી જાય છે..હવે રી ટેસ્ટની પોલિસી લાવ્યા છે.

★ સરકાર ભલે બદલાય, પણ એકવાર બનેલી સ્વાયત્ત અને સ્વૈચ્છિક શૈક્ષણિક પોલિસી નવી સરકારે પણ ફરજિયાતપણે આગળ ધપાવવી પડે તેવી કાનૂની સ્થિરતા હોવી જરૂરી છે.

૨. રાજકીય પ્રભાવથી મુક્ત શિક્ષણ વ્યવસ્થા

★ શિક્ષણ જ્યારે સમાજના ઘડતરનું સૌથી અગત્યનું પરિબળ છે, ત્યારે સમગ્ર શૈક્ષણિક માળખું રાજકીય લાભ-ગેરલાભ કે પ્રભાવથી તદ્દન પર હોવું જોઈએ.લોકોને ખુશ કરવા ખાનગી શાળાઓમાં ફી નિયમન કમિટી મૂકી..ખરેખર સમગ્ર ગુજરાતમાં ૧૬૦૦૦ શાળાઓ માંથી ૨૦%શાળાઓ જ ફીમાં નિયંત્રણની જરૂરત હતી..જ્યારે ૧૨૦૦૦ શાળાઓમાં આજે પણ પ્રાથમિક શિક્ષણ ખાનગી શાળામાં વાર્ષિક ૧૫૦૦૦ કરતા ઓછામાં થાય છે.આજે પણ ગામડાની ખૂબ નાની શાળાઓ ૧૦૦૦૦ કરતા પણ ઓછી ફીમાં ભણાવે છે.જે વાસ્તવિકતા સર્વ જાણે છે..હા સમગ્ર ગુજરાતની તમામ સરકારી પ્રાથમિક શાળામાં એક બાળક પાછળ ખાનગી શાળાના ૧૫૦૦૦ સામે ૪૭૦૦૦ થી ૭૦૦૦૦ સુધીનો ખર્ચ કરે છે જે સત્તાવાર આંકડાઓ સર્વ જાણે છે.તો રાજકીય લાભ ખાટવા FRC લાવીને કેટલી વહીવટી અવ્યવસ્થાઓ ઉભી થઇ એ કોઈએ જોવાનું નહિ??

★ શિક્ષણના નિર્ણયો વોટબેંક કે રાજકીય એજન્ડાના આધારે નહીં, પણ માત્ર અને માત્ર સામાજિક અસરો અને રાષ્ટ્રનિર્માણના આધારે જ લેવાવા જોઈએ.બાળકનું ભવિષ્ય નીર્ધાર કરતી પરીક્ષાના પેપરો ફૂટે સમગ્ર દેશના લાખો લોકો હેરાન પરેશાન થાય..આપઘાત પણ કરે છતાં કોઈ પણ તેના માટે જવાબદાર નહીં..કોઈ નક્કર ફેરફારો પણ નહીં..જે ખૂબ દુઃખદ છે.. ખરેખર પેપર નથી ફૂટતા માણસાઈ ફૂટી રહી હોય તેવું લાગે છે..

૩. પોલિસી નિર્માણમાં 'નિષ્ણાતો'ની અનિવાર્યતા (ગ્રાઉન્ડ લેવલનો અનુભવ)

★ શિક્ષણ નીતિના ઘડતરમાં માત્ર વહીવટી અધિકારીઓ નહીં, પરંતુ શિક્ષણ ક્ષેત્રના પરફેક્ટ અને તજજ્ઞ વ્યક્તિઓ જ હોવા જોઈએ.

★ જે લોકોએ ગ્રાઉન્ડ લેવલે, એટલે કે શાળાઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે રહીને વર્ષો સુધી કામ કર્યું છે, તેમના અનુભવનો નીતિ ઘડતરમાં સીધો ઉપયોગ થવો જોઈએ.

૪. નેતૃત્વ માટે 'અનુભવ'નું કડક ધોરણ

★શિક્ષણમંત્રી: શિક્ષણમંત્રી એ જ વ્યક્તિ બની શકે, જેણે પોતાના જીવનના અમુક ચોક્કસ વર્ષો શિક્ષણ ક્ષેત્રમાં સક્રિયપણે આપ્યા હોય અને તેનો બહોળો અનુભવ હોય.

★ IAS અધિકારીઓ:

શિક્ષણ વિભાગમાં નિર્ણાયક ભૂમિકા ભજવતા ં છજી અધિકારીઓની પસંદગી માટે પણ તેમનો શૈક્ષણિક સંસ્થાઓ સાથેનો ચોક્કસ વર્ષોનો કાર્યઅનુભવ જ મુખ્ય ધોરણ હોવું જોઈએ.

૫. ત્રિપાંખીયા માળખાનું સુવ્યવસ્થિત સંકલન

★ ભારતના ભવિષ્યને ધ્યાનમાં રાખીને સરકારી, ગ્રાન્ટેડ (અનુદાનિત) અને સેલ્ફ-ફાયનાન્સ (ખાનગી) શાળાઓની સમગ્ર વ્યવસ્થામાં મોટા સુધારા જરૂરી છે.

★ ત્રણેય પ્રકારની શાળાઓનું સંચાલન દેશના લાંબા ગાળાના હિતો અને સમાન શૈક્ષણિક સ્તરને ધ્યાનમાં રાખીને સુવ્યવસ્થિત કરવું આજના સમયની માંગ છે.

૬. માર્ક્સવાદથી સ્કીલ-આધારિત મૂલ્યાંકન અને ભરતી તરફ પ્રયાણ

★ આપણી સમગ્ર પરીક્ષા અને મૂલ્યાંકન પદ્ધતિને વ્યવસાયિક ઢાંચાની જરૂરિયાત મુજબ બદલવી પડશે.

★ માત્ર ગોખણપટ્ટી આધારિત માર્ક્સ કે માત્ર એક સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે નોકરીઓ આપવાની પ્રથા બંધ થવી જોઈએ. તેના સ્થાને વિદ્યાર્થીના સાચા વ્યક્તિત્વ, તેની વિશિષ્ટ કુશળતા (Skills) અને ક્ષમતાના આધારે જ નોકરી કે ભરતીનું સિલેક્શન માળખું ગોઠવવું જોઈએ.

અંતિમ વિચાર:

- ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટે સમગ્ર શિક્ષણ વ્યવસ્થામાં આ આમૂલ ફેરફારો ખૂબ જ જરૂરી છે. જો આપણે એક સક્ષમ, નૈતિક અને પ્રગતિશીલ સમાજનું નિર્માણ કરવું હશે, તો શિક્ષણને રાજનીતિના ચોકઠામાંથી બહાર કાઢીને, તેને સાચા અર્થમાં સ્વાયત્ત અને 'શિક્ષણવિદોના હાથમાં' સોંપવું જ પડશે

**-મનહર રાઠોડ**
**એમડી. જ્ઞાનગુરુ એજ્યુ.હબ-ભાવનગર**

# રાજકોટમાં ચાંદીપુરા વાયરસના ખતરા સામે મનપા આરોગ્ય તંત્ર સતર્ક

## મનપા-મેડીકલ કોલેજના સત્તાધીશોની ડોકટર એસો. સાથે બેઠક યોજાઇ



રાજકોટ,
મનપા આરોગ્ય શાખા, ઈન્ડીયન મેડીકલ એસો., ઈન્ડિયન એકેડેમી ઓફ પીડીયાટ્રીક અને ફીઝીશીયન એસો. અને પી.ડી.યુ. મેડીકલ કોલેજના સંયુક્ત ઉપક્રમે ચાંદીપુરા વાયરસની અટકાયત, જનજાગૃતિ અને બાળકોમાં એક્યુટ એન્સેફેલાઈટિસ સિન્ડ્રોમના સમયસર નિદાન અને સારવાર અંગે ગઈકાલે પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે સતત તબીબી શિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અધિકારીઓ અને નિષ્ણાંતોએ ભાગ લઈ તાજેતરની માર્ગદર્શિકા તથા નિવારક પગલાં અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

કાર્યક્રમ દરમિયાન પીડીયુ મેડિકલ કોલેજ તરફથી ડો.મનાલી વીરપરિયા, ડો. મધુલિકા મિસ્ત્રી, તથા ડો. ભાવેશ કાનાબાર દ્વારા ચાંદીપુરા વાયરસ અંગે જનજાગૃતિ, રોગની વહેલી ઓળખ, સમયસર રિફરલ, અસરકારક સર્વેલન્સ તેમજ સમુદાય સ્તરે અપનાવવાના નિવારક પગલાં અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ડો.તેજસ કરમટા, પ્રેસિડેન્ટ, ડો. બીરજુ મોરી, સેક્રેટરી, ડો. કુણાલ આહિયા, પ્રેસિડેન્ટૅ છઁ, ડો. સાવન વામજા સેક્રેટરી, ડો. ધ્રુવ કોટેચા સેક્રેટરી સહિતના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહાનુભાવોએ ચાંદીપુરા વાયરસ સામે આરોગ્ય વિભાગ અને ખાનગી બાળરોગ નિષ્ણાતો વચ્ચેના સંકલનને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમના અંતે તમામ તબીબોને ચાંદીપુરા અંગે શંકાસ્પદ કેસોની તાત્કાલિક જાણ, સમયસર સારવાર, જનજાગૃતિ અને અસરકારક સર્વેલન્સમાં સક્રિય સહભાગી બનવા આરોગ્ય અધિકારી ડો. જયેશ વકાણી દ્વારા અપીલ કરવામાં આવી હતી.

# જૂનાગઢ પોલીસે રવની ગેંગના શખ્સોની ૨.૯૬ કરોડની સ્થાવર જગમ મિલ્કત ટાંચમાં લીધી

## જમીન, એફ.ડી. અને વાહનો જપ્ત કર્યાઃ ગેંગના સાગરીતો સામે કડક કાર્યવાહી



જૂનાગઢ,
જૂનાગઢ પોલીસ દ્વારા કુખ્યાત રવની ગેંગ સામે ગુજસીટોક એકટ હેઠળ ગેરકાયદેસર ની મિલ્કતો જપ્ત કરવાની કાર્યવાહી કરાઇ છે.

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક, રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના તેમજ પોલીસ અધિક્ષક શ્રી સુબોધ ઓડેદરા સાહેબની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ચાલતી ગેર-કાયદેસર અસામાજીક ઈસમો દ્વારા કરવામાં આ કામગીરીમાં નાયબ પોલીસ અધિક્ષક, આઇ.સી કેશોદ વિભાગ, કેશોદ હિતેષ ધાંધલ્યા, તથા પોલીસ ઈન્સ શ્રી. એમ.ડી. ચૌધરી, કેશોદ પો. સ્ટે. તથા વુ. પો. સબ.ઈન્સ. શ્રી ડી.સી. માઢક વંથલી પો. સ્ટે. તથા એ.એસ.આઇ. યોગેશભાઇ કેશવાલા, પોલીસ હેડ કોન્સ. દેવેન્દ્રસિંહ જયેન્દ્ર સિંહ ચુડાસમા તથા પો. કોન્સ. દિનેશભાઇ, લખમણભાઇ તેમજ કેશોદ અને વંથલી પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ વિગેરેનાઓ સાથે રહી આ કામગીરી કરેલ છે.

પોલીસ રહીમ ઉર્ફે ખુરી ઈસ્માઈલભાઇ ઉર્ફે ઈસાભાઇ સાંધ (ગામેતી) હનીફ ઉર્ફે હનો ઈસ્માઈભાઇ સાંધ, અમીન ઈસ્માઈલ ભાઇ સાંધ ભાવિન ઉર્ફે કાનો મનસુખભાઇ પાડલીયા (ઝાપોદડ) બોદુ અબુભાઇ પલેજા (સોનારડી) સામે કાર્યવાહી કરીને તેની ખેતીની જમીન જે આશરે કુલ-૧૨૩ વિઘા તથા બેંકમાં રાખવામાં આવેલ ફિકસ ડીપોઝીટ તથા વાહનો કુલ-૦૫ જેમાં જે.સી.બી. બુલેટ તથા ૨ મોટર સાયકલ વિગેરે મળી કુલ કિ. રૂા.૨,૯૬,૪૮, ૧૬૭/-ની સ્થાવર જગમ મિલ્કત રાજય સરકારશ્રીના હુકમ મુજબ ટાંચમાં (જપ્ત) કરવામાં આવેલ છે.

# રાજકોટ શહેરમાં જુગારના ત્રણ દરોડામાં બે મહિલા સહિત ૧૬ ઝડપાયા

## યુનિ. રોડ પર ભગ શિવ શક્તિ સોસાયટી, લાલપરીમાંથી પોલીસે રૂા.૧.૨૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ,
રાજકોટ શહેરમાં અલગ-અલગ ૩ સ્થળે ચાલતા જુગારધામ ઉપર પોલીસે દરોડા પાડી પતા ટીંચતા ૨ મહિલા સહિત ૧૬ શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસે પટમાંથી રૂા.૧.૨૨ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઇ એસ.એમ.રાણા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન યુનિ. રોડ પર ભગતસિંહ ગાર્ડન પાસે શિવ શક્તિ સોસાયટીમાં મિલન ચોથાણી નામનો શખ્સ પોતાના મકાનમાં જુગારધામ ચલાવતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી પતા ટીંચતા મકાન માલિક મિલન અરવિંદભાઇ ચોથાણી ઉપરાંત કૌશીક મનસુભાઇ ગલાણી, મિતુલ સુરેશભાઇ ગીનોયા, રાહુલ પરસોતમભાઇ તાળા, સુભાષ મોહનભાઇ ગઢીયા, ધ્રુપેશ ભીખાભાઇ ગાજીપરા અને સાગર જેન્તીભાઇ સવાણીને ઝડપી પાડી પટમાંથી રૂા.૫૬,૫૦૦ની રોકડ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

બીજા દરોડામાં એલસીબી ઝોન-૨ના પીએસઆઇ એસ.વી.ચુડાસમાં, એએસઆઇ જેન્તીભાઇ ગોહીલ, હરપાલસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમીના આધારે પરસાણાનગર શેરી નં.૭માં રહેણાંક મકાનમાં દરોડો પાડી જુગાર રમતા બીપીન રમેશભાઇ પરમાર, વિપુલ રાજુભાઇ મેરાણ અને પ્રજ્ઞેશ અનીલભાઇ જેઠવાને ઝડપી પાડી પટમાંથી રૂા.૫૫,૫૦૦ની રોકડ કબજે કરી હતી.

જયારે બી ડિવિઝન પોલીસે બાતમીના આધારે લાલપરી દરોડો પાડી જુગાર રમતા અબાશ ઈસ્માઈલભાઇ રાઉમા, ધીરુ ગાડુભાઇ તલસાણીયા, મનસુખ તુલીશભાઇ બાવરીયા, નીતિન અમરશીભાઇ સાલાણી, ગૌરીબેન સવજીભાઇ લગવાડીયા અને વીજ્યાબેન ગોરર્ધનભાઇ સેલાણીયાને ઝડપી પાડી રૂા.૧૦,૪૯૦ની રોકડ કબજે કરી હતી.

# જુનાગઢમાં ટ્રેન હડફેટે અજાણી મહિલાનું મોત

જુનાગઢ,
ગત તારીખ ૨- ૭ના જુનાગઢ સી ડિવિઝન હદના ચોબારી રેલવે ફાટક પાસે એક અજાણી સ્ત્રી ઉંમર ૪૫ વળીને રેલવે અકસ્માતમાં ગંભીર જાઓ થતાં જુનાગઢથી રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવતા જ્યાં તેમનું મોત નોંધાયું હતું તે ડિવિઝન પોલીસે તપાસ કરી છે. જુનાગઢ તાબેદ ના જાલણસર ગામે રહેતા નરસિંહભાઈ ગોપાલભાઈ સાવલિયા ઉંમર વર્ષ ૫૯ને કેન્સરની બીમારી હોય જેનું ઓપરેશન કરાવેલ હોય છતાં પણ સારું ન થતાં પોતાની જાતે ઝેરી દવા પી આ ભગત કરી લેતા મોત નીપજ્યું હતું તાલુકા પોલીસે તપાસા ધરી છે.

# રાજકોટમાં ગંદકી સબબ છ મીટશોપ સંચાલકો દંડાયાઃ રૂ. ૬૦હજારનો દંડ વસૂલ

## વગર સ્ટેમ્પ વાળું મીટ તેમજ ચિકન વેચતા ૬ વેપારીઓ સામે કડક કાર્યવાહી

રાજકોટ,રાજકોટ નાગરિકોના આરોગ્ય સાથે ચેડા કરતી આ ભેળસેળ અટકાવવા માટે રાજકોટ મહાનગર પાલિકાએ કમર કસી હતી ત્યારબાદ હવે નિવાસી અધિક કલેક્ટર દ્વારા ફૂડ એન્ડ સેફ્ટી એક્ટ અંતર્ગત એક મોટી કાર્યવાહી કરી છ ધંધાર્થીઓને કુલ ૬૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, શહેરના અનેક સ્થળો અને દુકાનોમાંથી ફૂડ સેમ્પલ એકત્ર કરવામાં આવ્યા છે અને હવે આ બધામાંથી ગંદકીના કારણે છ જેટલા ધંધાર્થીઓને ત્યાંથી લીધેલા નમૂનાઓ ફેઈલ થયા હતા તમામને અલગ અલગ દંડ ફટકારવામાં આવ્યો છે.પરા બજાર અને કુવાડવા વિસ્તારમાં અત્યંત ગંદકી તેમજ અસ્વચ્છ પરિસ્થિતિમાં અને વગર સ્ટેમ્પ વાળું મીટ તેમજ ચિકન વેચતા ૬ વેપારીઓ ઝડપાયા છે.

આ તમામ વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરીને પ્રત્યેકને રૂ.૧૦,૦૦૦ લેખે કુલ રૂપિયા ૬૦,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે. જેમાં નાસીર હુસેન માંડલીયા (વસીલા મટન શોપ, કુવાડવા, પરા બજાર)ને રૂ.૧૦ હજાર, જાકીર યુસુફભાઇ ચૌહાણ (શાલીમાર મટન શોપ, કુવાડવા, પરા બજાર, રાજકોટ)ને રૂ.૧૦ હજાર, સલીમ કરીમભાઇ માંડલીયા (એ વન ફ્રેશ મીટ, કુવાડવા, પરા બજાર, રાજકોટ)ને રૂ.૧૦ હજાર, મહેબુબ આમદભાઇ માંડલીયા (તકદીર મટન, કુવાડવા, પરા બજાર, રાજકોટ)ને રૂ.૧૦ હજાર, ફરીદભાઇ તૈયબભાઇ શીકારા (ફરીદ ચીકન, કુવાડવા, પરા બજાર, રાજકોટ)ને રૂ.૧૦ હજાર, ફિરોજભાઇ મેમણ (જી.એન. ચીકન, કુવાડવા, પરા બજાર, રાજકોટ)ને રૂ.૧૦ હજાર સહિત કુલ ૬૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

# વેરાવળના ડારી ગામે કડીયા કામ વખતે પટકાતાં શ્રમિકનું મૃત્યુ

રાજકોટ,વેરાવળ સોમનાથ તાબેના ડારી ગામે રહેતાં કાનજીભાઇ દાનાભાઇ ધારેચા (ઉ.વ.૪૧) તા. ૧૪ના રોજ ભાલકામાં પેટ્રોલ પંપ નજીક આવેલા ગોડાઉન ખાતે હતાં કડીયા કામ કરતાં હતાં ત્યારે દસેક ફુટની ઉંચાઇ પરથી અકસ્માતે પડી જતાં ગંભીર ઈજા થતાં મૃત્યુ થયું છે.

કાનજીભાઇ ત્રણ ભાઈમાં વચેટ હતાં. તેમને સંતાનમાં ચાર દિકરી છે. પોતે કડીયા કામની મજુરી કરી ગુજરાન ચલાવતાં હતાં. હાલમાં ભાલકામાં પેટ્રોલ પંપ પાસે ગોડાઉન ખાતે કડીયા કામ ચાલુ હોઈ ત્યાંજ પહેલા માળે કામ કરતી વખતે અકસ્માતે પડી જતાં ગભીર ઈજા થઇ હતી.

# રાજકોટમાં સાત સ્વરૂપ હવેલી ટ્રસ્ટ દ્વારા વૈષ્ણવ સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

રાજકોટ,
સાત સ્વરૂપ હવેલી ટ્રસ્ટ દ્વારા રાજકોટમાં વસતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિવારોના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રોત્સાહિત કરવા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવાચાર્યોના વરદ હસ્તે સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ અંગેની વિગતો આપવા 'સાંજ સમાચાર'ના આંગણે ટ્રસ્ટના પ્રમુખ માધવભાઈ સોની તથા મંત્રી અરવિંદભાઈ પાટડીયા આવેલા હતા.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિવારના ધો.૧થી ૧૨ના વિદ્યાર્થીઓએ માર્ચ ૨૦૨૬માં ૯૦%થી વધુ માર્કસ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ માર્કશીટની ઝેરોક્ષ તથા પોતાનો ફોટો આપવાનો રહેશે. ઓરીજીનલ માર્કશીટ લાવવાની રહેશે.

ધો.૧થી ૯માં સૌથી વધુ માર્કસ મેળવનાર ૫ વિદ્યાર્થીઓને શીલ્ડ સર્ટિફિકેટ તથા ગીફ્ટ આપવામાં આવશે. ધો.૧૦-૧૧-૧૨માં સૌથી વધુ માર્કસ મેળવનાર ૩ વિદ્યાર્થીઓને ક્રમ પ્રમાણે શીલ્ડ સર્ટીફીકેટ તથા ગીફ્ટ આપવામાં આવશે. આગામી ઓગષ્ટ ૨૦૨૬માં સન્માન સમારંભ યોજવામાં આવશે.

સત્કાર સમારંભમાં ભાગ લેવા ઈચ્છતા પુષ્ટિમાર્ગીય પરિવારના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ છેલ્લી માર્કસીટની ઝેરોક્ષ તથા પાસપોર્ટ સાઈઝ ફોટો તા.૩૦/૭ સુધીમાં મારૂતીનંદન કોમ્પલેક્ષ, આશાપુરા મેઈન રોડ, આશાપુરા પેંડાવાળાની બાજુમાં, સાંઈ જવેલર્સ પાસે, અરવીંદભાઈ પાટડીયા (મો.૭૦૧૬૪ ૫૨૬૧૧) ખાતે સવારે ૧૧થી ૧-૩૦ તથા બપોરના પથી ૮ દરમ્યાન જમા કરાવવાની રહેશે. માર્કશીટની ઝેરોક્ષમાં પાછળ પુરૂ સરનામું તેમજ મોબાઈલ નંબર તથા પરિવારમાં કોઈપણ વ્યકિતએ બ્રહ્મસંબંધ (દીક્ષા) લીધી હોય તો તે ગુરૂનું નામ અવશ્ય લખવું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા ભાઈ-બહેનોએ કાર્યાલયનો સંપર્ક સાધવો.

# રાજકોટના પડધરી પાસે રોડ ક્રોસ કરતાં બાળકને અજાણ્યા કાર ચાલકે કચડી નાખ્યો

## મધ્યપ્રદેશથી પરિવાર સાથે ભાણેજ મામાને ઘારે આવ્યો હતો

રાજકોટ,
પડધરીમાં રહેતી પિતરાઈ બહેનને આવેલા બાળકને રમાડવા મધ્યપ્રદેશથી પરિવાર સાથે આવેલો આઠ વર્ષનો માસુમ પોતાના મામાના ભંગારના ડેલામાં પુંઠા ફેરવતો હતો ત્યારે રસ્તા ઓળંગતી વખતે અજાણ્યા કાર ચાલકે ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં ઘવાયેલા માસુમ બાળકનું મોત નિપજતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, પડધરીમાં આવેલી રવેચી હોટલ પાસે રોડ ક્રોસ કરતો વિશાલ થાવરીયાભાઈ ખરાડી નામના આઠ વર્ષના માસુમ બાળકને અજાણી કારના ચાલકે ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઘવાયેલા માસુમને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નિપજતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

પ્રાથમિક પુછપરછમાં મૃતક વિશાલ ખરાડી મુળ મધ્યપ્રદેશનો વતની અને બે ભાઈ બે બહેનમાં નાનો હતો. પડધરી રહેતાં મામાની દીકરીને પુત્રનો જન્મ થયો હતો. જેથી વિશાલ પરિવાર સાથે મધ્યપ્રદેશથી પિતરાઈ બહેનના પુત્રને રમાડવા માટે આવ્યો હતો. તે દરમિયાન મામાના ભંગારના ડેલામાં મોટાભાઈ વિશાલ સાથે પુંઠા ફેરવતો હતો તે દરમિયાન કાર ચાલકે ઠોકરે ચડાવતાં મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પડધરી પોલીસે કાર ચાલક વિરૂધ્ધ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના અંબાજી કડવા પ્લોટ વિસ્તારમાં બહેન સાથે મિલકત બાબતે યુવાનને બનેવી અને ભાણેજે ઘરમાં ઘુસી ધુસતાવ્યો

## દાદાએ પોતાની પ્રોપર્ટી પૌત્રીના નામે કરી દેતાં તેનો ખાર રાખીને ઢીકાપાટુનો માર માર્યો

રાજકોટ,
રાજકોટ શહેરના સ્વામિનારાયણ ચોક નજીક અંબાજી કડવા પ્લોટ વિસ્તારમાં પારિવારિક ઝઘડામાં મારામારીની ઘટના સામે આવી છે. દાદાએ પોતાની પ્રોપર્ટી પૌત્રીના નામે કરી દેતાં તેનો ખાર રાખીને બનેવી અને તેના દીકરાએ યુવકને ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, સ્વામિનારાયણ ચોક પાસે અંબાજી કડવા પ્લોટ મેઈન રોડ પર રહેતા અને ડ્રાઈવિંગ વ્યવસાય સાથે સંકળાયેલા ધવલભાઈ ભુપતભાઈ વાઘેલા (ઉં.વ. ૪૨) રાત્રે સાડા આઠેક વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા. તે દરમિયાન તેમના જ બનેવી રાજેશભાઈ ગોહિલ અને ભાણેજ રાજવીર ગોહિલ ત્યાં ધસી આવ્યા હતા અને ઝઘડો કરી ધવલભાઈને ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે માલવિયાનગર પોલીસને જાણ કરતા માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં ધવલભાઈના પિતા ભુપતભાઈએ પોતાની મિલકત (પ્રોપર્ટી) ધવલભાઈની દીકરી પલકના નામે કરી દીધી હતી. આ વાતનો ખાર રાખીને જમાઈ રાજેશ અને પૌત્ર રાજવીરે હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. માલવીયાનગર પોલીસે ઈજાગ્રસ્ત યુવાનનું નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં પોલીસમેન પર હુમલો કરી લુંટ ચલાવનાર કુખ્યાત શખ્સ પાસામાં ધકેલાયો

રાજકોટ,
રાજકોટના કુવાડવા રોડ પોલીસ પર હુમલો કરી મોબાઈલની લૂંટ ચલાવવાના ગંભીર ગુના સહિતના ગુનાઓમાં સંડોવાયેલા કુખ્યાત સંજય ઉર્ફે ટકો વિરુદ્ધ પોલીસ કમિશનરે પાસાનું વોરંટ ઈશ્યુ કર્યું હતું. કુવાડવા પોલીસ અને પીસીબીએ વોરંટની બજવણી કરી આરોપીને ભુજ જેલ હવાલે કર્યો હતો.

કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઇ એ.એન. જાની દ્વારા અગાઉ મારામારી સહિતના અનેક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા કુખ્યાત અજય ઉર્ફે સંજય ઉર્ફે ટકો વાઘજી રોજાસરા (ઉ.વ. ૩૫ રહે. રંગીલા પંચવટી સોસાયટી શેરી નં. ૨, નવાગામ) વિરુદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનરને મોકલી હતી.

કમિશનર બ્રજેશકુમાર ઝાએ દરખાસ્ત પર મંજૂરીની મહોર લગાવી આરોપી વિરુદ્ધ પાસાનું વોરંટ ઈસ્યુ કર્યું હતું. જેથી કુવાડવા રોડ પોલીસ અને પીસીબીએ જરૂરી કાર્યવાહી કરી આરોપી સંજય ઉર્ફે ટકાની પાસા હેઠળ અટકાયત કરી તેને ભુજ જેલ હવાલે કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત મે માસમાં આરોપી સંજય ઉર્ફે ટકાએ તથા તેના એક સાથીદારે કુવાડવા રોડ પોલીસ મથકના કોન્સ્ટેબલ વિશાલ નરેશભાઈ વઘાસિયાને ગાળો ભાંડી, ઝપાઝપી કરી તેમના મોબાઈલ ફોનની લૂંટ ચલાવી હતી. જે અંગે પોલીસે કડક કાર્યવાહી કરી હતી.

# ગોંડલના સડક પીપળીયા નજીક રોડની સાઈડમાંથી અજાણ્યા પુરૂષનો કોહવાયેલ મૃતદેહ મળ્યો

## મૃતકના જમણા હાથની ક્લાઈ ઉપર લવનું હાર્ટ વાળું ટેટુ ત્રાજવું ત્રોફાવેલ છે : વાલી વારસની શોધખોળ

રાજકોટ, ગોંડલ તાલુકાના સડક પીપળીયા નજીક રોડની સાઈડમાંથી અજાણ્યા પુરૂષનો કોહવાયેલ મૃતદેહ મળ્યો હતો. જેથી પોલીસ દોડી ગઈ હતી. ગઈકાલે બપોરે ૨ વાગ્યાં આસપાસ ૧૧૨માં કોઈ નાગરિકે ફોન કર્યો અને જાણ કરી હતી કે, ગોંડલ તાલુકાના સડક પીપળીયા નજીક હાઈવે રોડની સાઈડમાં કોઈ માનવ મૃતદેહ પડેલ છે. દુર્ગંધ આવે છે.

તપાસ કરતા મૃતક અજાણ્યો પુરુષ આશરે ૫૫થી ૬૦ વર્ષનો હશે. ૧૦૮ દ્વારા સ્થળ પર મૃત જાહેરની કાર્યવાહી થઈ હતી. આ પછી પીએસઆઈ જાડેજા અને તેમની ટીમે કાગળ કાર્યવાહી કરી મૃતદેહ ફોરેન્સિક પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. મૃતદેહ કોહવાયેલ છે. જેથી ક્યાં કારણે તેનું મોત થયું હશે? તેં ફોરેન્સિક પીએમ પછી ખુલાસો થશે. હાલ પોલીસે મૃતકના વાલી વારસની શોધખોળ હાથ ધરી છે.

મૃતકના જમણા હાથની ક્લાઈ ઉપર લવનું હાર્ટ વાળું ટેટુ ત્રાજવું ત્રોફાવેલ છે. આ વ્યક્તિને કોઈ ઓળખતું હોય કે એના વાલી વારસ અંગે જાણકારી હોય તો ગોંડલ તાલુકા પોલીસ મથકના મો. નં. ૬૩૫૯૬ ૨૫૭૧૪ ઉપર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# રાજકોટ ભાવનગર હાઈવે પર સરધાર નજીકથી વિદેશી દારૂ ભરેલી થાર ઝડપાઈ

## ફિલ્મી ઢબે પીછો કરી પોલીસે પીછો કરી થારને આંતરી : ચાલક નાસી ગયો

રાજકોટ,રાજકોટ શહેરની ભાગોળે ભાવનગર હાઈવે પર સરધાર નજીકથી પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી ૧.૬૬ લાખનો દારૂ ભરેલી થાર ઝડપી પાડી હતી. પોલીસે પીછો કરતા થારનો ચાલક સહિત બે શખ્સો દારૂ ભરેલી કાર મુકી નાશી છૂટ્યા હતા. જેથી પોલીસે દારૂ અને કાર મળી કુલ રૂા.૧૧.૬૬ લાખનો મુદ્દામાલ કબજે કરી નાશી છૂટેલા બંન્ને શખ્સોને ઝડપી લેવા ચક્રોગતિમાં કર્યા છે.

જાણવા મળતી વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ જયરાજસિંહ કોટીલા સહિતનો સ્ટાફ આજે વહેલી સવારે પેટ્રોલિંગમાં હતો. દરમિયાન ભાવનગર હાઈવે પર સરધાર તરફથી દારૂ ભરેલી થાર આવતી હોવાની બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે કાળીપાટના પાટીયા વોચ ગોઠવી હતી. દરમિયાન ત્યાથી પસાર થતી બાતમી મુજબની થારને રોકવાનો પ્રયાસ કરતા થારનો ચાલક કાર હંકારી ભાગી ગયો હતો. જેથી પોલીસે ફિલ્મી ઢબે થારનો પીછો કરતા થારના ચાલક સહિત બે શખ્સો હાઈવે પર યૂટર્ન લઈ સરધાર તરફ જતા રસ્તે થાર રેઢી મુકી નાશી છૂટ્યા હતા. પોલીસે થારની તલાશી લેતા તેમાં વિદેશી દારૂના ચપલા નંગ ૧૦૦૮ કિં.૧,૬૬,૩૨૦ મળી આવતા પોલીસે થાર અને દા દારૂ મળી કુલ રૂા.૧૧,૬૬,૩૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે થાર મુકી નાશી છૂટેલા ચાલક સહિત બંન્ને શખ્સો સામે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધી થાર નંબરના આધારે બંન્ને શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટના ન્યારા આશ્રમ ખાતે ઉજવાશે ગુરૂપૂર્ણિમા ઉત્સવ



રાજકોટ,
આગામી તા.૨૯ના બુધવારે ન્યારા આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમા ધામેધુમે ઉજવાશે. ગુરૂપૂર્ણિમાના દિવસે મંગળા આરતી સવારે ૬-૧૫ કલાકે, પાદુકાપુજન સવારે ૯ વાગે ઉત્સવ આરતી બપોરે ૧૧-૩૦ કલાકે મહાપ્રસાદ બપોરે ૧૨થી ૨-૩૦ વાગ્યા સુધી તથા સંધ્યા આરતી સાંજે ૭ કલાકે તથા ગુરૂદેવની પાદુકા સ્પર્શ (દર્શન) સવારથી શયન સુધી રહેશે. સવારના ગાયોને ઘાસચારો તથા કુતરાને લાડુ આપવામાં આવશે. ન્યારા ગામના બાળકોને બટુક ભોજન કરાવવામાં આવશે. બહેનો માટે મોળા ફરાળની વ્યવસ્થા જુદી રાખેલ છે તથા આવનાર દરેક ગુરૂ ભાઈઓ તથા બહેનોને રક્ષાદોરી પ્રસાદી રૂપે દેવામાં આવશે.ન્યારા આશ્રમમાં સદગુરૂ સ્વામી રણછોડદાસજી બાપુ તથા સદગુરૂ હરીચરણદાસજી બાપુ તથા જયરામજી બાપુના ત્રણે ગુરૂજીના આશીર્વાદ ન્યારા આશ્રમ ઉપર છે. વધુ વિગત માટે (મો.૯૮૨૫૪ ૨૪૬૦૪)નો સંપર્ક કરવો.

# રશિયાએ યુક્રેનના કિવ પર કર્યા વિનાશક હુમલા

## એક વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેણે શહેરના કેન્દ્રમાં પાર્ક કરેલી કારના એલાર્મ વાગી ગયા

કિવ,

યુક્રેનિયન સેનાએ રશિયામાં ઈ-કોમર્સ વેરહાઉસ પર ડ્રોનનો ઘાતક હુમલો કર્યા પછી, બદલામાં રશિયન દળોએ યુક્રેનની રાજધાની કિવમાં કરેલા હુમલામાં એક વ્યક્તિનું મોત થયું અને ૧૩ અન્ય ઘાયલ થયા.

તાજેતરનો બોમ્બમારો યુક્રેન માટે તેના પાંચમા વર્ષમાં બેવડા પડકારને ઉજાગર કરે છે, જે લગભગ દરરોજ રશિયન હુમલાઓનો સામનો કરી રહ્યો છે અને તેના લશ્કરી નેતૃત્વમાં અચાનક યુદ્ધ સમયના પરિવર્તનને કારણે દુર્લભ સ્થાનિક રાજકીય અસ્થિરતાનો સામનો કરી રહ્યો છે.

યુક્રેનના કિવના મીડિયા સૂત્રોએ યુક્રેનિયન વાયુસેના દ્વારા ટેલિગ્રામ દ્વારા રહેવાસીઓને આવનારી બેલિસ્ટિક મિસાઈલોની ચેતવણી આપ્યા પછી થોડીવારમાં વિસ્ફોટો સાંભળ્યા.

એક વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેણે શહેરના કેન્દ્રમાં પાર્ક કરેલી કારના એલાર્મ વાગી ગયા.

યુક્રેનની રાજ્ય કટોકટી સેવાઓએ ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે આ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે અને ૧૩ અન્ય ઘાયલ થયા છે જે પોલીસે છ જિલ્લાઓને નિશાન બનાવ્યા હોવાનું જણાવ્યું હતું.

કિવના મેયર વિટાલી ક્લિત્સ્કો અને સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, સોલોમિઆન્સ્કી જિલ્લામાં એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગને



ત્રાટક્યું હતું અને સુપરમાર્કેટમાં આગ લાગી હતી, જ્યારે સ્વિયાટોશિન્સ્કી જિલ્લામાં એક ઘર સળગી ગયું હતું.

ડિનિપ્રોવ્સ્કી જિલ્લામાં એક શોપિંગ અને મનોરંજન કેન્દ્ર, શેવચેક્વિવસ્કી જિલ્લામાં એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગ અને એક બિન-રહેણાંક ઈમારત પર પણ હુમલાના અહેવાલો મળ્યા છે.

ડિનિપ્રોપેટ્રોવસ્કમાં, જે ફ્રન્ટલાઈનની સરહદે આવેલો મધ્ય પ્રદેશ છે, રશિયન ડ્રોન હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે, પ્રાદેશિક અધિકારી ઓલેક્ઝાન્ડર ગાન્ઝાએ ટેલિગ્રામ પર જણાવ્યું હતું.

રશિયન બાજુએ, કુર્સ્ક પ્રદેશમાં યુક્રેનિયન હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે, જે ફ્રન્ટલાઈનની નજીક છે, પ્રાદેશિક ગવર્નર એલેક્ઝાન્ડર ખિન્શ્ટેઈને ટેલિગ્રામ પર જણાવ્યું હતું.

રશિયા ૨૦૨૨ માં યુક્રેન પર આક્રમણ શરૂ કર્યું ત્યારથી લગભગ દરરોજ કિવ અને અન્ય યુક્રેનિયન શહેરો પર ડ્રોન અને મિસાઈલો ફાયર કરી રહ્યું છે.

- રશિયામાં થયેલ હુમલા -

શનિવારે, યુક્રેને મોસ્કો અને ટેમ્બોવ પ્રદેશોમાં ઈ-કોમર્સ વેરહાઉસને નષ્ટ કરવા માટે હુમલો ડ્રોન મોકલ્યા, જેમાં આઠ લોકો માર્યા ગયા અને મોટી આગ લાગી.

# બદ્રીનાથ ધામ દાન ચોરી કેસ: SIT એ BKTC પાસેથી છેલ્લા ૩ વર્ષનો દાન રેકોર્ડ માંગ્યો

દહેરાદુન,

ઉત્તરાખંડના ચમોલી પોલીસની એક ખાસ તપાસ ટીમ (SIT) દ્વારા કથિત બદ્રીનાથ ધામ દાન ચોરી કેસના સંદર્ભમાં બદ્રીનાથ કેદારનાથ મંદિર સમિતિ (BKTC) પાસેથી છેલ્લા ત્રણ વર્ષનો દાન રેકોર્ડ માંગ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે તેઓ અત્યાર સુધી ધરપકડ કરાયેલા બે આરોપીઓ ઉપરાંત વધુ લોકોની સંડોવણીની પણ તપાસ કરી રહ્યા છે.

બદ્રીનાથ સ્ટેશન હાઉસ ઓફિસર (SHO) મહાદેવ ઉનિયાલે જણાવ્યું હતું કે, "અમારી તપાસ આગળ વધતાં, અમે BKTC ને છેલ્લા ત્રણ વર્ષનો દાન રેકોર્ડ પ્રદાન કરવા કહ્યું છે." તેમણે કહ્યું, "અમે બંને આરોપીઓ વિરુદ્ધ નક્કર પુરાવા મળ્યા બાદ તેમની ધરપકડ કરી છે. અમને શંકા છે કે ચોરીમાં વધુ લોકો સંડોવાયેલા હોઈ શકે છે. તેમની સામે પુરાવા એકત્રિત કરવામાં સમય લાગશે. તપાસ હજુ પ્રારંભિક તબક્કામાં છે."

શુક્રવારે SIT એ નિવૃત્ત BKTC મંદિર અધિકારી રાજેન્દ્ર ચૌહાણની ૩૦ જૂને નિવૃત્તિ લેતા પહેલા ત્રણ વખત ગણતરી ખંડમાંથી રોકડ ચોરી કરવાના આરોપમાં ધરપકડ કરી હતી. પોલીસે બદ્રીનાથ મંદિરમાં ચૌહાણને ફાળવવામાં આવેલા રહેઠાણ પર દરોડા દરમિયાન વિદેશી ચલણ અને અન્ય સંપત્તિ પણ જપ્ત કરી હતી. ઉનિયાલે જણાવ્યું હતું કે, "અમે બદ્રીનાથ ધામમાં મંદિર અધિકારી તરીકે આરોપીને ફાળવવામાં આવેલા રૂમમાંથી વિદેશી ચલણ, કેસર અને ઘી જેવી અન્ય સામગ્રી જપ્ત કરી હતી."

શનિવારે ચૌહાણને ચમોલીની સેશન્સ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો જ્યાંથી તેમને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

અગાઉ, અધ્યક્ષ કાર્યાલયના સસ્પેન્ડ કરાયેલા અંગત સહાયક પ્રમોદ નૌટિયાલની દેહરાદૂન સ્થિત તેમના ઘરેથી ધરપકડ કરવામાં આવી હતી. ઉનિયાલે ગયા અઠવાડિયે કહ્યું હતું કે નૌટિયાલ તપાસકર્તાઓને કથિત રીતે સહકાર આપી રહ્યા નથી. પોલીસે અત્યાર સુધી નૌટિયાલ પાસેથી શાલીગ્રામ પથ્થર સિવાય કોઈ ચોરાયેલી રોકડ, સોના અને ચાંદીના સિક્કા જપ્ત કર્યા નથી.

# દિલ્હી હાઈકોર્ટે સોનમ વાંગચુકને સફદરજંગ હોસ્પિટલમાંથી ખસેડવાની અરજી ફગાવી

નવી દિલ્હી,

દિલ્હી હાઈકોર્ટે સોનમ વાંગચુકની પત્ની ગીતાંજલી જે એંગ્મોની સફદરજંગ હોસ્પિટલમાંથી ખાનગી સુવિધામાં ખસેડવાની અરજી ફગાવી દીધી હતી.

હાઈકોર્ટે કહ્યું કે કાર્યકર્તાના શારીરિક સ્વાયત્તતાના અધિકારનું ઉલ્લંઘન થયું નથી, અને સરકાર દ્વારા તેમને ત્યાં ખસેડવાનું પગલું તેમના બગડતા સ્વાસ્થ્યને કારણે હતું અને તે મનસ્વી નહોતું.

જસ્ટિસ મીની પુષ્કર્ણાની એકલ ન્યાયાધીશની બેન્ચે કેન્દ્ર સરકારનો બચાવ કર્યો અને કહ્યું કે તેમને હસ્તક્ષેપ કરવાનો અધિકાર છે કારણ કે દ્વઈઈ્ ૨ પેપર લીકને લઈને દિલ્હીમાં ભૂખ હડતાળ પર રહેલા કાર્યકર્તાએ સતત બગડતી તબિયત છતાં પોતાને હોસ્પિટલમાં દાખલ કર્યા ન હતા.

જોકે, તેણે અંગ્મોની ખાનગી સુવિધામાં ટ્રાન્સફર કરવાની અરજી પર કેન્દ્ર, દિલ્હી પોલીસ અને સફદરજંગ હોસ્પિટલને નોટિસ જારી કરી. હાઈકોર્ટે એ પણ નિર્દેશ આપ્યો કે અંગ્મો અને વાંગચુકના પરિવારના સભ્યોને તેમની સાથે ચોવીસ કલાક સંપર્ક હોવો જોઈએ.

"વાંગચુકે પોતાની મરજીથી પોતાને હોસ્પિટલમાં દાખલ ન કરાવ્યા તે હકીકતને ધ્યાનમાં રાખીને, સરકારને આવી કાર્યવાહી કરવાનો અધિકાર છે. ડિવિઝન બેન્ચ દ્વારા પહેલાથી જ જણાવાયું છે તેમ, દરેક જીવન કિંમતી છે," કોર્ટે કહ્યું.

જોકે, કોર્ટે વચગાળાનો આદેશ આપવાનો ઈનકાર કર્યો અને મામલાની આગામી સુનાવણી ૨૪ જુલાઈના રોજ મુલતવી રાખી.

# ભારે વરસાદના કારણે જમ્મુ અને કાશ્મીરમાં અનેક સ્થળોએ અચાનક પૂર અને ભૂસ્ખલન

## પૂંછમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થતાં ઓછામાં ઓછા ૪ લોકોના મોત, અનેકની શોધખોળ ચાલુ

જમ્મુ,

જમ્મુ અને કાશ્મીરમાં સતત વરસી રહેલા વરસાદથી રાજૌરી શહેરમાં અચાનક પૂર આવ્યું હતું, જેના કારણે સેંકડો રહેવાસીઓને સલામત સ્થળોએ સ્થળાંતર કરવાની ફરજ પડી હતી, જેમાં આજે વહેલી સવારે બેલા કોલોની ખાતે નવા બસ સ્ટેન્ડ સહિત નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

મીડિયા સુત્રોના અહેવાલ મુજબ નદીઓના વહેણ તેમના કાંઠા તૂટવાથી ડઝનબંધ વાહનો તણાઈ ગયા હતા અથવા ડૂબી ગયા હતા, જેના કારણે વ્યાપક વિક્ષેપ સર્જાયો



હતો. સ્થાનિક વહીવટીતંત્રની મદદથી બચાવ અને રાહત ટીમો અસરગ્રસ્ત પરિવારોને બહાર કાઢવા અને અચાનક પૂરમાં જાહેર અને ખાનગી સંપત્તિને થયેલા ભારે નુકસાનનું મૂલ્યાંકન કરવામાં રોકાયેલી હતી. હવામાન સલાહકારે ૨૩ જુલાઈ સુધી જમ્મુ અને કાશ્મીરમાં મધ્યમથી ભારે વરસાદની ચેતવણી આપી હતી, તેમ છતાં, સરહદી જિલ્લા રાજૌરીમાં શનિવારે સાંજથી અવિરત વરસાદ પડ્યો હતો, જેના કારણે રાત્રે ભારે વરસાદ પછી નદીઓ અને નાળાઓ છલકાઈ ગયા હતા. રાજૌરીની બધી નદીઓ, જેમાં દરહાલી, ખાંડલી, સુક્તોહ અને જામોલાનો સમાવેશ થાય છે, પૂર આવી ગયું હતું, જેમાં મોટાભાગની નદીઓ ભયના નિશાનની નજીક અથવા તેનાથી પણ ઉપર વહેતી હતી, જેના કારણે ઘણા નીચાણવાળા વિસ્તારો ડૂબી ગયા હતા. રાજૌરી શહેરના બેલા કોલોની નજીક દરહાલી નદીમાં પૂર સંરક્ષણ દિવાલ તૂટી ગઈ હતી, જેના કારણે પૂરનું પાણી નવા બસ સ્ટેન્ડમાં પ્રવેશ્યું હતું, જ્યાં ડઝનબંધ વાહનો તણાઈ ગયા હતા અથવા ડૂબી ગયા હતા.

# બારાબાંકીમાં લોધેશ્વર મહાદેવ મંદિર કોરિડોરનો મુખ્યમંત્રી યોગી શિલાન્યાસ કરશે

## કોરિડોર ૨૦ વીઘામાં ફેલાયેલો હશે, ૪૮ કરોડ વળતર તરીકે ચૂકવવામાં આવશે

બારાબાંકી,

આજે તા. ૨૦ જુલાઈના રોજ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, લોધેશ્વર મહાદેવ મંદિર કોરિડોરનો શિલાન્યાસ કરશે.

મુખ્યમંત્રી યોગી દ્વારા રૂબરૂ આ સ્થળની મુલાકાત લેવામાં આવશે અને બારાબંકીમાં કોરિડોરનો શિલાન્યાસ કરશે. યુપી સરકાર ચૂંટણી પહેલા લોધેશ્વર મહાદેવ મંદિર કોરિડોર પૂર્ણ અને ઉદ્ઘાટન કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. એવું માનવામાં આવે છે કે આ કોરિડોર દ્વારા, ભાજપ સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવની પીડીએ રાજકીય વ્યૂહરચનામાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરી રહી છે.

વિવિધ સમુદાયોના મોટી સંખ્યામાં ભક્તો મંદિરની મુલાકાત લે છે.બારાબંકી ઉપરાંત, ઉન્નાવ, બાંદા, જાલૌન, કાનપુર, હમીરપુર અને કાલપીના સમુદાયોના ઘણા લોકો ભગવાન મહાદેવ (શિવ) ને તેમના પારિવારિક દેવતા માને છે. પવિત્ર શ્રાવણ મહિના દરમિયાન અને મહાશિવરાત્રી પર, કંવર યાત્રાળુઓ સાથે, લોધ, ગુર્જર, તોમર અને પાલ સમુદાયોના મોટી સંખ્યામાં ભક્તો લોધેશ્વર મહાદેવ મંદિરની મુલાકાત લે છે. આ કોરિડોર અયોધ્યામાં રામ મંદિર અને વારાણસીમાં કાશી વિશ્વનાથ કોરિડોર પછી ભક્તો માટે બીજું સ્થળ હશે.

આ કોરિડોર આશરે ૨૦ વીઘા (૫૪૦,૦૦૦ ચોરસ ફૂટ) જમીનમાં ફેલાયેલો હશે. પ્રોજેક્ટ માટે રસ્તો બનાવવા માટે, મંદિરની આસપાસના ૧૨૭ ઘરો અને દુકાનો દૂર કરવામાં આવી છે.

# ખંડણી, બિશ્નોઈ ગેંગ સાથે સંબંધના આરોપસર કેનેડા સાહિબજોત સિંહને દેશનિકાલ કરશે

ટોરોન્ટો,

ખંડણી માંગવી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતી બિશ્નોઈ ગેંગ સાથે કથિત ભાગીદારી બદલ કેનેડિયન સત્તાવાળાઓ દ્વારા એક ભારતીય નાગરિકને દેશનિકાલ કરવાનો મોટો નિર્ણય.

કેનેડાના ઈમિગ્રેશન અને રેફ્યુજી બોર્ડ (IRB) એ આલ્બર્ટા પ્રાંતમાં રહેતા ૨૧ વર્ષીય સાહિબજોત સિંહને દેશમાંથી કાઢી મૂકવાનો આદેશ આપ્યો. સીબીસી ન્યૂઝ આઉટલેટ અનુસાર, "એવા માનવા માટે વાજબી કારણો છે કે સિંહ એવી પ્રવૃત્તિમાં સામેલ હતો જે સંગઠનની ગુનાહિત પ્રવૃત્તિનો ભાગ છે," ઈમ્એ આદેશ પસાર કરતી વખતે નોંધ્યું હતું. એપ્રિલ ૨૦૨૫ થી, પોલીસે કેલગરીમાં ખંડણી સંબંધિત ૪૯ ઘટનાઓ નોંધાવી છે, જેમાં ૧૯ ગોળીબારનો સમાવેશ થાય છે, અને ૧૬ લોકોની ધરપકડ કરી છે અને કુલ ૫૬ આરોપો મૂક્યા છે.

યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા લોરેન્સ બિશ્નોઈની આગેવાની હેઠળની ગેંગના સભ્યો સામે અનેક આરોપો જાહેર કર્યા અને તે અસર માટે આરોપ પણ દાખલ કર્યાના દિવસો પછી આ આદેશ આવ્યો છે. આ ઓપરેશન હાર્ડ બોલના ભાગ રૂપે આવ્યું હતું, જેમાં કેનેડિયન કાયદા અમલીકરણની ભાગીદારી પણ શામેલ હતી, અને ભગવાનપુરિયા ગેંગ અને ઢાંડા સંગઠન સામે પણ આરોપો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં બાદમાં કેનેડાની બહાર કાર્યરત હતું.

જોકે, અમેરિકન અધિકારીઓએ બિશ્નોઈ ગેંગની પ્રવૃત્તિઓ અને કોઈપણ ભારતીય અધિકારી વચ્ચે કોઈ જોડાણનો ઉલ્લેખ કર્યો નથી. CBC ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં, રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP) ના ડેપ્યુટી કમિશનર લિસા મોરલેન્ડે જણાવ્યું હતું કે, "આ સંગઠિત ગુના તપાસ અને આગળ મૂકવામાં આવેલા આરોપો અને આરોપો દ્વારા સૂચવવા માટે કોઈ પુરાવા નથી કે ભારતીય અધિકારીઓ પર આરોપ મૂકવામાં આવ્યો હતો અથવા તેમાં સામેલ હતા." કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સી (CBSA) ના નવીનતમ ડેટા દર્શાવે છે કે ૧૮ જૂન, ૨૦૨૬ સુધીમાં, તેણે ૪૮૪ ઈમિગ્રેશન તપાસ શરૂ કરી છે, ૧૩૯ લોકોને વિવિધ અસ્વીકાર્યતાના આધારે દૂર કરવાના આદેશો જારી કરવામાં આવ્યા છે અને અમલમાં મૂકવાની પ્રક્રિયા ચાલુ છે, જેમાં ૮૧ વ્યક્તિઓને કેનેડામાંથી દૂર કરવામાં આવ્યા છે.

# ઈન્ડોનેશિયામાં એન્જિન ફેલ થવાથી બોટ ડૂબી જતાં ૨૦ લોકો ગુમ

## જામ્પિયા ટાપુથી રવાના થતી વખતે બોટમાં ૭૪ લોકો સવાર હતા, ૫ ને બચાવી લેવામાં આવ્યા

ઈન્ડોનેશિયા

શનિવારે સાંજે બચાવકર્તાઓએ પૂર્વી ઈન્ડોનેશિયાના પાણીમાં અઠવાડિયાની શરૂઆતમાં ડૂબી ગયેલી પેસેન્જર બોટમાંથી ૭ વર્ષની છોકરી સહિત પાંચ જીવિત લોકોને શોધી કાઢ્યા હતા અને હજુ પણ ગુમ ૨૦ અન્ય લોકોની શોધ કરી રહ્યા હતા.

દક્ષિણ સુલાવેસી પ્રાંતના સેલાયર ટાપુઓમાં બંદરથી લગભગ ૪૩ નોટિકલ માઈલ (૭૯ કિલોમીટર) દૂર કેએમ નુરુલ સાલસા બોટનું એન્જિન ખરાબ થયું અને બુધવારે તે ડૂબી ગઈ.

મકાસર સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓફિસના વડા મુહમ્મદ આરિફ અનવરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે શનિવારે મોડી રાત્રે પાંચ બચી ગયેલા લોકો તરતા હાલતમાં મળી આવ્યા હતા, જે સ્થાનિક માછીમારના માછલી પકડવાના જાળમાં ફસાયેલા હતા. અકસ્માતમાં ઓછામાં ઓછા એક વ્યક્તિનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળે છે.

મકાસર સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓફિસે અગાઉ અહેવાલ આપ્યો હતો કે જામ્પિયા ટાપુથી રવાના થતી વખતે બોટમાં ૭૪ લોકો સવાર હતા, પરંતુ પછીથી આ આંકડો વધારવામાં આવ્યો હતો.

# બળવાખોર ટીએમસી સાંસદોને કેન્દ્રના આમંત્રણ સામે વિપક્ષે સર્વપક્ષીય બેઠકમાંથી પ્રતીકાત્મક વોકઆઉટ કર્યો

## વિપક્ષી સભ્યો થોડા સમય પછી બેઠક સ્થળે પાછા ફર્યા અને કાર્યવાહીમાં ભાગ લીધો

નવી દિલ્હી,

સંસદના ચોમાસુ સત્ર પહેલા કેન્દ્ર સરકારે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી, કારણ કે બળવાખોર તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સાંસદોને આમંત્રણ આપવાના વિરોધમાં સમગ્ર વિપક્ષે બેઠકમાંથી પ્રતીકાત્મક વોકઆઉટ કર્યું હતું.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાના ૨૦ બળવાખોર્ સ્ઝ ધારાસભ્યોને ગૃહમાં અલગ બેઠકની મંજૂરી આપવાના નિર્ણયો અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળના શિવસેના (UBT) ના બળવાખોર શિવસેના (UBT) ના સાંસદોના શિવસેનામાં વિલીનીકરણનો વિરોધ પણ વિપક્ષે કર્યો હતો.

આ ઘટના બાદ વિપક્ષના વલણને સમજાવતા, કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ સંસદ ભવનમાં પત્રકારોને જણાવ્યું હતું કે, પક્ષોએ સામૂહિક રીતે વિરોધમાં બેઠકનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. "વિપક્ષે TMC, શિવસેના (UBT) ના બળવાખોર સાંસદો પર સ્પીકરના નિર્ણયનો વિરોધ કરવા માટે સર્વપક્ષીય બેઠકમાંથી વોકઆઉટ કરવાનો નિર્ણય લીધો હતો," તેમણે કહ્યું.

CPM નેતા જોન બ્રિટાસે કહ્યું કે સર્વપક્ષીય બેઠકમાં બળવાખોર TMC સાંસદોને આમંત્રણ "ન્યાયનું અપમાન" હતું.

ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ જણાવ્યું હતું કે, "આજે, કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે, જેએમએમ, આમ આદમી પાર્ટી, નેશનલ કોન્ફરન્સ, ડાબેરી પક્ષો, શિવસેના યુબીટી સહિત સમગ્ર વિપક્ષે સર્વપક્ષીય બેઠકનો વિરોધ કર્યો છે કારણ કે કહેવાતા એનસીપીઆઈ, જે એક અમાન્ય પક્ષ છે, ટેબલ ઓફિસ દ્વારા પૂરી પાડવામાં આવેલી યાદીમાં ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસની સંખ્યા ૨૮ સભ્યો દર્શાવવામાં આવી છે. આ કહેવાતા બળવાખોર ૨૦ સાંસદો, તેમના વિલીનીકરણને સ્પીકર દ્વારા મંજૂરી આપવામાં આવી નથી. ૨૦ ગેરલાયકાત અરજીઓ હજુ પણ પેન્ડિંગ છે. ૯૧મા સુધારા પછી, અલગ જૂથ માટે કોઈ જગ્યા નથી.

# જોર્ડનમાં અમેરિકન સૈનિકોના મોતનો બદલો લેવા અમેરિકાના અલગ- અલગ સ્થળો પર હવાઈ હુમલા

વોશિંગ્ટન,

જોર્ડનમાં થયેલા હુમલામાં બે અમેરિકન સર્વિસ મેમ્બર માર્યા ગયા, એક ગુમ થયો અને ચાર હોસ્પિટલમાં દાખલ થયા, યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ જણાવ્યું હતું કે યુએસ સેના ઈરાનના વિવિધ સ્થળોએ હુમલો કરી રહી છે.

ઠ પરની એક પોસ્ટમાં, યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ જણાવ્યું હતું કે આ હડતાલ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્દેશ પર કરવામાં આવી હતી, જેનો હેતુ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા તેલ ટેંકરોના ટ્રાફિકને પ્રતિબંધિત કરવાની ઈરાનની ક્ષમતાને વધુ નબળી પાડવાનો હતો. યુદ્ધ પહેલા આ જળમાર્ગ વૈશ્વિક તેલ પુરવઠાનો આશરે ૨૦ ટકા હિસ્સો ધરાવતો હતો.

"આજે સાંજે ૬ વાગ્યે ઈ્ વાગ્યે, યુએસ દળોએ કમાન્ડર ઈન ચીફના નિર્દેશ પર ઈરાન સામે નવા હડતાલ શરૂ કર્યા. આ હડતાલ હોર્મુઝ સ્ટ્રેટમાં વાણિજ્યિક શિપિંગને ધમકી આપવાની ઈરાનની ક્ષમતાને વધુ નબળી પાડવા અને ગઈકાલે રાત્રે જોર્ડનમાં અમેરિકન સર્વિસ મેમ્બરો સામે હુમલાઓ શરૂ કરનારા ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના દળોને ઝડપથી સજા આપવા માટે રચાયેલ છે," ઝઈદ્ઘર્ઝ્સ એ જણાવ્યું હતું.

યુએસ સૈન્ય દ્વારા સંઘર્ષના શરૂઆતના દિવસો પછી સીધા ઈરાની ગોળીબારમાં તેના પ્રથમ સૈનિકોના મૃત્યુની પુષ્ટિ કર્યા પછી નવીનતમ યુએસ હુમલા કરવામાં આવ્યા. શુક્રવારે જોર્ડનમાં યુએસ લશ્કરી થાણા પર ડ્રોન અને મિસાઈલ હુમલા બાદ આ મૃત્યુ થયા.

એક સત્તાવાર નિવેદનમાં, સેન્ટકોમે ૧૭ જુલાઈના રોજ થયેલા હુમલાનું વર્ણન કર્યું છે જ્યારે અમેરિકન અને તેના ભાગીદાર દળો આડશ સામે બચાવ કરી રહ્યા હતા. "હડતાલમાં ઘાયલ થયેલા ચાર અમેરિકન સેવા સભ્યોને જોર્ડનની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા અને ત્યારથી તેમને રજા આપવામાં આવી છે, જ્યારે અન્ય લોકોને નાની ઈજાઓ માટે સારવાર આપવામાં આવી હતી, તેમ તેમણે ઉમેર્યું. સેન્ટકોમે મૃત્યુની પુષ્ટિ કરી છે પરંતુ માર્યા ગયેલા કર્મચારીઓની ઓળખ કરી નથી અથવા હુમલા વિશે વધારાની વિગતો આપી નથી.

આ મામલે સત્તાવાર આંકડાઓ અનુસાર, યુએસ-ઈરાન સંઘર્ષ શરૂ થયા પછી ૧૬ યુએસ સેવા સભ્યો માર્યા ગયા છે, અને ૪૩૦ થી વધુ ઘાયલ થયા છે, જે વધતી જતી દુશ્મનાવટની વધતી જતી માનવ કિંમત પર ભાર મૂકે છે.

જાહેરાતની થોડી મિનિટો પહેલા, ઈરાનના સર્વોચ્ચ નેતાએ ચેતવણી આપી હતી કે જો યુએસ ઈસ્લામિક રિપબ્લિક પર હુમલો કરવાનું ચાલુ રાખશે તો "અવિસ્મરણીય પાઠ" મળશે. યુદ્ધ શરૂ થયા પછી પણ અદ્રશ્ય રહેલા મોજતબા ખામેનીના નામે સરકારી ટીવી પર વાંચવામાં આવેલી આ ટિપ્પણીમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના હસ્તાક્ષરને "નકામી અને અમાન્ય" પણ કહેવામાં આવ્યું હતું.

એક ઈરાની વાટાઘાટકારે જણાવ્યું હતું કે તેહરાન લગભગ એક મહિના પહેલા હસ્તાક્ષર કરાયેલા વચગાળાના કરાર પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાઓને સ્થગિત કરી રહ્યું છે અને તેનો હેતુ લડાઈને કાયમી ધોરણે સમાપ્ત કરવાનો છે.

# મોજતબાએ ઈરાનમાં નિર્માણાધીન પરમાણુ પ્લાન્ટને અમેરિકા દ્વારા નિશાન બનાવી હુમલા બાદ યુએસની નિંદા કરી

## આયાતુલ્લા અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં હાજરી આપનારા દરેકનો આભાર માન્યો

તેહરાન,

જોર્ડનમાં ઈરાની સેના દ્વારા કરવામાં આવેલ ભયંકર હુમલામાં અમેરિકાના બે સૈનિકો માર્યા ગયાના કલાકો પછી, ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનીએ વોશિંગ્ટનને 'ગુનેગાર' અને 'મહાન શેતાન' ગણાવ્યું, સાથે જ દેશમાં અને પડોશી ઈરાકમાં તેમના પિતા અને પુરોગામી આયાતુલ્લા અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં હાજરી આપનારા દરેકનો આભાર માન્યો.

છેલ્લા ઘણા મહિનાઓથી મધ્ય પૂર્વમાં સંઘર્ષ શરૂ થયો ત્યારથી જાહેરમાં હાજર ન રહેલા મોજતબાએ કહ્યું કે ઈરાન અને ઈરાકમાં તેમના પિતાના અંતિમ સંસ્કારમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા, જેણે "જાગૃતિનો એક નવો અધ્યાય ખોલ્યો" અને "અહંકારી શક્તિઓ દ્વારા રચાયેલા સમીકરણોને ચેતવણી આપી રહ્યા છે".

"મહાન શેતાન - ગુનેગાર યુએસ - હવે સમજી ગયું છે કે આ ક્ષેત્રમાં તેની મુશ્કેલીમુક્ત, પ્રભુત્વશાળી હાજરી ચાલુ રાખવી એ એક ભોળી કાલ્પનિકતા સિવાય બીજું કંઈ નથી," ૫૬ વર્ષીય મોજતબાએ પડોશી ઈરાકના લોકોને લખેલા સંદેશમાં જણાવ્યું હતું.

"નિઃશંકપણે, ગ્લોબલ એરોગન્સના નેતાઓએ ઈરાકમાં આ વિશાળ મેળાવડાના ભવ્ય દ્રશ્યો ભયભીતતાથી જોયા, અને જોયું કે બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોને નબળી પાડવા માટે તેમણે જે વિશાળ સંસાધનોનું રોકાણ કર્યું છે તે સંપૂર્ણપણે નિરર્થક અને બિનઅસરકારક સાબિત થયું છે," તેમણે કહ્યું.

જોર્ડનમાં બે અમેરિકન સૈનિકો માર્યા ગયા

મોજતબાના નિવેદનો અમેરિકાએ જોર્ડનમાં ઈરાની હુમલામાં તેના બે સૈનિકો માર્યા ગયા અને ઘણા અન્ય ઘાયલ થયા તે સ્વીકાર્યાના એક દિવસ પછી આવ્યા છે. જવાબમાં, અમેરિકાએ ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ને 'ઝડપી સજા' આપવા માટે નવા હવાઈ હુમલા શરૂ કર્યા. ઈરાને એવો પણ દાવો કર્યો હતો કે તાજા હુમલા દરમિયાન અમેરિકાએ એક નિર્માણાધીન પરમાણુ પાવર પ્લાન્ટને નિશાન બનાવ્યો હતો.

ગયા મહિને અમેરિકા અને ઈરાને શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, પરંતુ બંને રાષ્ટ્રોએ કહ્યું છે કે સંધિ તૂટી ગઈ છે, બંને પક્ષો એકબીજા સામે હુમલાઓનો વેપાર કરી રહ્યા છે. આનાથી મધ્ય પૂર્વમાં ફરી એકવાર પરિસ્થિતિ અસ્થિર થઈ છે.

અમેરિકાએ કહ્યું કે તેણે ઈરાનની હવાઈ સંરક્ષણ સુવિધાઓ, દરિયાઈ ક્ષમતાઓ અને મિસાઈલ અને ડ્રોન સ્ટોરેજ સાઈટ્સ પર સફળતાપૂર્વક હુમલો કર્યો જેથી ઈસ્લામિક રિપબ્લિકની લશ્કરી ક્ષમતાઓ અને હોર્મુઝ સ્ટ્રેટમાં વાણિજ્યિક શિપિંગને જોખમમાં મૂકવાની ક્ષમતાને નબળી પાડી શકાય.

સૌરાષ્ટ્ર આસપાસ

# રહસ્યમય હત્યાનો ભેદ ઉકેલાયો: પ્રેમિકાને તેના પતિ સાથે જોઈ જતાં રોષે ભરાયેલા પ્રેમિએ બંનેને પતાવી દીધાં હતા

રાજકોટ:

મૂળ મધ્યપ્રદેશના જાબુંઆ જિલ્લાના વતની રોહીત ચૌહાણ અને તેની પત્ની દુર્ગાની પાંચેક દિવસ પહેલાં પાટણવાવના મોટીમારડ ગામની સીમમાં વાડીમાં થયેલી રહસ્યમય હત્યાનો ભેદ એલસીબીએ ઉકેલી લઈ દાહોદના સિંગવડ તાલુકાના સુરેશ કમલેશ બારીયા (ઉ.વ.૧૮)ની ધરપકડ કરી છે. સુરેશને ત્રણેક વર્ષથી દુર્ગા સાથે પ્રેમસંબંધ હતો. પણ બંનેના લગ્ન શક્ય બન્યા ન હતા. બનાવના દિવસે સુરેશ પ્રેમિકા દુર્ગાને તેના પતિ રોહીત સાથે જોઈ જતાં રોષે ભરાયો હતો. રાત્રે મોકો મળતાં જ તેણે બંનેને નિંદ્રાધીન અવસ્થામાં જ પાઈપના ઘા ઝીકી મોતને ઘાટ ઉતારી દીધા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ રોહીત અને દુર્ગાના બે માસ પહેલા જ લગ્ન થયા હતા. રોહીતના પિતા મથુરાભાઈ વર્ષોથી કાલાવડ તાલુકાના બાવા ખાખરીયા ગામે શૈલેષભાઈ પટેલની વાડી વાવે છે. થોડા દિવસો પહેલાં જ રોહીત પત્ની દુર્ગાને લઈ પિતાની વાડીએ રહેવા આવ્યો હતો. દુર્ગાના પિતા મોટીમારડ ગામની સીમમાં રમેશભાઈ ભુતના ખેતરમાં ભાગીયા તરીકે કામ કરે છે. તેને કોઈ કામ અર્થે મધ્યપ્રદેશ જવાનું થયું હતું. જેથી તેણે જમાઈ રોહીત અને પુત્રી દુર્ગાને થોડા દિવસ પોતાની વાડીની દેખભાળ માટે બોલાવતા બંને ગઈ તા.૧૧ના રોજ ત્યાં આવ્યા હતા.

મોટીમારડમાં વાડી માલિક



રમેશભાઈની બાજુમાં જ બીજી વાડી આવેલી છે. જ્યાં ભાગીયા તરીકે કામ કરતાં કરણે હાલ રોહીત જે વાડીની દેખભાળ કરતો હતો ત્યાં દવાના છંટકાવ માટે આરોપી સુરેશને બોલાવ્યો હતો. સુરેશ વાડીએ પહોંચતા જ પૂર્વ પ્રેમિકા દુર્ગાને તેના પતિ રોહીત સાથે જોઈ રોષે ભરાયો હતો. તે વખતે જ તેણે બંનેને પતાવી દેવાનું મનોમન નક્કી કર્યું હતું. તેણે રોહીતે અને બીજા ભાગીયાએ મળી વાડીમાં દવાનો છંટકાવ કર્યો હતો.

ત્યારબાદ સુરેશ ત્યાંથી જતો રહ્યો હતો. રાત્રિના બારેક વાગ્યાની આસપાસ રોહીત અને તેની પત્ની દુર્ગા જયારે વાડીના કુવાની બાજુમાં ખુલ્લામાં સુતા હતા ત્યારે ત્યાં ધસી જઈ સુરેશે બંનેને નિંદ્રાધીન અવસ્થામાં જ પાઈપના આડેધડ બેરહેમીથી ઘા ઝીકી પતાવી દીધા હતા. આ રીતે ડબલ મર્ડર કરી વાડીએ ભાગી ગયો હતો.

પાટણવાવ પોલીસ સાથે તપાસમાં એલસીબી, એસઓજીની ટીમો પણ જોડાઈ હતી. વાડી વિસ્તારમાં બનાવ બન્યો હોવાથી ત્યાં સીસીટીવી કેમેરાના અભાવે પોલીસનું કામ મુશ્કેલ બન્યું હતું. એલસીબી પીઆઈ જે.પી.રાવે અન્ય શકમંદો સાથે સુરેશની પણ ઘનિષ્ઠ પુછપરછ કરી હતી. આખરે તેણે ગુનો કબૂલી લેતા તેની ધરપકડ કરી હતી.

રાજકોટ: રાજકોટ રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું કે, આરોપી સુરેશ અને દુર્ગાના પ્રેમસંબંધ અંગે દુર્ગાના પરિવારજનો વાકેફ હતા. બંને વચ્ચે લગ્નની વાત પણ ચાલી હતી. પરંતુ દુર્ગાએ પોતાનો પરિવાર કહે ત્યાં જ લગ્ન કરવાની વાત કરી હતી. આ રીતે બંનેના લગ્ન શક્ય બન્યા ન હતા. દુર્ગાએ બે માસ પહેલા જ રોહીત સાથે લગ્ન કર્યા હતા.

# હથિયારની કાર્ટેલ:ચોટીલાનો શખ્સ બે પિસ્તોલ અને ત્રણ જીવતા કાર્ટિસ સાથે ઝડપાયો

રાજકોટ: રાજકોટની પીસીબીએ હથિયારની કાર્ટેલનો પર્દાફાશ કરી અન્ય આરોપીઓ સાથે જસદણના બોઘરાવદરના જયસુખ ઉર્ફે જેસો વાઘેલાને ઝડપી લીધો હતો. હવે તેણે આપેલા વધુ બે હથિયારો રાજકોટ રેન્જ પોલીસની ટીમે કબજે કરી ચોટીલામાં રહેતા નૃપેન્દ્ર મહેન્દ્રભાઈ પટગીરને ઝડપી લીધો છે.

રાજકોટ રેન્જ પોલીસના પીએસઆઈ બી.સી.મિયાત્રાએ ચોક્કસ બાતમીના આધારે ચોટીલા-આણંદપુર રોડ પરથી પસાર થયેલી ફોરચ્યુનર કારને અટકાવી તલાશી લેતા અંદરથી દેશી બનાવટની બે પિસ્તોલ અને ત્રણ જીવતા કાર્ટિસ સાથે નૃપેન્દ્ર મળી આવતા તેની ધરપકડ કરી હતી.

પ્રાથમિક પુછપરછમાં તેણે બંને હથિયારો અને કાર્ટિસ જયસુખ પાસેથી લીધાની કબૂલાત આપી છે. જેથી



જયસુખને વોન્ટેડ દર્શાવાયો છે. પોલીસ સુત્રોએ જણાવ્યું કે, અગાઉ આટકોટમાંથી એસઓજીએ બે હથિયારો પકડયા હતા ત્યારે પણ જયસુખનું નામ ખુલ્યું હતું. ત્યારબાદ તેને પીસીબીએ હથિયારના કેસમાં ઝડપી લીધો હતો. હાલ તે જેલની હવા ખાઈ રહ્યો છે.

ઝડપાયેલા આરોપી નૃપેન્દ્રએ શોખ ખાતર હથિયારો રાખ્યાની માહિતી મળી છે. ફોરચ્યુનર કાર તેના મામાની હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે ચોટીલા પોલીસમાં તેના વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવાયો છે.ઉલ્લેખનીય છે કે રાજકોટ પીસીબીએ હથિયાર કાર્ટેલનો પર્દાફાશ કરી અત્યાર સુધીમાં કુલ ૧૩ આરોપીઓની ધરપકડ કરી ૨૮ હથિયારો અને ૩૨ કાર્ટિસ કબજે કર્યા છે.

# બે મહિના પૂર્વે થયેલા સગીરાના અપહરણનો ભેદ ઉકેલાયો



રાજકોટ:

રાજકોટ જિલ્લાના જસદણ શહેરમાંથી ગત ૧૨ મે ૨૦૨૬ ના રોજ રહસ્યમય સંજોગોમાં ગુમ થયેલી સગીરાના અપહરણના ગુનાનો પોલીસે બે મહિનાની ભારે જહેમત બાદ પર્દાફાશ કર્યો છે. જસદણ પોલીસની ટીમે સઘન સર્ચ ઓપરેશન હાથ ધરીને અપહરણ કરાયેલી સગીરાને સુરક્ષિત રીતે મુક્ત કરાવી લીધી છે.પાળીયાદના ભાણગઢ નજીકથી મુખ્ય આરોપી જગદીશ ચૌહાણ ઝડપાયો

પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી મુખ્ય આરોપી જગદીશ રમેશ ચૌહાણને પાળીયાદના ધોલેરા વિસ્તારમાં આવેલા ભાણગઢ ગામ નજીકથી દબોચી લીધો હતો. આરોપી પોલીસથી બચવા માટે સતત ખેતીકામ કરીને પોતાના ઠેકાણા બદલતો રહેતો હતો. તપાસમાં સામે આવ્યું છે કે આરોપી અગાઉ પણ પોક્સો એક્ટ હેઠળ ગુનામાં બે વર્ષ જેલની સજા કાપી ચૂક્યો છે.

આ સમગ્ર ઓપરેશન રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરના સીધા માર્ગદર્શન હેઠળ છજી નવીન ચક્રવાતી, ફરૂજી શ્રીજીતા પટેલ અને એલસીબી સહિત સ્થાનિક પોલીસની ટીમોએ સાથે મળીને સફળ બનાવ્યું હતું. પોલીસે હાલ આરોપી સામે અપહરણ અને એટ્રોસિટી સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ટેમ્પો ટ્રાવેલરના ગુપ્ત ચોરખાનામાંથી ૨.૫૬ લાખનો વિદેશી દારૂ જપ્ત, ડ્રાઈવરની ધરપકડ

રાજકોટ:રાજકોટ ગ્રામ્ય LCBએ શાપર-વેરાવળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે પરથી લાખોની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહી નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલિપ્તરાય અને પોલીસ અધીક્ષક વિજયસિંહ ગુર્જરની સૂચનાઓ હેઠળ કરવામાં આવી હતી.

LCB ટીમને દારૂ-જુગારની પ્રવૃત્તિઓ અંગે પેટ્રોલિંગ દરમિયાન ખાનગી બાતમી મળી હતી. આ બાતમીના આધારે, પોલીસે ગોંડલથી રાજકોટ જતા નેશનલ હાઈવે પર કાંગશીયાળી ગામની સીમમાં ખોડીયાર હોટેલ પાસે દરોડો પાડ્યો હતો. પોલીસે ત્યાં પાર્ક કરેલી એક ફોર્સ ટેમ્પો ટ્રાવેલર (GJ-18-X-2992) અને પાયલોટિંગ માટે વપરાતી બોલેરો નીઓ કાર (GJ-16-FA-





5741)ની તલાશી લીધી હતી.

ટેમ્પો ટ્રાવેલરના છતમાં બનાવેલા ગુપ્ત ચોરખાનામાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૩૦૬ બોટલો મળી આવી હતી. જપ્ત કરાયેલા આ દારૂની કિંમત રૂ. ૨,૫૬,૯૨૦/- આંકવામાં આવી છે.

પોલીસે ઘટનાસ્થળેથી રૂ. ૨,૫૬,૯૨૦/-ની કિંમતની ૩૦૬ વિદેશી દારૂની બોટલો, રૂ. ૮,૦૦,૦૦૦/-ની ફોર્સ ટેમ્પો ટ્રાવેલર, રૂ. ૬,૦૦,૦૦૦/-ની બોલેરો નીઓ કાર, રૂ. ૧૦,૦૦૦/-નો એક મોબાઈલ ફોન અને રોકડા રૂ. ૬,૮૩૦/- સહિત કુલ રૂ. ૧૬,૭૩,૭૫૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે આ ગુનાના સ્થળેથી આરોપી નિલેશભાઈ ઈસરીયાભાઈ કલેશ (ઉંમર ૨૫, ધંધો-ડ્રાઈવિંગ, રહે. મધ્ય પ્રદેશ, હાલ રહે. અલીરાજપુર)ને ઝડપી પાડ્યો છે.

આ દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર અન્ય ત્રણ આરોપીઓ ભાયા બામણીયા (રહે. અલીરાજપુર), અંકેશ તોમર (રહે. અલીરાજપુર, દારૂનો જથ્થો મોકલનાર) અને પ્રકાશ કીરાડ (રહે. અલીરાજપુર) હાલ ફરાર છે. શાપર-વેરાવળ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરીને ફરાર આરોપીઓને પકડવા માટે વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ સફળ કામગીરી રાજકોટ ગ્રામ્ય LCBના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. રાવ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.સી. ગોહિલ, કે.એમ. ચાવડા, આર.વી. ભીમાણી, પી.એન. ભરવાડ, છજીૈ બાલકૃષ્ણ ત્રિવેદી, અમીતસિંહ જાડેજા, બ્રિજરાજસિંહ જાડેજા, રવીદેવભાઈ બારડ, હેડ કોન્સ્ટેબલ છત્રપાલસિંહ જાડેજા, અલ્પેશભાઈ રાઠોડ, કોન્સ્ટેબલ રણજીતભાઈ બોરડ, વીજયભાઈ ખડીયા, રસીકભાઈ જમોડ, ઘનશ્યામસિંહ જાડેજા અને ભાવેશભાઈ મકવાણા સહિતની ટીમે કરી હતી.

# શાપર વેરાવળમા પિસ્તોલ સપ્લાયર ઝડપાયો

## ગત સપ્તાહે પકડાયેલા આરોપીને હથિયાર પૂરું પાડ્યું હતું

રાજકોટ:કોટડા સાંગાણીના શાપર વેરાવળ નજીક ગેરકાયદેસર હથિયાર રાખવાના ગુનામાં પકડાયેલા આરોપીને હથિયાર પૂરું પાડનાર મુખ્ય સપ્લાયરની પોલીસે ધરપકડ કરી છે. ગત ૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ રાજુ અભેસિંગ નામનો આરોપી દેશી બનાવટની પિસ્તોલ સાથે ઝડપાયો હતો.

આ કેસમાં નાસતા ફરતા આરોપી રાકેશ ગણપત ડાવરા (રહે. ચનવાઈ ફળિયું, ચમર બેગડા, થાના જોબટ, જી. અલીરાજપુર, મધ્ય પ્રદેશ)ને શાપર વેરાવળ પોલીસે બાતમીના આધારે આણંદ જિલ્લાના તારાપુર ચોકડી નજીકથી ઝડપી પાડ્યો હતો.

પોલીસની આગવી ઢબે પૂછપરછ દરમિયાન, પકડાયેલા



આરોપી રાકેશે રાજુને હથિયાર આપ્યું હોવાની કબૂલાત કરી છે. પોલીસે હવે રાકેશે ગુજરાત રાજ્યમાં અન્ય કોઈ વ્યક્તિઓને ગેરકાયદેસર હથિયાર આપ્યા છે કે કેમ, તેમજ તે અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલો છે કે કેમ તે દિશામાં ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

# સાડીના કારખાનામાં ફાયર NOC વિના ધમધમતી સ્કૂલ!

## શહેરની ન્યૂ ફ્લોરા સ્કૂલમાં ૪૫૦ વિદ્યાર્થીઓ પર જીવનું જોખમ, મનપાની ફાયર શાખાએ નોટિસ ફટકારી મંજૂરીનો પ્લાન માંગ્યો




રાજકોટ:

રાજકોટના પેડક રોડ ઉપર આવેલી ન્યૂ ફ્લોરા સ્કૂલ મામલે કોંગ્રેસના ઝોનલ પ્રવક્તાએ સવાલો ઉઠાવ્યા બાદ અહીં ફાયર NOC ન હોવા મામલે મહાનગર પાલિકાના ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. આ સાથે સ્કૂલની મંજૂરીનો પ્લાન માંગવામાં આવ્યો છે. હાલ આ સ્કૂલ છેલ્લા બે વર્ષથી સાડીના કારખાનામાં પતરાના શેડ ઊભા કરી ધમધમે છે અને અહીં ફાયર સેફ્ટીના અભાવે ૪૫૦ વિદ્યાર્થીઓ પર જીવનું જોખમ ઊભું થયું છે.

આ ઉપરાંત ભક્તિનગર સર્કલ પાસે ૮૦ ફુટ રોડ ઉપર આવેલી અંબિકા વિદ્યાલયના પ્રાથમિકના વિદ્યાર્થીઓને યુનિવર્સિટી રોડ પર આવેલી પ્રીમિયર સ્કૂલમાં ભણાવવામાં આવતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બાબતે હાલ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ દ્વારા તપાસ ચાલી રહી છે ત્યારે આગામી સમયમાં આ બાબતે નવા ઘટસ્ફોટ થશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઝોનલ પ્રવક્તા રોહિત રાજપૂતે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં TRP ગેમ ઝોન અગ્નિકાંડ બાદ પેડક રોડ ઉપર ન્યૂ ફ્લોરા સ્કૂલ પાસે ફાયર NOC અને બિલ્ડીંગ યુઝ સર્ટિફિકેટ ન હોવાના કારણે મહાનગરપાલિકાએ સીલ કરી હતી. આજે અમને ત્યાં બીજી માહિતી એ મળી છે કે, સ્થળ ફેરફારની મંજૂરી વિના જ આ સ્કૂલ અન્ય જગ્યાએ ટ્રાન્સફર કરી દેવામાં આવે. આસપાસના સ્થાનિકોના કહેવા મુજબ, જે જગ્યાએ સાડીનું કારખાનું હતું ત્યાં પાર્ટીશન ઊભા કરી કોઈ પણ પ્રકારની મંજૂરી વિના સ્કૂલ શરૂ કરી દેવામાં આવી. છેલ્લા બે વર્ષથી આ સ્કૂલ ધમધમે છે છતાં મહાનગરપાલિકા કે શિક્ષણ વિભાગે અહીં તપાસ માટેની તસ્દી ન લીધી.

'હવે અમે જ્યારે રજૂઆત કરી ત્યારે મહાનગરપાલિકાએ ૧૮ જુલાઈના આ સ્કૂલને ફાયર NOC ન હોવા બાબતે નોટિસ ફટકારી છે. સાડીના કારખાનામાં દીવાલો ઊભી કરી પતરાના શેડ પર સ્કૂલ શરૂ કરી દેવામાં આવી છે. અહીં ૪૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેમની સલામતી પર મોટું જોખમ ઉભુ થયું છે. અહીં કોઈ અકસ્માત થાય તો તેના માટે જવાબદાર કોણ? અહીં એન્ટ્રી અને એક્ઝિટ એક જ છે. જે ફાયર વિભાગના નિયમોની વિરુદ્ધ છે.'

આ ઉપરાંત અમને ફરિયાદ મળી હતી કે, વિદ્યાર્થી ધોરણ ૭માં અભ્યાસ કરતો હતો, તેના લિવિંગ સર્ટિફિકેટમાં જે એડ્રેસ લખવામાં આવ્યું હતું. તેમાં અને રાજ્ય સરકારના UDIAS (યુનિફાઈડ ડિસ્ટ્રિક્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન)માં લખાયેલા સ્કૂલના એડ્રેસમાં વિસંગતતા હતી. જે બાદ અમે તપાસ કરી તો ખ્યાલ આવ્યો કે, શહેરના ૮૦ ફુટ રોડ ઉપર કોઠારીયા કોલોનીમાં અંબિકા વિદ્યાલય ચાલે છે. તેના વિદ્યાર્થીઓનું પ્રાઈમરી સેક્શન યુનિવર્સિટી રોડ પરની પ્રીમિયર સ્કૂલમાં ચાલે છે. જેથી પ્રીમિયર સ્કૂલ બોગસ એડમિશનો લેતી હોય આવી બોગસ સ્કૂલોને બંધ કરવાની સાથે બોગસ એડમિશનો રદ કરવા જોઈએ.

# રણુજા મંદિરમાં વૃધ્ધાનો રૂ.૧ લાખનો સોનાનો ચેન, બાલાજી મંદિરમાં બાળકના ગળામાંથી પેન્ડલ સેરવી લેવાયુ

રાજકોટ:

રાજકોટના કોઠારીયા રોડ ઉપરના રણુજા મંદિરમાં દર્શન કરવા ગયેલા વૃધ્ધાનો રૂ.૧ લાખની કિંમતનો સોનાનો ચેન અજાણ્યો સેરવી ગયો હતો તો ભુપેન્દ્ર રોડ ઉપરના બાલાજી હનુમાનજી મંદિરમાં પરિવાર સાથે પ્રસાદ લેવા માટે લાઈનમાં ઊભેલા બાળકનું સોનાનું પેન્ડલ અજાણી સ્ત્રી સેરવી લેતા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જેથી પોલીસે મંદિરમાં ભક્તોને નિશાન બનાવતા ચોરને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.રાજકોટના કોઠારીયા મેઈન રોડ ઉપર રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા જીતેન્દ્રસિંહ ઝાલાએ આજીડેમ પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ગત ૧૬ જુલાઈના ૧૭.૪૫ વાગ્યાની આસપાસ ૬૦ વર્ષીય માતા લીલાબા ઝાલા રણુજા મંદિરમાં દર્શન કરવા માટે ગયા હતા તે દરમિયાન ભીડનો લાભ લઈ અજાણ્યા શખ્સે માતાએ ગળામાં પહેરેલો રૂ.૧ લાખની કિંમતનો સોનાનો દોઢ તોલાનો ચેન સેરવી લીધો હતો.

જ્યારે બીજા બનાવમાં શહેરના શીતલ પાર્ક પાસે ક્રિસ્ટલ હાઈટ્સમાં રહેતા અને પ્રાઈવેટ નોકરી કરતા ૩૧ વર્ષના યુવાન ચેતનભાઈ સરવૈયાએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં અજાણી મહિલાનું નામ આપ્યું છે. પોતે તેના પત્ની તથા દીકરા સાથે ગત તા.૧૩ જુલાઈના રાત્રીના ૮ વાગ્યે બાલાજી હનુમાનજી દાદાના મંદીરમાં દર્શન કરવા માટે ગયા હતા ત્યારે પ્રસાદ લેવા માટે લાઈન ઉભા રહ્યા હતા. જે દરમિયાન દીકરાને નીચે ઉભો રાખ્યો હતો ત્યારે મંદીરમા ભીડનો લાભ લઈ એક અજાણી સ્ત્રી દીકરા હર્ષીલના ગળામા કાળી દોરીમા પહેરેલ સોનાનુ રૂ.૨૫ હજારની કિંમતનું "ઓમ" લખેલું પેન્ડન્ટ સેરવી ગઈ હતી. જે અંગે એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### સ્નાનઘાટનો કોન્ટ્રાક્ટ રાખ્યાનો ખાર રાખી કોન્ટ્રાક્ટરને પિતા-પુત્રએ માર માર્યો

રાજકોટના કાળીપાટ ગામે ગ્રામ પંચાયત હેઠળ આવતા અનુસૂચિત જાતિ વિસ્તારના સીસી રોડ અને સ્નાનઘાટનો કોન્ટ્રાક્ટ વાવડી ગામે રહેતા અર્જુનભાઈ સિંધવે રાખ્યો હતો. આ દરમિયાન કાળીપાટ ગામે રહેતા ગાંગજીભાઈ ચાંડપા અને તેના પુત્ર નિકુંજને સરકારી પ્લોટમાંથી સામાન લઈ લેવાની કહ્યું હતું કે જોકે તે તેમને પસંદ ન હોવાથી કોન્ટ્રાક્ટરને ગાળો આપી તેની સાથે ઝઘડો કર્યો હતો અને ઝાપટો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જોકે આ અંગે કોન્ટ્રાક્ટર દ્વારા આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# મહિલાને મામાજીની દીકરી, તેના પતિ - સાસુએ માર માર્યો

રાજકોટ:

રાજકોટના હડમતીયા ગોલીડા ગામે રહેતા ૨૨ વર્ષીય કશીસબેન રવિગીરી ગૌસ્વામીએ આજીડેમ પોલીસ મથકમાં આ જ ગામમાં રહેતા હિતેશ ભુપતભાઈ હુંબલ, લીપ્સાબેન હિતેશભાઈ અને ભાવનાબેન ભુપતભાઈ હુંબલ સામે ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ગત ૧૬ જુલાઈના ૧૮.૩૦ વાગ્યે દક્ષાબેન વિનોદભાઈ સાથે હતા ત્યારે મામાજીની દીકરી લિપ્સાબેન અને તેની સાથે પ્રેમ લગ્ન કરતા હિતેશભાઈ હુંબલ ત્યાં આવ્યા હતા અને તેની સાથે તેના માતા ભાવનાબેન હુંબલ પણ આવ્યા હતા. જે બાદ કહ્યું હતું કે તમે મારી પત્નીને ગામમાં કેમ સામે મળવાની ના પાડો છો ? આમ કહી બોલાચાલી કરી ગાળો આપી હતી અને એક પાટુ મારી દીધી હતી અને ત્યારબાદ લાકડીનો એક ઘા જમણા પગે મારી દેતા કશીશબેનને ફ્રેક્ચર જેવી ઈજા પહોંચી હતી. આ સાથે જ કહ્યું હતું કે જો તું મને ગામમાં મળીશ તો જાનથી મારી નાખીશ. જોકે પોલીસ ફરિયાદ નોંધાતા તપાસતા ચક્રો ગતિમાન કરાયા છે.

# લગ્નના ૧૭ વર્ષ બાદ પતિએ મહિલાને તરછોડી

## 'તારી સાથે રહેવું નથી', સાસુએ છૂટ્ટું કરવાનું કહી હાથ મરડ્યો; દિયરે ભૂવાને ઘરે બોલાવ્યો હતો

રાજકોટ:રાજકોટના દેવપરામાં લગ્નના ૧૭ વર્ષ બાદ મહિલાને 'તારા જેવી સાથે રહેવું નથી', તેમ કહી પતિએ પત્નીને તરછોડી દીધી. જેથી માવતરે રહેતી પરિણીતાને પતિ, સાસુ અને દિયર ઘરકામ બાબતે બોલાચાલી કરી માર મારી સાસુએ 'મારા દીકરાને છૂટું આપી દે' કહી હાથ મરડી ફડાકા માર્યા હતા. દિયરે આવીને 'ઘરમાં રખાય જ નહીં' કહી ઝઘડો કરતા પરિણીતાએ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.દેવપરા વિવેકાનંદ શેરી નં.૮માં પિતાના ઘરે રહેતી પરિણીતા બિમલબેન કારેલીયાએ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પતિ રવિન્દ્ર જેન્તીભાઈ કારેલીયા, સાસુ અરુણાબેન કારેલીયા અને દિયર લખન કારેલીયા (રહે. તમામ ગોંડલ, ભવનાથ ૦૨, શેરી નં.૫)નું નામ આપી જણાવ્યું હતુ કે, તેના લગ્ન વર્ષ ૨૦૦૯માં રવિન્દ્ર કારેલીયા સાથે થયા હતા. પતિ ફેબ્રિકેશનનું કામ કરતો હતો. સંતાનમાં એક દીકરી અને બે દીકરા છે.

લગ્ન બાદ પરિણીતા પતિ સાથે ગોંડલ રહેવા જતી રહી હતી. સંયુક્ત કુટુંબમાં ૬ વર્ષ સાથે રહ્યા બાદ પતિ અને બાળકો સાથે પરિણીતા શાપર ગામે ભાડાનું મકાન રાખી બે વર્ષ રહ્યા હતા. જે બાદ શાપર ગામે જે. કે. ફૂડ પ્રોડક્ટ્સ નામે પોપ ચિપ્સનું કારખાનું કર્યું હતુ. જેમાં પરિણીતા પ્રોપરાઈટર તરીકે કામ કરતી હતી અને કારખાના પર લોન લીધી હતી. ૨૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ રાત્રિના પરિણીતા ઘરે હતી, ત્યારે પતિએ ઘરકામ બાબતે ઝઘડો કરી ઢીકાપાટુનો માર મારી ઘર છોડીને ચાલ્યા ગયા હતા. સમાજ મારફતે સમાધાન કર્યા બાદ ૧૮ દિવસે પતિ ઘરે પરત ફર્યા હતા.પરિણીતા અને બાળકો કારખાનામાં કામ કરતા હતા, ત્યારે તેના દીકરાનો હાથનો અંગૂઠો મશીનમાં આવી જતા સિવિલ હોસ્પિટલે સારવાર કરાવી હતી. સારવાર બાદ ૧૨ જૂનના હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ પતિને ફોન કરતા તેને ફોન ઉપાડ્યો ન હતો. રાત્રિના આઠ વાગ્યે આસપાસ પતિ ઘરે આવી કપડાં ભરવા લાગ્યો હતો, જેથી રસોઈ થઈ ગઈ હોવાથી તેને જમવાનું કહેતા પતિએ કહ્યું હતું કે, મારે તારા જેવી સાથે રહેવું નથી. તું મને રોકતી નહીં, નહી તો ઝઘડો થઈ જશે તેમ કહી પરિણીતાને ઢીકાપાટુનો માર માર્યો હતો.

બચાવ કરવા બાળકો વચ્ચે પડતા તેને પણ પતિએ પછાડી દીધા હતા. જે બાદ પતિ ઘર છોડી ચાલ્યો ગયો હતો. આ બનાવ બાદ પરિણીતા બાળકો સાથે પિતાના ઘરે રાજકોટ આવી ગઈ હતી. ૩ જૂનના દીકરાની સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં હતા, ત્યારે સાસુએ ફોન કરી ગોંડલ બોલાવી હતી. ગોંડલ ઘરે જતા દિયર લખન ભૂવાને તેડીને ઘરે આવ્યા હતા. ભૂવાએ જોવાનું કામ કર્યા બાદ દિયર તેને મૂકવા જતા હતા, ત્યારે બોલતો ગયો હતો કે, આવીને છૂટું દઈ દેવાય, આવી સાથે રહેવાય નહીં. ભૂવાના ગયા પછી સાસુએ પરિણીતાને રૂમમાં બંધ કરી કહ્યું હતું કે, તમે મારા દીકરાને છૂટું આપીશ કે હું છૂટું કરાવું? તેમ કહી પરિણીતાનો હાથ મરડી ફડાકા માર્યા હતા.તે સમાજમાં વાત કરી અમારી આબરૂ કાઢી છે તેમ કહી વધારે માર માર્યો હતો. મકાન અને કારખાના પર લોન લીધી હતી, જે લોનના હપ્તા ન ભરાતા પતિને વાત કરતા તેને કહ્યું હતું કે, બાળકોની ફી અને હપ્તા નહીં ભરાય જે કરવું હોય તે કર. મારા માટે બાયડી, છોકરા મરી ગયા છે. પરિણીતાએ આ બાબતે પિતાને વાત કર્યા બાદ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં પતિ, સાસુ અને દિયર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.